ડિસેમ્બર-૨૦૨૪
વર્ષ : ૧૭
અંક : ૦૬
મુલ્ય : રૂા. ૪૦/-

સહ વીર્યં કરવાવહૈ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા સંચાલિત સમાજનું મુખપત્ર

# સેતુ સમાજ સંદેશ

Unity is our Strength (માસિક)



અંજાર મધ્યે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત શ્રી કે.જી.કે. વૉકેશ્નલ એજ્યુકેશન કોલેજના શુભારંભની તસવીર.




કેંજોરગઢ ઘટક આયોજીત નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત ઓડિસાના મુખ્યમંત્રી શ્રી મોહનચરણ માંઝી તથા અન્ય વિશેષ અતિથિઓનું સન્માન કરતા ઘટકના પદાધિકારીશ્રીઓ...

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા વાર્ષિક અધિવેશન - રાયપુર

### અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**તા. ૨૫, ૨૬, ૨૭ ડીસે. ૨૦૨૪ – બુધ, ગુરૂ, શુક્રવાર**

*If undelivered please return to :*
**Setu Samaj Sandesh**
C/o. Shree K.G.K. Samaj Bhavan
Nr. Townhall,
ANJAR - KUTCH 370 110.
Ph. : (02836) 246511

RNI NO. GUJ GUJ / 2008/25938
Postal Registration No. G-KCH-185/2023-2025
Posted at S.O. BHUJ on 2nd of Every Month.







Late Karmsinh Madhavji Tank
(Sinogra)

**Mr. Prafulchandra K. Tank**
Mob: +91 9825053258

**Mr. Kishan P. Tank**
Mob: +91 9925811599

KCI

# KARMA CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES

**RHODAMINE B 540%**

Basic Violet 10 & Other Qualities

**BASIC RHODAMINE B BASE**

BASIC DYES FOR

**Paper, Textile Printing & Leather**

**Factory** : 67/6, Phase 1, G.I.D.C ,Vatva.
Ahmedabad-382445 , ph:079-25890110

**Residence** : 21,22/D Ramkrishna Soc; Near Aavkar hall; Maninagar;
Ahmedabad-380008. ph:079-25462812

**E-mail** : karmachemical@gmail.com, tankishan5115@gmail.com

|| વિદ્યાદાન મહાદાન || || પરમ પૂજ્ય શ્રી ગંગા મૈયા ધ્રુવ સ્મૃતિ || || સા વિદ્યા યા વિમુક્તયે ||

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. 30/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ - કચ્છ) ૩૭૦ ૧૦૫. ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

કન્યા કેળવણીના ક્ષૈત્રે ભારત વર્ષમાં આપણા સમાજનું એકમાત્ર છાત્રાલય કુકમા (કચ્છ) મુકામે સમાજબંધુઓના સહયોગથી બંધારણીય રીતે સ્થાપવામાં આવેલ છે. દેશ-પરદેશ વસતા શુભેચ્છકો તથા ઉદાર દિલ દાતાશ્રીઓના સહયોગથી તેમજ નિષ્ઠાવાન કાર્યકર્તાઓની જહેમતથી છાત્રાલયનું સંચાલન સુચારૂ રૂપે થઇ રહ્યું છે. હાલે ધો. ૫ થી

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842માં જમા કરાવી માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલ કુંવરજીભાઇ ચૌહાણ મો. 09427767810ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

દર મહિનાની ૨જી તારીખે પ્રસિદ્ધ થતું માસિક

(Subject To Anjar Jurisdiction Only)

સમાજના શીલ, શિક્ષણ અને સહકારનું માસિક

# સેતુ સમાજ સંદેશ

સંસ્થાપક અને આદ્યતંત્રીશ્રી : વૈદ્યરાજ સ્વ. પ્રાગજીભાઈ મોનજીભાઈ રાઠોડ

વર્ષ : ૧૭ અંક : ૦૬ ડિસેમ્બર-૨૦૨૪



માલિક એવં પ્રકાશક :
'સમાજરત્નશ્રી'
વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી
પ્રમુખશ્રી, મહાસભા (માધાપર-કચ્છ)

: પ્રેરણા સ્ત્રોત :

'સમાજરત્ન'



સ્વ. હિરજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
રત્નાગીરી (મહારાષ્ટ્ર)

'સમાજ સંરક્ષક'



શ્રી ભરતભાઈ કાંતિલાલ સાવરિયા
રાયપુર (છત્તીસગઢ)

:: માનદ્ તંત્રી ::



ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી
ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ)
M. 9825428100

:: મેનેજીંગ તંત્રી ::



હિતેશ ભોગીલાલ ચૌહાણ
63-65 / B, બંસરીવિલા, ગામ : મેઘપર કુંભારડી,
અંજાર (કચ્છ) 370 110.M. 9067292827

:: પ્રિન્ટીંગ, પોસ્ટીંગ અને ખાતાકીય કાર્ય ::



વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ
ભુજ (કચ્છ)

:: આર્થિક સલાહકાર ::



વિનોદભાઈ શાંતિલાલભાઈ જેઠવા
અંજાર (કચ્છ)

:: માર્ગદર્શક - સંયોજક ::



વિનોદભાઈ કેશવજીભાઈ પઢિઆર
અંજાર (કચ્છ)

## નવા વર્ષથી સદ્ભાવ કેળવીએ... ''સમાજ ઉત્કર્ષ કરીએ...''

આપણે સૌ દિપાવલીના પાવન તહેવારો મનાવી નૂતન વર્ષમાં પ્રવેશ કર્યો. આપણે સૌએ દરેક લોકો દ્વારા પરશસ્પર નવવર્ષમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને નિરોગી કાયાની શુભેચ્છારૂપી ભાવ પ્રગટ કરી અર્પણ કરેલ. પરંતુ આ શુભેચ્છાઓ દેવા કે ભાવ પ્રગટીકરણથી તેની ફળશ્રુતિ સંભવ નથી. વર્ષ દરમ્યાન આપણે સૌ આપણે ભાવનો નિર્વાહ અરસ-પરસના વ્યવહારોથી કરવો જરૂરી છે. માત્ર શુભકામનાઓ આપીએ અને પરસ્પરના સંબંધ મજબુત બનાવવા સમર્પણ, જતું કરવું, સહયોગ-સંપર્ક, જો આપણા વ્યવહારમાં ના હોય તો આ પ્રકારની શુભકામનાઓ માત્ર ઔપચારીકતા બની રહે તેનું ફળ મળે નહીં.

નાની-નાની ભૂલો કાર્ય કરતી વખતે થાય ત્યારે ધ્યાન દોરવાની ફરજ જરૂર છે પરંતુ આવી નાની ભૂલોને લઇને મોબાઇલ પર વોટ્સએપમાં યુદ્ધની જેમ સંવાદ, સંઘર્ષનું વાતાવરણ જોવા મળતું હોય છે. ક્ષતિ માટે પર્સનલ ફોન કરી વાતચીત દ્વારા જેટલું સમાધાન સંભવ છે તેવું જાહેર મિડિયામાં ચેટ કરવાથી સંભવ નથી એવી સમજણ જરૂર છે. સમાજમાં અન્ય લોકો અકારણ આમાં જોડાઇ સમજ્યા-વિચાર્યા વગર અંગત મતભેદના બદલાનાભાવથી આ આગમાં ઘી હોમવાનું થાય છે. અકારણ જોડાઇ પક્ષાપક્ષી, ગ્રુપ બને છે. એની સમાજની ભાવના, સંગઠનમાં તેની નેગેટીવ અસર થાય છે. સમાજને નુકશાન થાય છે. સમાજમાં કાર્યકર્તાએ કેટલીક મર્યાદાનું પાલન કરવું જરૂરી છે.

(૧) પ્રથમ એ સમાજના કામ માટે વ્યક્તિ નથી. તે સમાજ પ્રતિનિધિ છે તે મુજબ વર્તન વ્યવહાર અપેક્ષિત છે. (૨) તે પદાધિકારી તરીકે કોઇપણ પ્રકારના વાણી, વર્તન કે વ્યવહારથી નિયંત્રિત છે, તે સ્વતંત્ર નથી. (૩) તે સમાજના લક્ષ્ય માટે સમર્પિત છે. સમર્પણ ભાવ પ્રાથમિક છે. (૪) સમાજનું લક્ષ્ય સંગઠન છે જેથી પદાધિકારી જોડનારની ભૂમિકા કરે તે જરૂરી તોડવાની નહીં. (૫) સમાજ ઉત્કર્ષ, લક્ષ્ય માટે સતત પ્રયત્નશીલતા હોવી જરૂરી છે. માત્ર પદ પર હોવું નહીં. (૬) સમાજ કાર્ય માટે નક્કી થયેલ બંધારણ, પદ્ધતિઓનું પાલન કરતે કરતે કાર્ય કરવું. આના ભંગ કરવાની વ્યક્તિગત સત્તા નથી. (૭) સમાજ કાર્યમાં સામુહિક નિર્ણય પ્રક્રિયા જ્યાં જરૂરી નિશ્ચિત થયેલ હોય તે નિર્ણય સામુહિક રીતે જ લેવા. (૮) સામાજીક કાર્ય નિશ્ચિત પ્રક્રિયા મુજબ જ કરાય તે માટે મોડું થાય તો થાય પણ પ્રક્રિયા છોડી ના શકાય. ઉતાવળમાં પ્રક્રિયા ભંગ આપવાની ઇમરજન્સી સિવાય ના હોઇ શકે. (૯) સમાજ કાર્યમાં દરેક નાનામાં નાના લોકોનું સન્માન જાળવતા જાળવતા કાર્ય કરાય કોઇનું પણ અપમાન કે અસભ્ય વર્તન ચાલી શકે નહીં. કોઇને કોઇનું અપમાન કરવાનો અધિકાર કોઇપણ પદાધિકારી કે સભ્યોને નથી. (૧૦) સમાજ કાર્યમાં આર્થિક બાબતમાં ખુબજ જવાબદારી પૂર્વક નિયમિત હિસાબ આપવાની પદ્ધતિથી જ કાર્ય કરવું જોઇએ. (૧૧) પદાધિકારીઓએ સમાજને લાગુ પડતા તમામ સરકારી કાયદાનું પાલન કરવું અને સાથીઓ પાસે કરાવવું એ તમામની જવાબદારી છે. (૧૨) પદાધિકારીઓને આવા બંધારણ કે સરકારી કાયદાનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી છે. આમ, આપણે સૌ કાર્યકર્તા તરીકે સમાજમાં કામ કરતી વખતે ઉપર મુજબના બિંદુઓ જવાબદારીપૂર્વક સ્વીકારી તે માટેની તત્પરતા, સ્વૈચ્છીક સ્વીકૃતિથી પાલન કરવામાં આવે તો સમાજ ઉત્થાન, સમાજ લક્ષ્ય, સમાજ ગૌરવ જરૂરથી કરી શકીએ અને આ દિપાવલીની શુભકામનાઓ અરસ-પરસ જે દરેક વ્યક્તિને આપી છે તેના માટે સમાજનું આ પાવન કાર્ય સમગ્ર સમાજના એક એક વ્યક્તિના સુખ, શાંતિ, સમૃદ્ધિ, નિરોગીતા પ્રાપ્ત કરવાનો ઉત્તમ પ્રયાસ સંભવ છે. અન્યથા માત્ર ઔપચારીકતા. આપણે આશા રાખીએ આ નવવર્ષની શુભકામનાઓમાં ભગવાન તો કૃપા કરશે જ પરંતુ આપણે પણ શુભ ભાવથી પ્રયત્ન કરીએ. 'જય સમાજ' ''સબકા મંગલ હો...''

માનદ્ તંત્રીશ્રી

મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી)
સમાજ ભવન,
ટાઉન હોલ પાસે,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦

વાર્ષિક લવાજમ : ₹ ૫૦૦
આજીવન લવાજમ : ₹ ૩૦૦૦

મહાસભા વેબસાઇટ
app.kgksamaj.org

રકમ કોઈપણ HDFC Bank - Anjar ની શાખામાં
"Shree K G K Samaj Mahasabha - Setu Samaj" ના
Saving A/c. No. 50100707870901 IFSC Code -HDFC0008795 માં ભરી શકાય છે.
E-mail : setusamaj@gmail.com

ખાસ નોંધ : ★ સરનામામાં ફેરફાર અથવા સુધારા-વધારા તેમજ વિજ્ઞાપન બાબતે જાણકારી મેળવવા માટે 9067292827 નંબર પર S.M.S. / Whatsapp કરવા વિનંતી. મેસેજમાં ગ્રાહક નંબર, પુરૂ નામ - સરનામું લખવું અનિવાર્ય છે. ★ સેતુ સમાજ સંદેશમાં પ્રકાશીત થતા અહેવાલ, વિચાર, પત્ર, જાહેરખબર, લેખ વગેરેની વિગત સાથે તંત્રીશ્રી, મહાસભાના પદાધિકારીઓ સહમત હોય એ જરૂરી નથી. વિગતને લખનારના વ્યક્તિગત વિચારો સમજવા.

|| જય સિયારમ ||



# જન્મદિન શુભેચ્છા / ઋણ સ્વીકાર

|| જય સિયારમ ||



## ‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી

**(પ્રમુખશ્રી, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા)**

**જન્મ તારીખ : ૨૦/૧૧/૧૯૫૬**



આપણા સમાજના હૃદય સમ્રાટ...
ધર્માનુરાગી, સેવાભાવી અને ઉદારીદિલ દાતાશ્રી...
શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, કન્યા છાત્રાલય - કુકમા તથા
નૂતન કેળવણી મંડળના સન્માનનિય પ્રમુખ... સમાજ ઉત્કર્ષના દરેક આયોજનો
અને કાર્યોના પાયાના પત્થર... પરમ આદરણીય

**‘સમાજરત્ન’ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીજી**

**ને તેમના ૬૯મા જન્મદિન શુભ અવસરે**

સમસ્ત સમાજબાંધવો વતિથી હૃદયપૂર્વકની શુભકામનાઓ...
આપ સ્વસ્થ, તંદુરસ્ત અને દિર્ઘાયુ બનો...
આપનું જીવન સદા પુલકિત બની રહે...
સેવાના દરેક ક્ષેત્રને આપની છત્રછાયા મળતી રહે...
તેવી કુળદેવી શ્રી મોમાય માતાજી અને
ઈષ્ટદેવ પ્રભુ શ્રી રામજીને અંતરથી પ્રાર્થના...
જય સિયારામ... જય સમાજ...





**: જન્મદિન શુભ અવસરે સમાજરત્નશ્રી તરફથી જાહેર થયેલ સેવાદાનની યાદી :**

| | |
|---|---|
| રૂા. ૫૧,૦૦૦ | શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા ‘સંજીવની’ સમિતિ |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા ‘અભિલાષા’ સમિતિ |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા ‘અન્નપુર્ણા યોજના’ સમિતિ |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કન્યા છાત્રાલય – કુકમા |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી નૂતન કેળવણી મંડળ – માધાપર |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – માધાપર ઘટક |
| રૂા. ૧૧,૦૦૦ | શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ – અંજાર ઘટક |



**જન્મદિન શુભ અવસરે સમાજસેવાના વિવિધ કાર્યો કરતી ઉપરોક્ત સંસ્થાઓને ઉદારદિલ દાન આપવા બદલ ‘સમાજરત્નશ્રી’નો હાર્દિક ઋણ સ્વીકાર... આભાર...**

**राम नाम में लीन है... देखत सब में राम ।**
**समाजरत्न को वंदन है... विनोदभाई जीनका नाम ।।**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - ભુજ ઘટક

સહ વીર્યં કરવાવહૈ

## સ્નેહમિલન તથા અન્ય કાર્યક્રમોની તસવીર ઝલક... તા. ૧૦/૧૧/૨૦૨૪

**જ્ઞાતિ પ્રસાદના દાતા શ્રીમતી રીટાબેન તથા શ્રી વિનોદભાઈ લીલાધરભાઈ ચૌહાણ - ભુજ**





























# અંજારને આંગણે યોજાયેલ નવરંગ નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ની તસવીરો..



# અંજારને આંગણે યોજાયેલ નવરંગ નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ની તસવીરો..



# રાયપુર મહિલા મંડળ આયોજીત સ્વર્ણ જયંતિ (૫૦ વર્ષ) મહોત્સવની તસ્વીરો



Reg. No. : S/12386 of 1972-73 West Bengal Societies Act - XXVI of 1961

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



પ્રમુખશ્રી મહાસભા
'સમાજરત્ન'
શ્રી વિનોદભાઈ પુરૂષોતમભાઈ સોલંકી
જુનાવાસ, પો. માધાપર, તા. ભુજ (કચ્છ) 370 020
Mob. 9925229079

સહ વીર્યં કરવાવહૈ

વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા
શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર
'ખોડિયાર કૃપા' પ્લોટ નં. 8,
કામધેનુ સોસાયટી-1, અંજાર (કચ્છ) 370 110
Mob. 09408244644



**Regd. Office : 22, Hysham Road, Kolkata - 700 020 (W.B.)**
**Main Office :** Shri Kshatriya Gyati Sewa Samiti, Opp. Satkar Hotel, Civil Station Road, Po. Raipur (C.G.) 492009. **Ph./Fax : 0771 - 4098024**
**ANJAR Office :** Shop No. 5, Balaji Chambers - 2, Below Hotel Payal, Po. ANJAR (Kutch) 370 110, **Mob. 9978790488**
**Madhapar Office :** Shree Ram Group of Industries, Juna Vaas, Main Bazar, Po. Madhapar (Bhuj-Kutch) 370020, **Mob. 9925229079**

## પ્રમુખ સ્થાનેથી...

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાનું વાર્ષિક અધિવેશન તા. ૨૫,૨૬,૨૭ ડિસેમ્બર-૨૦૨૪ દરમ્યાન રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી મળી રહ્યું છે ત્યારે સર્વે પદાધિકારીઓ, કાર્યવાહક સભ્યો, આમંત્રિત સભ્યો, યુવા-મહિલા મંડળના સર્વે કાર્યવાહક સભ્યો, કાર્યકર્તાઓ અને જ્ઞાતિજનોને સમાજબંધુઓના વિશાળ ભવ્યાતિભવ્ય મેળાવડાને માણવા અને રાયપુર ઘટકના ૧૭૧ પોથી શ્રીમદ્ સમુહ ભાગવતજીના અભૂતપૂર્વ આયોજનને સફળ બનાવવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

અધિવેશન અને સમુહ ભાગવતજીની સાથે સાથે સમાજમાં સગપણની સમસ્યાના ઉકેલ માટે પરિણામલક્ષી સગપણ સંમેલનનું આયોજન પણ કરવામાં આવેલ છે. સૌ સમાજબંધુઓને તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

ગત મહિને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે વૉકેશનલ એજ્યુકેશનની કોલેજનો શુભારંભ કરવામાં આવ્યો છે. શિક્ષણની જ્યોત જલતી રાખવાના આપણા વડિલોના પ્રયાસોમાં વધુ એક પીંછું ઉમેરાયું છે. એમ કહેવામાં જરાય અતિશ્યોક્તિ નથી. કેળવણી મંડળના સુત્રધારોની અથાગ મહેનતથી યુનિવર્સિટી સાથે સંલગ્ન વ્યવસાયીક સજ્જતાના અભ્યાસક્રમો આપણા સમાજના વિદ્યાર્થી ભાઇ-બહેનોને વ્યવસાય તરફ આકર્ષવ માટે આપણા વડિલોના વ્યવસાય તરફના અભિગમને સાર્થક કરવા જરૂરી બળ પુરૂં પાડશે તેવી હાર્દિક શુભકામના પાઠવું છું. સાથે સાથે કેળવણી મંડળના પદાધિકારીઓ અને અંજાર ભવનના હોદ્દેદારોને આ પ્રવૃતિતને વેગ આપવા માટે સતત પ્રયત્નશીલ રહે તેવો અનુરોધ કરૂં છું.

વારાણસી બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ સમાજબંધુઓના અધિકારો અશિસ્તના બિંદુઓ અને તેને અનુરૂપ કરવાના કાર્યની માર્ગદર્શિકા તૈયાર થઇ રહી છે. આવતી કારોબારી મીટીંગમાં તેને સભ્યો સમક્ષ મુકતા વધુ સજ્જતા કેળવવાનો પ્રયાસ કરીશું. ભારતભરના દરેક ઘટકોમાં વસવાટ કરતા આપણા સમાજબંધુઓ અરસપરસની ચર્ચા કરી સમાજ ઉત્કર્ષના કાર્ય અંગે ચર્ચા કરે અને વધુ લાભાન્વીત થાય એક ઘટકન સર્જનાત્મક- રચનાત્મક અને સમાજ સંગઠનની માહિતિ બીજા ઘટકના લોકોને પણ પ્રોત્સાહિત કરે તે જરૂરી છે અને વોટ્સએપના માધ્યમથી દરેક ભાઇ-બહેન સંપર્કમાં રહે તે પણ જરૂરી છે પરંતુ મોટા ભાગે રચનાત્મક નહીં પણ ખંડનાત્મક ચર્ચાઓ સર્જનાત્મકને બદલે વિઘટનની ચર્ચાઓ અને સંગઠનાત્મક નહીં પણ વ્યક્તિગત અહમને પોષણ આતી ચર્ચાઓ વધુ થાય છે. જેનું ચિંતન જરૂરી છે. જ્યારે જ્યારે કોઇ કાર્યકર્તા કે હોદ્દેદારથી નાની સરખી ભુલ થાય ત્યારે તેની અપરિપક્વતાના દર્શન કરાવા હોડ લાગે છે. પરંતુ દરેકે એ વિચારવું રહ્યું કે હું તેમની જગ્યાએ હોઉં તો ભુલ સંભવ નથી ? મેં મારી જીવનયાત્રામાં એકેય ભૂલ નથી કરી ? કાર્યકર્તાની ભુલને સ્વીકારી તે ભુલ ફરી ના થાય તેવું પ્રોત્સાહક પીઠબળ આપવા માટે આપણે આજ સુધી ઉદારતા દાખવી છે ખરી ? વિચારજો જે કાર્ય કરશે તે ભુલ કરશે તે ભુલને સ્વીકારી આગળ વધશું તો જ ઉત્કૃષ્ઠ કાર્યકર્તાઓ આગળ આવી સમાજસેવાના યજ્ઞમાં પોતાનું યોગદાન આપી શકશે. દરેકે દરેક સમાજબંધુઓને આ લેખના માધ્યમથી ખાસ વિનંતી કરૂં છું કે, જ્યારે જ્યારે આવી કોઇ ઘટના બને ત્યારે મીડિયાના માધ્યમથી તેની ચર્ચા કરવાને બદલે મારૂં ધ્યાન દોરશો અને મારા કાર્યમાં અને ભગવાન શ્રીરામના આશિર્વાદમાં શ્રદ્ધા રાખશો તો જરૂરથી બધા સામાજીક પ્રશ્નોનું નિરાકરણ લાવવાના અમારા પ્રયત્નોને આપ સૌના આશિર્વાદ અને બળ મળી રહેશે.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

સહ વીર્યં કરવાવહૈ

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

# મહાસભાની કાર્યવાહક સમિતિ સભાની સૂચના

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ... જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની કાર્યવાહક સમિતિની બેઠક છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૫/૧૨/૨૦૨૪, બુધવાર, સમય : સાંજે ૪.૦૦ થી ૭.૦૦ કલાક સુધી**
**તા. ૨૬/૧૨/૨૦૨૪, ગુરૂવાર, સવારે ૧૦.૦૦ થી ૧.૦૦, બપોરે ૪.૦૦ થી ૭.૦૦ કલાક સુધી, સ્થળ : રાયપુર (છ.ગ.)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું ઉદ્‌બોધન
★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો
★ આવેલ સુચન-સુઝાવો પર ચર્ચા-વિચારણા અને નિર્ણય
★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતિથી અન્ય રજુઆત
★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**નોંધ :** ઉપરોક્ત સભામાં વિચારણાર્થે કાર્યવાહક સભ્યશ્રીઓ દ્વારા મોકલાવવામાં આવતા સુચનો અને સુઝાવો **(વધુમાં વધુ ત્રણ સુઝાવો પ્રતિ પ્રતિનિધિ) તા. ૧૫/૧૨/૨૦૨૪** સુધી **મહામંત્રી શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆરને મહાસભાના અંજાર કાર્યાલયના સરનામે** મોકલાવવા વિનંતી છે. સભામાં રજુઆત માટે સંબંધિત પ્રતિનિધિએ ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે. સુચનો અને સુઝાવોને કાર્યના રૂપમાં કેમ પરિપૂર્ણ કરી શકાય અને તે કરવા આપશ્રીનો શું સહયોગ રહેશે તેવી રૂપરેખા પણ મોકલાવવી જરૂરી છે.

**વિશેષ નોંધ :– મહાસભાની દરેક પ્રાદેશિક સમિતિએ પોતાના વિસ્તારના પ્રતિનિધિઓની મીટીંગ બોલાવી અહેવાલ અને સુચનો લેખીતમાં લાવવા.**

**સરનામું : શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર – મહામંત્રીશ્રી મહાસભા**
**શોપ નં. ૫, બાલાજી ચેમ્બર્સ–૨, હોટલ પાયલ નીચે, પો. અંજાર (કચ્છ–ગુજરાત) ૩૭૦૧૧૦. મો. ૯૯૭૮૭૯૦૪૮૮**

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## વાર્ષિક અધિવેશન તથા અખિલ ભારતીય વિરાટ સગપણ સંમેલન

**રાયપુર (છત્તીસગઢ)**

# મહાસભાની વાર્ષિક સામાન્ય સભાની સુચના – આમંત્રણ

પ્રતિશ્રી,

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાના સલાહકાર મંડળના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કાર્યવાહક સમિતિના સૌ સમ્માનનીય સભ્યશ્રીઓ, માનદ્ સભ્યશ્રીઓ તથા વિશેષ આમંત્રીત સભ્યશ્રીઓ તથા સર્વે ઘટક પ્રતિનિધિઓ, મહાસભાની બન્ને પાંખો, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ તથા શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.યુવા મહામંડળના સર્વે પદાધિકારીશ્રીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓ...

જય સમાજ સહ નિવેદન છે કે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની વાર્ષિક સામાન્ય સભાની બેઠક છત્તિસગઢ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા રાયપુર ઘટકના સ્નેહમય આમંત્રણથી નિમ્નલિખિત સમયે અને સ્થળે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના અધ્યક્ષપદે આયોજીત કરવામાં આવેલ છે. જેમાં આપ સૌ મહાનુભાવશ્રીઓ અનિવાર્યપણે ઉપસ્થિત રહી સમાજહિતના પુનિત કાર્યમાં સક્રિય સહયોગ આપવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૨૭/૧૨/૨૦૨૪, શુક્રવાર, સમય : સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી**
**સ્થળ : શ્રી મારૂતિ મંગલમ ભવન, રાયપુર (છ.ગ.)**

**:: કાર્યસુચી ::**

★ દિપ પ્રાગટ્ય, પ્રભુ પ્રાર્થના, સ્વાગત, શ્રદ્ધાંજલિ, શુભેચ્છા સંદેશાઓનું વાંચન
★ ગત સભાની કાર્યવાહીનું વાંચન અને બહાલી
★ મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી નું ઉદ્‌બોધન તથા વાર્ષિક પ્રતિવેદન
★ મહાસભાના સલાહકાર પ્રમુખ શ્રી પ્રફુલભાઇ કેશવજીભાઇ પરમારનું ઉદ્‌બોધન
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રીનો અહેવાલ, વર્ષ ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી
★ મહાસભાના કોષાધ્યક્ષશ્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજીત બજેટની રજુઆત અને બહાલી, ઓડીટરની નિયુક્તિ અંગે બહાલી
★ મહાસભાના ઉપપ્રમુખશ્રીઓના અહેવાલ
★ મહાસભાના મહામંત્રીશ્રીઓ, મંત્રીશ્રીઓના અહેવાલ
★ વિભાગીય પ્રમુખશ્રીઓના અહેવાલ
★ પ્રાદેશિક સમિતિ અને મહાસભાની વિવિધ સમિતિના અહેવાલો
★ કાર્યવાહક સમિતિની સભામાં થયેલ સુચન-સુઝાવોની જાણકારી તથા બહાલી
★ અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખશ્રી એવં અ.ભા.યુવા મહામંડળના પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
★ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાસંગીક પ્રવચનો
★ મહાસભાના પ્રમુખશ્રીની અનુમતીથી અન્ય રજુઆત
★ ઉપસંહાર, આભારદર્શન, રાષ્ટ્રગીત

**:: વિનિત ::**

**શ્રી વિનોદભાઇ મોહનલાલભાઇ ખોડિયાર – અંજાર (વરીષ્ઠ મહામંત્રીશ્રી મહાસભા) મો. ૯૪૦૮૨૪૪૬૪૪**



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

**કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી હિતેશભાઇ મગનભાઇ વરૂ
રમણ મંદિર વોર્ડ, કુમ્હાર પારા,
ફાફાડીહ, પો. રાયપુર (છ.ગ.)
મો. ૯૩૦૦૬૮૮૭૬૩

**સહ કોષાધ્યક્ષ, મહાસભા**
શ્રી પાર્થ જશવંતરાય ચાવડા
જુના વાસ, પો. ચંદીયા,
તા. અંજાર (કચ્છ)
મો. ૯૯૯૮૦૩૭૩૩૯
Pjchavda94@gmail.com



# સંજીવની-અન્નપુર્ણા

**સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૪**

| આવક | | જાવક | |
|---|---|---|---|
| સ્વ. મુક્તાબેન સૌભાગ્યલાલ વાઢેર - રાયપુર | ૧૧૦૦૦ | ટાટાનગર | ૬૦૦૦ |
| શ્રી જીગ્નેશભાઇ મગનલાલ જેઠવા - કલ્યાણ | ૫૦૦૦ | બિલાસપુર | ૬૦૦૦ |
| શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ - હૈદ્રાબાદ | ૨૫૦ | મુંબઇ | ૧૦૦૦૦ |
| 'સમાજરત્ન'શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૫૦૦૦ | તુમસરરોડ | ૧૮૦૦૦ |
| જય સમાજ (તા. ૨-૯-૨૪) | ૫૦૦૦ | નાગલપર | ૫૦૦૦ |
| શ્રી ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧૦૦૦ | ઉદયપુર | ૧૦૦૦૦ |
| શ્રી ભુપેશભાઇ ચાવડા - પુના | ૨૧૦૦ | નાગપુર | ૩૦૦૦૦ |
| શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પુના | ૧૦૦૦ | રાયપુર | ૧૫૦૦૦ |
| શ્રી કર્નલ સત્યાન ડી. રાઠોડ - અમદાવાદ | ૨૧૦૦ | અંજાર | ૫૦૦૦૦ |
| શ્રી વ્યાજ જમા | ૨૨૬૫ | રાંચી | ૧૦૦૦૦ |
| શ્રી રાઘવ અશોકભાઇ ટાંક - નાગપુર | ૨૦૦૦ | રાઉરકેલા | ૧૫૦૦૦ |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ ટાંક | ૫૦૦ | પરભણી | ૬૦૦૦ |
| જય સમાજ - નિઝામાબાદ | ૧૦૦૦૦ | રાયપુર | ૬૦૦૦ |
| શ્રી દયારામભાઇ પી. ચૌહાણ - વિશાખાપટ્ટનમ | ૧૨૦૦૦ | ઔરંગાબાદ | ૬૦૦૦ |
| જય સમાજ (તા. ૧૦-૯-૨૪) | ૫૦૦ | દુર્ગ | ૬૦૦૦ |
| શ્રી પથિક નિતિનભાઇ ટાંક - આદીપુર | ૧૦૦૦ | કલ્યાણ | ૩૦૦૦૦ |
| જય સમાજ (તા. ૨૩-૯-૨૪) | ૧૨૦૦૦ | બિલાસપુર | ૧૨૦૦૦ |
| શ્રી વ્યાજ જમા | ૨૦૦૩૭ | જાલના | ૩૦૦૦૦ |
| શ્રી જીગ્નેશ મગનલાલ જેઠવા - કલ્યાણ | ૫૦૦૦ | | |
| 'સમાજરત્ન'શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૧૧૦૦૦ | | |
| શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ-મુંબઇ | ૧૦૦૦ | | |
| શ્રી રાઘવ અશોકભાઇ ટાંક - નાગપુર | ૨૦૦૦ | | |
| શ્રી નિશાંત નિલેશ રાઠોડ - હૈદ્રાબાદ | ૫૦૦ | | |
| શ્રી ડી.વી. રોલર સ્પોર્ટસ - ભુજ | ૫૦૦ | | |
| શ્રી ગોપાલભાઇ પી. ચાવડા - હૈદ્રાબાદ | ૧૦૦૦ | | |
| પાર્વતીબેન જયંતિલાલ જેઠવા - કલ્યાણ | ૧૦૦૦ | | |
| કર્નલ સત્યાન ડ. રાઠોડ - અમદાવાદ | ૨૧૦૦ | | |
| શ્રી સુભાંષુભાઇ સાવરીયા - પુના | ૧૦૦૦ | | |
| જય સમાજ (તા. ૯-૧૦-૨૪) | ૫૦૦૦ | | |
| શ્રી ભુપેશભાઇ ચાવડા - પુના | ૨૧૦૦ | | |
| શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ-બલ્લારશા | ૬૦૦૦ | | |
| શ્રી મહેન્દ્રભાઇ વલમજીભાઇ વરૂ - માધાપર | ૧૧૦૦૦ | | |
| સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ પરમાર - આદીપુર | ૨૧૦૦૦ | | |
| જય સમાજ (તા. ૧૫-૧૦-૨૪) | ૬૦૦૦ | | |
| શ્રી પથિક નિતિનભાઇ ટાંક - આદીપુર | ૧૦૦૦ | | |
| શ્રી વ્યાજ જમા | ૬૫૧ | | |
| શ્રી ભોગીલાલ દેવશીભાઇ ચાવડા - મુન્દ્રા | ૨૦૦૦૦ | | |
| 'સમાજરત્ન'શ્રી વિનોદભાઇ સોલંકી - માધાપર | ૧૧૦૦૦ | | |
| સી.એ. મુકુંદભાઇ પી. ચૌહાણ - સુરત | ૬૦૦૦૦ | | |
| શ્રી જીગ્નેશ મગનલાલ જેઠવા - કલ્યાણ | ૫૦૦૦ | | |
| શ્રીમતી રીટાબેન યોગેશભાઇ ચાવડા - હૈદ્રાબાદ | ૧૧૦૦ | | |

# અભિલાષા

| આવક | સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૨૪ | જાવક | | |
|---|---|---|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી - માધાપર | ૧૬૦૦૦ | અંજાર | લાભાર્થી : ૭ | ૬૫૦૦૦ |
| શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક - નડીઆદ | ૨૦૦૦ | રાયપુર | લાભાર્થી : ૪ | ૪૦૦૦૦ |
| શ્રી બિપીનભાઇ દેવરામભાઇ રાઠોડ - બેંગ્લોર | ૫૦૦૦૦ | માધાપર | લાભાર્થી : ૩ | ૩૦૦૦૦ |
| શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ | ૧૦૦૦ | અમદાવાદ | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| શ્રી નિખીલભાઇ રાઠોડ - ખંભરા | ૪૧૦૦૦ | ચાઇબાસા | લાભાર્થી : ૨ | ૩૦૦૦૦ |
| શ્રી પથિક નિતિનભાઇ ટાંક | ૨૦૦૦ | સુંદરનગર | લાભાર્થી : ૧ | ૧૫૦૦૦ |
| | | રાઉરકેલા | લાભાર્થી : ૧ | ૫૦૦૦ |
| | | ચંડીખોલ | લાભાર્થી : ૧ | ૧૫૦૦૦ |
| | | મહાસમુંદ | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| | | બિલાસપુર | લાભાર્થી : ૨ | ૩૦૦૦૦ |
| | | ઔરંગાબાદ | લાભાર્થી : ૨ | ૨૫૦૦૦ |
| | | સુરેન્દ્રનગર | લાભાર્થી : ૪ | ૩૫૦૦૦ |
| | | નાગલપર | લાભાર્થી : ૪ | ૪૦૦૦૦ |
| | | કુમ્હારી | લાભાર્થી : ૨ | ૨૦૦૦૦ |
| | | નાગપુર | લાભાર્થી : ૩ | ૩૦૦૦૦ |
| | | દુર્ગ | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| | | ઉજ્જૈન | લાભાર્થી : ૧ | ૧૫૦૦૦ |
| | | સંબલપુર | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| | | બેંગ્લોર | લાભાર્થી : ૨ | ૨૫૦૦૦ |
| | | જબલપુર | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| | | પુના | લાભાર્થી : ૧ | ૧૫૦૦૦ |
| | | રાંચી | લાભાર્થી : ૧ | ૧૫૦૦૦ |
| | | ગાંધીધામ | લાભાર્થી : ૧ | ૧૦૦૦૦ |
| --- | ૧,૧૨,૦૦૦ | ૨૩ | લાભાર્થી : ૪૭ | ૫,૩૫,૦૦૦ |

# રાયપુર કાર્યાલય

| આવક | ઓક્ટોબર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| એફ.ડી. વ્યાજ | ૧૩,૨૨૧.૦૦ | સેલરી | ૨૩,૦૦૦.૦૦ |
| | | સ્ટેશનરી | ૨૦૦.૦૦ |
| | | ઓડીટ ફીસ ૨૩-૨૪ | ૧૬,૦૦૦ |
| | | લીગલ ફીસ - ૨૩-૨૪ | ૧૬,૦૦૦ |
| | | કુલ બચત | -૪૧,૯૭૯.૦૦ |
| કુલ | ૧૩,૨૨૧.૦૦ | કુલ | ૧૩,૨૨૧.૦૦ |

## શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભાની અર્ધવાર્ષિક બેઠક – વારાણસીનો આવક-જાવકનો હિસાબ

| આવક | તા. ૭,૮ સપ્ટેમ્બર – ૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| મુખ્ય પ્રાયોજકશ્રી અને અન્ય દાતાશ્રીઓથી ડોનેશન ની આવક | ૩,૬૧,૧૧૧ | બટન પાઉચ નંગ ૧૫૦ | ૩,૦૦૦ |
| | | કોન્ફરન્સ પેડ નંગ ૧૫૦ | ૧,૫૦૦ |
| | | બોલપેન નંગ ૧૫૦ | ૭૫૦ |
| રજીસ્ટ્રેશન શુલ્કની આવક | ૩,૦૦,૦૦૦ | સ્ટીકર નં. ૧૫૦ | ૪૫૦ |
| | | શાલનું બીલ | ૬,૦૦૦ |
| | | બેનર, સ્ટીકર, જોબવર્ક ગાયત્રી ગ્રાફીક્સ | ૪,૦૦૦ |
| | | બિલ્લા – બેઝ | ૩,૦૫૦ |
| | | ખેસ, દુપટ્ટા, ફુલહાર, ફોટોગ્રાફી, કલર ઝેરોક્ષ-૩૦૦, ફોટા ૮ × ૧૨ | ૧૬,૩૯૫ |
| | | ટ્રાન્સપોર્ટેશન ખર્ચ – બે મિનિ બસ, ૩ ઇનોવાકાર બે દિવસ | ૩૬,૦૦૦ |
| | | ટ્રાન્સપોર્ટેશન – ઘડીયાળ, શાલ, પર્સ, પાઉચ, મોમેન્ટો, કુરીયર | ૨૬,૦૦૦ |
| | | પરચૂરણ ખર્ચ | ૪,૦૩૦ |
| | | ઘડીયાળ, પર્સ સૌજન્ય ભેટ ખર્ચ | ૩૦,૦૦૦ |
| | | હોટલ સારનાથ ઇન્ટરનેશનલ ખર્ચ હોટલ રૂમ, હોલ, મીટીંગ, ભોજન, ટીપ્સ | ૫,૨૬,૦૦૦ |
| કુલ આવક | ૬,૬૧,૧૧૧ | કુલ ખર્ચ | ૬,૫૭,૧૭૫ |

| | |
|---|---|
| કુલ આવક | ૬,૬૧,૧૧૧ |
| કુલ ખર્ચ | ૬,૫૭,૧૭૫ |
| બાકી બેલેન્સ | ૩,૯૩૬/- |

## સેતુ સમાજ સંદેશ

| આવક | ઓક્ટોબર-૨૦૨૪ | જાવક | |
|---|---|---|---|
| આજીવન શુલ્ક | --- | પ્રિન્ટીંગ બીલ | ૧,૪૭,૧૦૫ |
| વાર્ષિક શુલ્ક | ૫૦૦ | ગ્રાફીક બીલ | ૩૩,૪૯૮ |
| વાર્ષિક સહયોગ | --- | પોસ્ટની ટીકીટ | ૬,૦૦૦ |
| માસિક સહયોગ | ૮૬,૦૦૦ | લેબલ પેસ્ટીંગ ચાર્જીસ | ૨,૦૦૦ |
| કુલ | ૮૬,૫૦૦ | | ૧,૮૮,૬૦૩ |
| ઓક્ટોબરની ઉઘરાણીની બાકી રકમ | ૨૫૦૦ | તોટાળો (ખોટ) | ૧,૦૨,૧૦૩ |

॥ ॐ शांति ॥

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા



# 'સંજીવની-૫'

The Lifeline.....

માહિતિ...
માર્ગદર્શન...
મદદ...

**શ્રી વિનોદકુમાર શાંતિલાલભાઇ જેઠવા - અંજાર**
(વરીષ્ઠ ઉપપ્રમુખ : શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા, વિશેષ પ્રભારી : 'સંજીવની'

**Sanjivni A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

Office : C/o. Shantilal Gopalji & Sons, Railway Station Road, Po. Anjar (Kutch-Guj.) 370 110. Mob. 9825163288

## 'સંજીવની સંકલ્પધારી પરિવાર'

**:: પ્રતિમાસ રૂા. ૧૧૦૦૦ ના પ્લેટીનમ દાતાશ્રી ::**

'સંજીવની સમ્રાટ' સમાજરત્ન શ્રીમાન વિનોદભાઇ પરસોત્તમભાઇ
સોલંકી પરિવાર – માધાપર (પ્રમુખશ્રી મહાસભા)

**:: પ્રતિમાસ રૂા. ૫૦૦૦ ના પ્રિમિયમ દાતાશ્રી ::**

શ્રી સુનિલભાઇ વિશ્રામભાઇ ચાવડા પરિવાર - હૈદ્રાબાદ
શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા પરિવાર - મુન્દ્રા
શ્રી કાંતિલાલભાઇ જીવરામભાઇ જેઠવા (મહાત્માજી) પરિવાર - અંજાર
સ્વ. શ્રી મણીલાલભાઇ કેશવજીભાઇ ચાવડા પરિવાર - રાયપુર
સી.એ. શ્રી મુકુન્દભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ પરિવાર - સુરત
શ્રી જીગ્નેશભાઇ મગનલાલભાઇ જેઠવા પરિવાર - કલ્યાણ
શ્રી રાજેશભાઇ દયારામભાઇ રાઠોડ પરિવાર (માધાપર)
નૈરોબી-કેન્યા-આફ્રિકા
શ્રી સંદિપભાઇ પ્રભુલાલભાઇ ચાવડા - પુના

**:: પ્રતિમાસ રૂા. ૨૧૦૦/૨૦૦૦/-ના માનદ્ દાતાશ્રી ::**

કર્નલ સત્યેન ડી. રાઠોડસર – અમદાવાદ
શ્રી ભુપેશભાઇ શ્યામસુંદરભાઇ ચાવડા – પૂના
શ્રીમતી હેમલતાબેન ચાવડા – પૂના
શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ પરિવાર – અમદાવાદ
શ્રી અમિતભાઇ ગોપાલભાઇ ચૌહાણ – અંજાર–કલ્યાણ
શ્રીમતી મીનાબેન અશોકભાઇ ટાંક (નાગલપર) નાગપુર
શ્રીમતી મીતાબેન અશોકભાઇ રાઠોડ – લાતુર
(પ્રભારી : મ.ઉ.સમિતિ – મહાસભા)
ગં.સ્વ. ઇન્દીરાબેન મગનલાલભાઇ રાઠોડ (ખેડોઇ) – સુરત
સ્વ. માયાબેન લક્ષ્મણભાઇ અરજણભાઇ પરમાર પરિવાર (રેહા) આદીપુર
માતૃશ્રી મંજુલાબેન પોપટભાઇ રાઠોડ (ખંભરા) પરિવાર – રાજકોટ

**:: પ્રતિમાસ રૂા. ૧૫૦૦/૧૦૦૦/–ના સહયોગી દાતાશ્રી ::**

પ્રો. શ્રી ગોપાલભાઇ પી. ચાવડાસર – હૈદ્રાબાદ
શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા – અંજાર
શ્રીમતી મંજૂલાબેન છોટાલાલભાઇ ચૌહાણ
શ્રી ભરતભાઇ જીવરામભાઇ ચૌહાણ – આદીપુર (બી.જે. ચૌહાણ
એસોસીએટ્સ – આદીપુર)
શ્રી ત્રિલોકેશભાઇ લીલાધરભાઇ ચાવડા પરિવાર – પૂના
શ્રી હરીરામભાઇ દાનાભાઇ રાઠોડ – જબલપુર (પૂર્વ ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી બ્ર.કુ. બાબુભાઇ અરજણભાઇ પરમાર – માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
શ્રી ડૉ. હરસુખલાલ ગોવિંદભાઇ પરમાર – વડોદરા
શ્રીમતી હિરલબેન નિલેશભાઇ ખોડિયાર – અબુધાબી (યુ.એ.ઇ.)
શ્રી લીલાધરભાઇ રતિલાલભાઇ ખોડિયાર – શહડોલ
(પ્રમુખશ્રી : મહાકૌશલ પ્રાદેશિક સમિતિ)
શ્રી ભગવાનલાલ રણછોડભાઇ ટાંક – નડીયાદ
શ્રીમતી અનસૂયાબેન જેરામભાઇ પરમાર – કુકમા
શ્રી દયારામભાઇ પરબતભાઇ ચૌહાણ – વિશાખાપટ્ટનમ
શ્રી રામજીભાઇ નાનજીભાઇ જેઠવા પરિવાર – ખડગપુર (બાલાઘાટ)
શ્રી અનિલભાઇ પુરૂષોત્તમભાઇ ખોડિયાર પરિવાર – અંજાર
શ્રીમતી કાન્તાબેન કિશોરભાઇ કોન્ટ્રાકટર પરિવાર – અમદાવાદ
શ્રીમતી બબીતાબેન વિજયભાઇ ચૌહાણ પરિવાર – મુંબઇ
'સંજીવની સરતાજ' શ્રી જગદીશભાઇ રાજાભાઇ રાઠોડ – ધનબાદ
શ્રીમતી આરતીબેન જગદીશભાઇ ચૌહાણ – ઉદયપુર (રાજ.)
હ. જુગલ ચૌહાણ – વડોદરા
શ્રીમતી ચંદ્રિકાબેન કાંતિલાલભાઇ જાદવજીભાઇ રાઠોડ – નાગપુર
શ્રીમતી અનુરાધાબેન સતિષભાઇ કાંતિલાલ ટાંક – આદીપુર
શ્રીમતી લેખાબેન ગોવિંદભાઇ પ્રાગજીભાઇ ટાંક – મોરબી
શ્રી પથિકકુમાર નિતિનભાઇ ટાંક – લંડન (આદિપુર)
શ્રી મનોહરભાઇ વિરામભાઇ ટાંક – અમદાવાદ

**:: પ્રતિ માસ રૂા. ૫૦૦–૨૫૦/–ના સ્નેહી દાતાશ્રી ::**

સ્વ. ભરતભાઇ વલમજીભાઇ વાઢેર – અંજાર
(પૂર્વ તંત્રીશ્રી સેતુ સમાજ સંદેશ)
શ્રી પ્રતિક દિનેશભાઇ ટાંક – અંજાર
(પૂર્વ મહામંત્રીશ્રી, અ.ભા.યુવા મહામંડળ)
શ્રી કિશોરભાઇ વાલજીભાઇ પરમાર – ધનબાદ (પ્રમુખશ્રી કોલફીલ્ડ પ્રા.)
શ્રી વિજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર (ઉપપ્રમુખશ્રી મહાસભા)
ગં.સ્વ. જયાબેન મોહનભાઇ ટાંક જયપુર (રાજ.) (પાનવાલા)
શ્રી વિજયભાઇ વાસુદેવભાઇ ચાવડા – જયપુર (રાજ.)
શ્રી મનોહરભાઇ વિરમભાઇ ટાંક – અમદાવાદ (ગુજ.)
શ્રીમતી તારૂલતાબેન ગોવર્ધનભાઇ રાઠોડ – આદિપુર
શ્રી વિનોદભાઇ અમરશીભાઇ રાઠોડ (ખંભરા) અંજાર
શ્રી નિશાંતભાઇ નિલેશભાઇ રાઠોડ – હૈદ્રાબાદ

(વિનંતી : ઉપરોક્ત દાતાશ્રીઓના નામ, ગામ, રકમ, વિગત વગેરેમાં જો કંઇ વિસંગતતા જણાય તો ધ્યાન દોરવા વિનંતી.)

(નોંધ : ઉપરોક્ત યોજના હેઠળ સહયોગ રાશી ચાલુ ન રાખવાના સંજોગોમાં ત્વરીત જાણ કરવા વિનમ્ર વિનંતી.)



શ્રી વિનોદભાઇ ચૌહાણ
પ્રભારીશ્રી

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અભિલાષા-૫

**॥ શિક્ષણ દાન એજ મહાદાન ॥**

સંપર્ક : 'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ M.E.S. રોડ, R.T.O. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ) ભુજ (કચ્છ)
મો. ૯૮૭૯૧ ૫૦૧૧૩ E-mail : vinodchauhan48@yahoo.in

Abhilasha A/c :- Shri K.G.K. Samaj Mahasabha - A/c. No. 30646325251 S.B.I. - Katcheri Branch, Raipur (C.G.) IFSC Code : SBIN0003314

નમસ્કાર... જય સમાજ... સમાજના આર્થિક રીતે નબળા છાત્રોને શિક્ષણ સહાય આપવાનું સેવા કાર્ય કરતી મહાસભા અભિલાષા સમિતિ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં **કુલ ૨૩ જેટલા ઘટકોના ૪૭ છાત્રોને રૂા. ૫,૩૫,૦૦૦ જેટલી શિક્ષણ સહાય આપવામાં આવેલ છે.** પાછળથી મળેલ અરજીઓનો પણ શક્ય તેટલી વહેલી તકે નિકાલ કરવામાં આવશે. મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ આ વ્યવસ્થા આગળ વધી રહી છે.

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજ ઘટકના 'અભિલાષા' સેવા સહયોગ બદલ આભાર...



તા. ૧૦/૧૧/૨૪ના રોજ આયોજીત શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ - ભુજ ઘટકના સ્નેહમિલનમાં **અભિલાષા સમિતિના પ્રભારી રૂપે મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીજીની વિશેષ ઉપસ્થિતિમાં સમાજબાંધવોને અભિલાષા સમિતિ માટે ફંડ એકત્ર કરવા વિનંતી કરી. ગુપ્તદાન આપવાની અપિલ સાથે ઝોળી ફેલાવતાં માત્ર ૧૦ મિનીટની અંદર રૂા. ૨૧,૦૦૦ (એકવીસ હજાર) જેટલી માતબર દાન રાશી એકત્ર થઇ... ખૂબ ખૂબ આભાર...** શિક્ષણ અને સમાજપ્રેમી ભુજ ઘટકની જેમ અન્ય ઘટકો પણ પોતાના સામુહિક કાર્યક્રમોમાં મહાસભા કે સમાજની વિવિધ સેવા યોજનાઓ માટે આવા પ્રયોગ કરે તે ઇચ્છનિય છે. ટીપે ટીપે સરોવર ભરાય... ની ભાવના સાથે સમાજબાંધવો અવશ્ય સહયોગી બનશે. જય સમાજ !



દાનદાતાશ્રીઓની સાભાર નોંધ લઇએ તો **મહાસભાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સલાહકાર શ્રી યોગેશભાઇ મગનભાઇ ચાવડા - નાગપુર** તરફથી દાદા બનવાની ખુશાલીમાં રૂા. ૧૧,૦૦૦ (અગિયાર હજાર)નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. લાભ પાંચના સપરમા દિવસે સૌ અભિલાષાબેન તથા શ્રી આતુરભાઇને ત્યાં લક્ષ્મીજી રૂપે પુત્રીરત્નની પધરામણી થઇ અને પરિવારમાં હરખની હેલી ફેલાઇ... અગાઉ પણ પ્રસંગોપાત આ સમિતિને શુભેચ્છા દાન આપનાર ચાવડા પરિવારને ખુબ ખુબ અભિનંદન તથા ખુશાલી દાન આપવા બદલ આભાર... આભાર... પરિવારની ઢીંગલીના સ્વાગત સાથે!

આપણા સમાજનું પરમ આધ્યાત્મિક વ્યક્તિત્વ એટલે આપણા સૌના પ્યારા **મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર.** દેવદિવાળી જેવા સપરમા દિવસે જેમનું પૃથ્વી પર અવતરણ થયું તેવા બ્ર.કુ. ભ્રાતા શ્રી બાબુભાઇજી તરફથી તેમના જન્મદિન દેવદિવાળી



શુભ અસરે રૂા. ૫૧૦૦ (પાંચ હજાર એકસો)નું ખુશાલી દાન પ્રાપ્ત થયેલ છે. આ સમિતિના અનમોલ દાતાશ્રી રૂપે સહયોગી બનતા શ્રી બાબુભાઇને જન્મદિવસની અપાર શુભકામના સાથે ખુબ ખુબ આભાર... ઓમ શાંતિ...

જેમના અમુલ્ય યોગદાનની નોંધ લીધા વગર આ કોલમ પુરી ન થાય તેવા પરમ આદરણીય **મહાસભા પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીજી તરફથી પ્રતિમાસ પ્રાપ્ત થતાં રૂા. ૧૧,૦૦૦/–ના દાનની સાભાર નોંધ લઇએ...**

આ સિવાય અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ **સૌ. જ્યોતિબેન ભક્તિરામભાઇ રાઠોડ તથા તેમના પુત્રવધુ સૌ. લાભિકાબેન રાઠોડના સંયુક્ત જન્મદિન** (તા. ૧૬-૧૧) અવસરે પ્રાપ્ત થયેલ રૂા. ૧૧૦૦, **શ્રી હર્ષદભાઇ કેશવજીભાઇ** તથા રૂા ૧૧૦૦/- **શ્રી પથિક નિતીનભાઇ રાઠોડ**ના નામથી એકાઉન્ટમાં જમા થયેલ છે. આ બન્ને ભાઇઓનો પણ ખૂબ ખૂબ આભાર... આદ. જ્યોતિબેન તથા સૌ. લાભિકાબેનને જન્મદિનની શુભકામના સહ આભાર...

આ સમિતીને ઉપરોક્ત દાતાશ્રીઓ જેવા ઉદારદિલ દાતાશ્રીઓની વધુમાં વધુ જરૂરત છે. આપનો આર્થિક સહયોગ સમાજના જરૂરતમંદ છાત્રોને ઉચ્ચ અભ્યાસ માટે મદદરૂપ બનશે.... જે એક મોટી સેવા ગણાશે... જય સમાજ !



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# અન્નપુર્ણા - ૧



**॥ અન્નદાન મહાદાન ॥**

**પ્રભારી :**
**શ્રી શાંતિલાલ પ્રેમજીભાઇ જેઠવા**
**અંજાર (કચ્છ) મો. ૯૮૯૮૨૯૬૯૦૦**

**સહપ્રભારી :**
**શ્રી વિનોદભાઇ શાંતિલાલ જેઠવા**
**અંજાર (કચ્છ) મો. ૯૮૨૫૧૬૩૨૮૮**

**Annpurna A/c :- Shri K.G.K. Samaj Mahasabha - IFSC Code PUNB0654100 A/c. No. 6541000100020441 P.N.B. - ANJAR (Kutch-Guj.)**

જય સમાજ... રામ રામ મહાસભાની વિવિધ સમિતિઓ દ્વારા સમાજ ઉત્કર્ષની અનેકવિધ યોજનાઓ દ્વારા સમાજના જરૂરીયાતમંદ બંધુઓને શક્ય તેટલી સહાય આપવામાં આવે છે. આપણો સમાજ ઉત્સવપ્રિય, પ્રગતિશીલ, પ્રમાણમાં સુખી સમાજમાં ગણના થાય છે. પરંતુ પાછલા કેટલાય સમયથી એવા પણ કિસ્સા ધ્યાનમાં આવ્યા કે એવા પણ કમનસીબ બંધુઓ આપણા સમાજમાં છે કે, **જેમના સીધી લીટીમાં કે નજીકના કોઇ સગા–સંબંધી ન હોવાને કારણે અને શારિરીક–માનસિક અસ્થિરતાને કારણે આવા વંચિત, પિડીત, લાચાર સમાજબંધઅુને ત્રણ ટંકના ભોજનની પણ સમસ્યા છે. 'અન્નપુર્ણા' યોજના હેઠળ આવા સમાજબંધુઓ માટે માસિક ટીફીન યોજના અંતર્ગત એક માસની રાશનકીટ મહાસભા તરફથી રૂા. ૧૫૦૦/– પ્રતિ વ્યક્તિ/ પ્રતિ માસ અપાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.** આ યોજના અંતર્ગત સમાજ પ્રેમી- દિલેર દાતાશ્રી સમાજબંધુ આવા અતિ જરૂરીયાતમંદ પરિવારને 'દત્તક' લઇ એક મહિનાના રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા' યોજનામાં અર્પણ કરી આપણા સમાજના એક સમાજબંધુની આંતરડી ઠારી શકવાનું પુણ્ય કમાઇ શકે છે. આમેય આપણા શાસ્ત્રોમાં **ભૂખ્યાને ભોજન એટલે કે અન્નદાનને શ્રેષ્ઠદાન કહેવામાં આવેલ છે.** વર્તમાન સમયના સર્વે મુજબ જ ૨૦ થી ૩૦ સમાજબંધુઓના આવેદન પત્ર 'અન્નપુર્ણા' યોજના માટે આવેલ છે. આજરોજ 'સેતુ સમાજ સંદેશ'ના માધ્યમથી આપ પણ આ પુણ્યદાયી પવિત્ર મહાયજ્ઞમાં જોડાઇ, માત્ર પ્રતિ માસ રૂા. ૧૫૦૦ 'અન્નપુર્ણા'માં અર્પણ કરી, આપણા જ પીડીત-વંચિત સમાજબંધુને સ્વમાનભેર જીવન વ્યતિત કરવામાં સહાયરૂપ બનીએ. આવા પીડીત-વંચિત-લાચાર સમાજબંધુ કમ સે કમ ત્રણ ટંક ભોજન માટે કોઇના પણ ઓશિયાળા ન રહે તે જોવાની પવિત્ર ફરજ આપણા જેવા સુખી-સંપન્ન પરિવારની પણ બની રહે છે. મને આશા જ નહીં પણ પૂર્ણ વિશ્વાસ છે કે આપણા સમાજના દિલેર દાતાશ્રીઓ 'અન્નપુર્ણા' યોજનાના માધ્યમથી... **''ભગવાન ભૂખ્યો ઉઠાડે પણ ભૂખ્યો સુવાડે તો નહીં.''** ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરીએ... અસ્તુ... જય સમાજ...

વિનિત : શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (પ્રભારી - 'અન્નપુર્ણા')

## (બિલાસપુર અધિવેશન દરમ્યાન નોંધાયેલ અન્નદાન)

### અન્નપુર્ણા યોજના અંતર્ગત નોંધાયેલ/મળેલ દાન-દાતાશ્રીઓની યાદી... (પ્રતિ લાભાર્થી રૂા. ૧૦૦૦ પ્રતિમાસ)

| | |
|---|---|
| ૨૪૦૦૦ | શ્રી શીવલાલભાઇ કરસનભાઇ ચાવડા (મામાશ્રી) જયપુર (બે લાભાર્થીનું એક વર્ષ સુધીનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી નટવરલાલ હીરાલાલભાઇ ચૌહાણ - નાસિકરોડ (બિટકો) (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી દિપેશભાઇ પ્રભુલાલભાઇ પરમાર - નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી ભોગીલાલભાઇ દેવસીભાઇ ચાવડા - મુન્દ્રા (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી રામ ભરોસે હા. વિનોદભાઇ ખોડિયાર - અંજાર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૨૪૦૦૦ | શ્રી સુભાષભાઇ રતિલાલભાઇ ચાવડા - વડોદરા-નાગપુર (બે લાભાર્થીઓ માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિલીપભાઇ દયારામભાઇ ચૌહાણ - ચંદ્રપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી રવિન્દ્રભાઇ ટાંક - કોરબા (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી દિપકભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - અમદાવાદ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી નટવરલાલભાઇ નરસીભાઇ રાઠોડ - વિશાખાપટ્ટનમ (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી શાંતિલાલભાઇ પ્રેમજીભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | 'નારીરત્ન' શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૨૦૦૦ | શ્રી હેમંતભાઇ નાનાલાલભાઇ ચૌહાણ - બિલાસપુર (એક લાભાર્થી માટે એક વર્ષનું અન્નદાન) |
| ૧૭૦૦૦ | શ્રીમતી સુરભીબેન મનોહરભાઇ ટાંક - અમદાવાદ (પ્રતિમાસ રૂા. ૫૦૦૦/-ના પ્રિમિયમ દાતાશ્રી) |
| ૨૪૦૦૦ | શ્રી પ્રભુલાલભાઇ રામજીભાઇ ચાવડા - પૂના (હ. સંદિપભાઇ) |
| ૬૦૦૦ | માતૃશ્રી શાન્તાબેન વલમજીભાઇ વરૂ - માધાપર (હ. શ્રી મહેન્દ્રભાઇ વરૂ) |
| ૧૧૦૦૦ | બ્ર.કુ. શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર - માધાપર (ઉપપ્રમુખશ્રી મહાસભા) |
| ૬૦૦૦ | શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ - બલ્લારશાહ |

વિનંતી : ઉપરોક્ત અન્નદાતાશ્રીઓને વિનમ્ર વિનંતી કે આપશ્રીનો સહયોગ 'અન્નપુર્ણા' ટાઇટલમાં જણાવેલ પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટમાં જમા કરાવી ફોન દ્વારા સૂચિત કરવા વિનંતી. યોજનામાં અન્ય સેવાભાવી સમાજપ્રેમીબંધુઓને જોડાવા પ્રેરીત કરવા વિનંતી...



## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

## દેશ-વિદેશ સંકલન સમિતિ

**વિદેશમાં વહાલપ મને મીઠી લાગે શામળા**



પ્રભારી : શ્રી પ્રવિણભાઇ સુર્યકાન્તભાઇ વેગડ
અંજાર (કચ્છ)
મો. +૯૧૯૮૨૫૩૬૧૮૨૨

સહપ્રભારી : શ્રી કેતનભાઇ પ્રકાશભાઇ ચાવડા
બ્રિસબેન (ઓસ્ટ્રેલિયા)
મો. +૬૧૪૧૪૩૭૩૭૩૭





ઓસ્ટ્રેલિયા સિડની ઘટક દ્વારા દિવાળીનું સ્નેહમિલનનું આયોજન ઘટક પ્રમુખ રાજેશભાઈ ચૌહાણના ઘરે કરવામાં આવ્યું હતું. બાળકો અને વડીલો બધાએ સાથે મળીને રામાયણ પર ક્વિઝની રમત રમીને બાળકોને રામાયણનું જ્ઞાન આપ્યું હતું. પદાધિકારીઓ દ્વારા સ્વાદિષ્ટ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. સિડની ઓસ્ટ્રેલિયા ઘટક કેવી રીતે આગળ વધારવો તે અંગે પણ દરેક સભ્ય સાથે સહેલ સુચન કરવામાં આવ્યું હતું. નવા વર્ષ ૨૦૨૫માં ફરીથી મળીને પિકનિકનું આયોજન કરવામાં આવ્યું છે. અંતમાં બાળકો એ ફટાકડાનો આનંદ માણ્યો હતો અને દિવાળી સ્નેહમિલનનું સમાપન ગરબા રમી ને કરવામાં આવ્યું હતું.



### શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

# મહિલા ઉત્કર્ષ

**બહેનોની દરેક સમસ્યામાં એમને સાથ-સહકાર અને સ્નેહભર્યું માર્ગદર્શન**


**પ્રભારી : શ્રીમતી મીતાબેન અશોકભાઈ રાઠોડ** **સહપ્રભારી : શ્રીમતી પુનમબેન મુકુન્દભાઈ ટાંક - રાયપુર**

રાઠોડ બિલ્ડીંગ, સોમાની હોસ્પીટલ સામે, ૨/૭ તિલકનગર, પો. લાતુર (મહા.) મો. ૯૦૯૬૫૯૮૯૪૪


જય સમાજ... ગૌરવવંતી માતૃસંસ્થા રાષ્ટ્રીય મહાસભાની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા બહેનોના આર્થિક ઉત્કર્ષ માટે સ્વયં રોજગાર તરફ પ્રેરિત કરીને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ સાથે "Learn & Earn" અંતર્ગત નવા સત્રનો ૧૦મો પ્રોજેક્ટ તા. ૮-૧૧-૨૦૨૪, શુક્રવારના રોજ છત્તીસગઢ પ્રાદેશિકના **રાયપુર ઘટકના શ્રીમતી માધુરીબેન ટાંક** દ્વારા



સફળતાપૂર્વક લેવામાં આવેલ. (ક્રિએટીવ વેડીંગ હેમ્પર્સ)

શ્રીમતી માધુરીબેન અંકુરભાઇ ટાંક એ ગં.સ્વ. યનિતાબેન તથા સ્વ. નયનભાઇ વાઢેર રાયપુરના સુપુત્રી અને ગં.સ્વ. વંદનાબેન નરેશભાઇ ટાંક છીંવાડાના પુત્રવધુ છે. શ્રીમતી માધુરીબેન ઇન્ટીરીયર ડીઝાઇનર અને માસ્ટર ઇન ક્લીનીકલ સાયકોલોજીનો અભ્યાસ કરેલ છે. તેઓ ગયા સત્રમાં છત્તીસગઢ પ્રાદેશિક યુવા મંડળ શૈક્ષણિક વિભાગમાં સહમંત્રી તરીકે કાર્યરત પણ હતા.

શ્રીમતી માધુરીબેનને બાળપણથી જ ક્રિએટીવ અને આર્ટીસ્ટીક વસ્તુઓ બનાવવામાં રૂચી હતી. તેમને મધુબની પેઇન્ટીંગ, ગોદના આર્ટ સાથે કથ્થક નૃત્ય શીખેલ છે અને કે.જી.કે. સમાજ અ.ભા.મહિલા મહામંડળના ઓનલાઇન સોલો ડાન્સ કમ્પીટીશનમાં અને સેમી ક્લાસીકલ ગ્રુપમાં સેકન્ડ રનર્સઅપનું સ્થાન હાંસલ કર્યું હતું. માધુરીબેન એક ફ્રીલાન્સર ઇન્ટીરીયર ડીઝાઇનર અને જાત જાતના કસ્ટમાઇઝ હેમ્પર બનાવવાનું ઓર્ડર્સ પણ લે છે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના ચોથા "Learn & Earn" પ્રોજેક્ટમાં શ્રીમતી મધુરીબેને 'બનાના લીફ આર્ટ' શીખવાડ્યું હતું. જેમાં ફ્રેશ બનાના લીફથી અલગ-અલગ ડીઝાઇન કેમ બનાવવાનું એની સુંદર જાણકારી આપીને પ્રોજેક્ટને સફળ બનાવ્યું હતું.

શ્રીમતી માધુરીબેને "Learn & Earn" ના ૧૦મો પ્રોજેક્ટમાં ''ક્રિએટિવ વેડીંગ હેમ્પર્સ'' શિખવાડ્યું હતું. જેમાં તેમને લગ્નથી જોડેલ અલગ અલગ કાર્યક્રમના હેમ્પર્સ ક્રિએટીવ રીતથી કેમ બની શકાય એ શિખવાડ્યું હતું. જેમાં ઇન્વીટેશન કાર્ડ હેમ્પર, જ્વેલરી હેમ્પર, મની હેમ્પર, ડ્રાયફ્રુટ્સ હેમ્પર અને રિટર્ન ગીફ્ટ બાસ્કેટ શિખવાડ્યા હતા.

ક્રિએટીવ વેડીંગ હેમ્પર્સના આ વર્કશોપમાં માધુરીબેને બતાવ્યું કે, આપણે લગ્નના અલગ અલગ કાર્યક્રમમાં, પ્રસંગોમાં ગીફ્ટ આપવું હોય તો કેવા સુંદર તરીકેથી, કલાત્મકતાથી સજાવી શકાય. આપણા આસપાસની વસ્તુઓનું ઉપયોગ કરી ઓછા બજેટ સાથે બનાવી શકાય. સાથે સાથે તેમણે ઉપલબ્ધ વસ્તુઓથી કલાત્મક નાના-નાના હેમ્પર્સ શિખવાડીને દરેક હેમ્પરનો મલ્ટી યુઝ કરી શકાય એની પણ મહત્વપૂર્ણ ટીપ્સ આપી હતી.

શ્રીમતી માધુરીબેન કહે છે કે મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ મહિલાઓ માટે આર્થિક સશક્તિકરણનું પ્રતિક છે. જેમાં શિખવવાવાળા મહિલાઓના સાથે સાથે શિખવાવાળા મહિલાઓને પણ એક નવી પ્રગતીની રાહ આપે છે. આ પ્લેટફોર્મ રાષ્ટ્રીય સ્તરે સમાજની સર્વે બહેનોને આર્ટ-ક્રાફ્ટ,



કુકીંગ અને બેકીંગના ક્ષેત્રમાં ખુબજ જુદી જુદી નવીનતમ કલાઓ શીખવાનો અને શિખાડવાનો ખુબજ સુનહરો મોકો આપે છે જેથી સમાજની મહિલાઓ આર્થિક રીતે સ્વાવલંબી બની આત્મનિર્ભર બની શકે.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિના અધ્યક્ષા શ્રીમતી મીતાબેન રાઠોડ તથા તેમની સમસ્ત ટીમની હું અત્યંત આભારી છું કે આ સન્માનનીય મંચથી મને બે વાર પ્રાજેક્ટ લેવાનો સુનહરો અવસર આપ્યો. મહિલા ઉત્કર્ષ સમિતિનો અનેકો પ્રોજેક્ટમાંથી મેં પણ અલગ અલગ કલાઓ શિખી છે અને ઓર્ડર્સ પણ લઉં છું. માધુરીબેન કહે છે કે મહિલા ઉત્કર્ષ સમિતિ દર વખતે એક થી એક ખુબજ ઉપયોગી એવા સુંદર સુંદર પ્રોજેક્ટ ગોતી અને બધી મહિલાઓને સશક્ત બનાવવાનો ખુબજ સુંદર પ્રયાસ કરે છે. તેમના નિરંતર, અથક પ્રયાસને ખુબજ શુભકામનાઓ પાઠવી ધન્યવાદ પાઠવું છું.

મહાસભા મહિલા ઉત્કર્ષ સમિતિ આપણા શ્રીમતી માધુરીબેન જેવા સૃજનશીલ, ગુણવાન, અત્યંત પ્રેમાળ, લાગણીશીલ, વિનમ્ર એવા બહુવિધ કલાઓમાં પારંગત-નિષ્ણાંત સમાજસેવાની ભાવનાથી ઓતપ્રોત એવા કલાનિપુણ આર્ટીસ્ટને આવા સુંદર, ઉપયોગી, સફળ પ્રોજેક્ટ માટે હૃદયથી સેલ્યુટ આપી... શબ્દસુમનોથી બિરદાવી, અભિનંદન આપી તેમના ઉજ્વલ જીવનમાં ઉતરોત્તર પ્રગતિ કરે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના કરી ખુબ ખુબ આભાર સાથે ધન્યવાદ આપે છે. અસ્તુ... જય સમાજ...

– અધ્યક્ષા : શ્રીમતી મીતાબેન રાઠોડ – લાતુર


## શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી લક્ષ્મી રણછોડ ધર્માર્થ ન્યાસ, રાયપુર (ભગવાન બાબા રામદેવપીર મંદિર) વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. **ખાસ નોંધ : તા. ૧૫–૦૩–૨૦૨૫ અરજી કરવાની છેલ્લી તારીખ છે.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BALRAM NARSIBHAI CHAWDA**
CHAWDA TRADERS, STATION ROAD,
RAIPUR - 492009 (C.G.)
Mob. : 09926172722
E-mail : brchawda@gmail.com

## શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર
## ઉચ્ચ શિક્ષણ સહાયની જાહેર સુચના

શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન ટ્રસ્ટ, રાયપુર વિગત વર્ષોથી આપણા સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય આપે છે. (૧૦ + ૨) પછીના કોલેજમાં MBBS તથા સંબંધિત મેડીકલ કોર્સ, BE, ME, B.Tech, M.Tech., Ayurvedic, Homeopathic કોર્સ, Engineering Diploma, MBA, BBA, C.A., C.S., Computer Science, Hotel Management, Tourism, LL.B., કોર્સમાં અધ્યયન કરનાર વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવે છે. સહાય મેળવવા નીચે મુજબના નિર્દેશોનું પાલન કરતા અરજીપત્રક મંગાવવા વિનંતી.

(૧) અરજીપત્રકમાં માંગેલી સર્વે વિગતો પૂરેપૂરી ભરવી (૨) પાછલી પરીક્ષાની માર્કશીટની કોપી મોકલવી (૩) કોલેજમાં એડમીશન વખતે જમા કરેલ ફીસની રસીદની કોપી મોકલવી.

**તા. ૧૫–૦૩–૨૦૨૫ પહેલા અરજી કરવી.**

:: ફોર્મ મંગાવવા માટે નીચે સંપર્ક કરવો ::

**SHRI BHARAT KANTILAL SAWARIA**
Hotel Mayura, Jaistambh Chowk, Nr. Raj Talkies,
G.E. Road, Raipur (C.G.) 492001 Mob. 09301825240
E-mail : bksawaria@gmail.com



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

C/o.શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી, યોગેશ્વરધામ, ન્યુ એમ.ઇ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999

# રસોઈની રંગત સમિતિ દ્વારા મીઠાઈનો વર્કશોપ યોજાયો



અખિલ ભારત મહિલા મંડળ અંતર્ગત આવતા રસોઈની રંગત સમિતિ દ્વારા દિવાળી સ્પેશિયલ મીઠાઈ નો વર્કશોપ ઓનલાઇન યોજાયો હતો. અમદાવાદમાં રહેતા જયશ્રીબેન દુર્ગેશભાઈ ચૌહાણ દ્વારા રસોઈ ની રંગત સમિતિ નો ત્રીજો પ્રોજેક્ટ રોયલ સ્વીટ દિવાળી પર્વ નિમિત્તે... અખિલ ભારત મહિલા મંડળના ફેસબુક પેજ ઉપર તારીખ ૧૫.૧૦.૨૪ના ઓનલાઇન લેવામાં આવેલ.

જયશ્રીબેન એક રેસીપી ડેવલોપર તથા હોમ સેફ છે તેઓ શ્રી ઘણા બધા નેશનલ ઇન્ટરનેશનલ લેબલના બુકિંગ કોમ્પિટિશન ના ટાઈટલ પોતાના નામ મેં કરેલ છે તથા તેઓ કસ્ટમાઈઝ કુકીંગ વર્કશોપ ચલાવે છે. તેમનો મુખ્ય મુખવાસ નું બિઝનેસ છે. તેની માંગ વિદેશમાં ખૂબ જ છે. તેઓ શ્રી ઘણા બધા કુકિંગ કોમ્પિટિશન જજ કરવા અમદાવાદ તથા અમદાવાદ થી બહાર પણ જાય છે. રસોઈની રંગત સમિતિ એ આ વખત દિવાળીના તહેવાર નિમિત્તે રોયલ સ્વીટ નો વર્કશોપ લીધો હતો તેમાં આપણા સમાજના ઘણી બધી બહેનો ભારત તથા વિદેશથી ઓનલાઇન જોડાયેલા હતા

તેઓ શ્રી એ ખુબ જ સરળતાથી બજારમાં મળતી મોંઘી ડાટ મીઠાઈ ભેળસેળ વગર ખૂબ જ ઓછા કિંમતમાં ઘરે કેવી રીતે બનાવી શકાય એ બતાવેલ હતું..તેમાં કાજુકતરી નો ડો કેવી રીતે પરફેક્ટ માપ સાથે ઘરે બનાવાય તથા તેમાંથી બીજી કઈ કઈ મીઠાઈ આપણે બનાવી શકીએ તેનો ડેમોસ્ટ્રેશન આપેલ હતો. તેમાં કાજુકતરી, ડ્રાયફ્રુટ સેન્ડવીચ, રોયલ હેલ્ધી બોલ, કાજુ પિસ્તા રોલ તથા ચોકલેટ વર્મીસીલી રોલ શીખવાડેલું હતું, ઘણા બધા સરળ કુકિંગ ટીપ્સ પણ તેઓ આપતા હતા અને મીઠાઈ કેવી રીતે વધારે દિવસ તમે સાચવી શકો એ પણ તે સમજાવતા હતા. સમાજની બહેનોના બધા સવાલના જવાબ પણ તેઓ સાથે સાથે ખુબ સરળતાથી આપતા હતા..

અખિલ ભારત મહિલા મંડળ નો આ પ્રયાસ સમાજની બહેનોને ખૂબ જ ઉપયોગી સાબિત થઈ હતી જ્યારે વર્કશોપ પત્યા પછી સમાજની બહેનોએ જયશ્રીબેન ને પર્સનલ ફોન કરીને એ પણ જણાવ્યું હતું કે તેઓએ આ વખતે વર્કશોપમાં બતાવેલ પ્રમાણે જ કાજુકતરી ખુબ જ સરળતાથી ઘરે બનાવી હતી. વર્કશોપ ખુબજ સફળ રહ્યો હતો.

**કાજુકતરી બનાવવા માટેની રીત :** કાજુ પાવડર ..૫૦૦, ગ્રામ ખાંડ ..૩૮૦, ગ્રામ પાણી . ૧૭૦ મીલી, મિલ્ક પાવડર.. ૧૭૦, ગ્રામ ઘી . બે ચમચી, લિક્વિડ ગ્લુકોઝ.. એક ટેબલ સ્પૂન (ઓપ્શનલ).

વાસણમાં પાણી અને ખાંડ ભેગા કરીને ગેસમાં માં મીડીયમ તાપમાન પર મિશ્રણ ને ઊકળે.. તથા સતત હલાવ્યા કરો ત્યાં સુધી ગરમ કરો ચાસણી ઘાટી થવા લાગે પણ ચાસણી થવા ના જસ્ટ પહેલાના સ્ટેપમાં ગેસને બંધ કરી દો.. તેના પછી ફ્રીઝરમાં મુકેલા કાજુને મિક્સ્ચરમાંપર ઝીણો પાવડર થાય ત્યાં સુધી પીસો ધ્યાન રહે કે કાજુમાંથી તેલ ના નીકળે ..પાવડર છુટો રહે આ પાવડરને સુગર સીરપમાં મિક્સ કરો (કાજુ પાવડર તમારે પહેલાથી તૈયાર કરીને રાખવાનું) અડધી ચમચી ઈલાયચી પાવડર તથા બે ચમચી ઘી ઉમેરી ગેસ બંધ કરી તેને મિક્સ કરો.. મિશ્રણને સિલિકોન મેટ અથવા કોઈ ચોખ્ખી પ્લાસ્ટિકની કોથળી પર નાખી હાથ દાઝે નહીં એવી રીતે મસળો.. લીસો થાય ત્યાં સુધી મસળવાનું... એક સરસ મજાનું ડો તૈયાર થશે... હવે તેને સિલિકોન મેટ અથવા પ્લાસ્ટિકની કોથળી ઉપર પાથરી હળવા

હાથે વેલણ પર ઘી લગાડી વણો.. થોડું ઠંડુ થાય પછી તેમાં મનગમતા સાઇઝના ચોસલા પાડો.. તમારી કાજુકતરી તૈયાર પણ તેને એક રાત ચોખ્ખી જગ્યામાં સુકવવા મૂકવાનું બીજા દિવસે તે સુકાઈ જાય એટલે છૂટું પાડી ને ડબ્બામાં ભરો...

**ટીપ્સ :** સુગર સીરપમાં કાજુ પાઉડર નાખ્યા પહેલા પોણી વાટકી સુગર સીરપ કાઢી લો જો જરૂર લાગે તો તે સીરપ કાજુ પાવડરમાં ઉમેરો. બતાવેલી રીત પ્રમાણે જો કાજુકતરી બનાવશો તો ચોક્કસ તમારી કાજુકતરી બજાર કરતા સસ્તી અને ભેળસેળ વગરની બનશે બધું માહિતી જોવી હોય તો અખિલ ભારતીય મહિલા મહામંડળના ફેસબુક પેજ પર તમે આખી રેસીપી જોઈ શકશો. કાજુકતરીનો જે આપણે ડો તૈયાર કર્યો તેનાથી આપણે પોતાની શુઝ પ્રમાણે ઘણી બધી ઇનોવેટિવ રેસીપી બનાવી શકીએ. જેમ કે એજ ડોમાં ચોકલેટ પાવડર ઉમેરી તેને લંબગોળ આકાર આપીને રોલ બનાવીને તેની ઉપર ચોકલેટ વર્મીશીલી લગાડીને ચોકલેટ વરમેશીલી રોલ બનાવી શકાય તથા તે જ ડો ૧૫ ગ્રામ લઈ અને તેને પુરી નો આકાર આપી તેની અંદર ડ્રાયફ્રૂટ્સ ના ટુકડા ને લિક્વિડ ગ્લુકોઝમાં મિક્સ કરીને સ્ટફ રોટલો નાનકડો વણીને તેને કટ કરીને ડ્રાયફ્રુટ સેન્ડવીચ બનાવી શકાય આજ ડો માં તમે પિસ્તા કલર તથા પિસ્તા નાખી મનગમતો શેપ આપીને પિસ્તા રોલ તથા પિસ્તા કતરી બનાવી શકાય આજનો માં તમે કેસર ઉમેરી કેસર કત્રી પણ બનાવી શકશો.

– શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ – મહામંત્રી

# અ.ભા.મહિલા મહામંડળ અંતર્ગત વિદેશ સમિતિ દ્વારા દેશી ગરબા વિદેશી તડકા યોજાયું






અખિલ ભારતીય મહિલામંડળ અંતર્ગત વિદેશ સમિતિ દ્વારા દેશી ગરબા વિદેશી તડકા નવરાત્રિમાં વિદેશ સમિતિ દ્વારા બાળકોનું ગરબા ગીત સ્પર્ધા રાખેલ હતું. દેશી ગરબા વિદેશી તડકા (દેશી મોર્ડન મિક્સઅપ ડ્રેસિંગ સાથ ગરબો ગાવાનું) સારી સંખ્યામાં યુએસએ કેનેડા સિંગાપોર યુ.કે થી સર્વે ભાગ લિધેલ. સાંસ્કૃતિક મંત્રી એકતાબેન ટાંક અને અપેક્ષાબેન ચાવડા દ્વારા સંચાલન કરવા માં આવ્યુ.

પરિણામો : (૨ થી ૮ વર્ષ) (૧) સાંચી ચૌહાણ (૨) પાર્થ ચૌહાણ અને ધીતિ રાઠોડ (૩) નાવ્યા ટાંક, (૯ થી ૧૫ વર્ષ) : (૧) મિહાન ટાંક (૨) માહી ચૌહાણ (૩) પ્રિયાંશ ચાવડા, આશ્વાસન ઇનામ : ધ્રુવ રાઠોડ, રાજવી ચૌહાણ વિજેતાઓ ને અભિનંદન પાઠવવામાં આવેલ. વિદેશમાં રહીને સમય અનુસાર જુદા જુદા પ્રોગ્રામોનું આયોજન કરતા રહીએ છે .જેથી સર્વે સમાજ બાંધવો એકબીજા સાથે જોડાઈ શકીએ અને આપણી સંસ્કૃતિ જાળવી શકીએ.

– વિદેશ સમિતિ અધ્યક્ષા લીના રજનીશભાઈ રાઠૌડ

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**સરનામું :** કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ,
રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫
મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**
**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી
**ચેકઇન ટાઇમ :** સવારે ૯.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૯.૦૦

## રાયપુર મહિલા મંડળ



રાયપુર મહિલા મંડળ દ્વારા સમાજની યુવતીઓ અને યુવાનો માટે દીપાવલીના ખાસ અવસરે ૨૧-૨૩ ઓક્ટોબર-૨૦૨૪ના ત્રણ દિવસીય રંગોલી પ્રશિક્ષણ શિબિરનું આયોજન સમાજ ભવનમાં ગોઠવવામાં આવેલ. ૪૫થી વધુ પ્રશિક્ષણાર્થીઓએ લાભ લીધો હતો. છત્તીસગઢ અંત રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આર્ટીસ્ટ શ્રી પ્રમોદ સાહુજી મહિલામંડળના આગ્રહ પર પ્રોફેશનલ સેવા આપી સમાપન અવસરે સેવા સમિતિ અને ઘટક પ્રમુખશ્રી ભરતભાઇ ચાવડા, વેલબુને ચાવડા, નિર્મલાબેન ચાવડા, જયાબેન પરમાર, નીતાબેન રાઠોડ વિશેષ રૂપે ઉપસ્થિત રહી ઉત્સાહવર્ધન કરેલ. રાયપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી મનીષાબેન સોલંકીએ પ્રશિક્ષણાર્થીઓ અને પ્રશિક્ષક શ્રી પ્રમોદ સાહુજીનું આભાર વ્યક્ત કરેલ. અંતમાં પ્રમોદ સાહુજીને પુષ્પગુચ્છથી સન્માન કરી ભેટ આપવામાં આવેલ. સ્વલ્પાહારનો બધાએ આનંદ લઇ છુટા પડ્યા હતા. રાયપુર ઘટક મહિલા મંડળ



દ્વારા દીપાવલી પર્વના ઉપલક્ષમાં અન્નદાન મહાદાન અંતર્ગત અન્ન કીટ તૈયાર કરી જરૂરતમંદોને વિતરણ કરવામાં આવેલ. મંડળની બહેનોના સાથ-સહકારથી આ નેક કાર્ય કરવાનો લાભ મેળવેલ હતો.

## મુંબઇ મહિલા મંડળ (પ.)

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મુંબઇ મહિલા મંડળ દ્વારા રક્ષાબંધન નિમિત્તે રાખડી બનાવો સ્પર્ધાનું આયોજન કરેલ હતું. જેમાં બહેનોએ વિવિધ રાખડીઓ બનાવી હતી. પ્રથમ - શ્રીમતી જ્યોતિબેન ચાવડા, દ્વિતીય - શ્રીમતી દીપીકાબેન ચૌહાણ અને તૃતિય - શ્રીમતી ગીતાબેન વેગડ અને ત્રણ પ્રોત્સાહન ઇનામ આપવામાં આવેલ હતા.

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે બાળકો માટે ''ભારત નકશા સજાવટ''ની હરીફાઇનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપ વનમાં પ્રથમ - સ્વરા યાદવ, દ્વિતીય - વિરાટ પરાર, ગ્રુપ ટુમાં પ્રથમ - ફાગુન પરમાર, ગ્રુપ થ્રીમાં પ્રથમ - કશિશ મારૂ, દ્વિતીય - દીપાંશી ચાવડા, તૃતિય - દીવા રાઠોડને આપવામાં આવેલ હતું.

શીતળા સાતમની ઉજવણી મુંબઇ મહિલા મંડળની બહેનોએ સાથે મળીને કાંદીવલી સ્થિત પુષ્પાબેન વેગડના ઘરે કરી હતી. સૌ બહેનો પોત-પોતાના ઘરેથી વિવિધ વાનગીઓ




બનાવીને લાવ્યા હતા. સૌ પ્રથમ શીતળા માતાની વાર્તા કરવામાં આવેલ હતી. ત્યાર બાદ સૌએ લાવેલ વિવિધ વાનગીઓ આનંદપૂર્વક આરોગી હતી. ત્યાર બાદ રમતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પુષ્પાબેન વેગડ તરફથી બહેનોને સુંદર ભેટ

આપવામાં આવેલ હતી. ગણેશ ચતુર્થી નિમિત્તે ઇકો ફ્રેન્ડલી ગણપતિ મેકીંગનું ઓનલાઇન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી કાજલબેન ચાવડા દ્વારા માટીમાંથી ખુબજ સુંદર ગણપતિની મૂર્તિ બનાવવાનું તથા તેનો શણગાર કરવાનું શીખવવામાં આવ્યું હતું. બહેનોએ ઉત્સાહભેર તેમાં ભાગ લીધો હતો. ગણેશ ચતુર્થીના દિવસે ઓનલાઇન ગણેશ વંદના તથા ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં બાળકો તથા બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

શ્રાદ્ધ નિમિત્તે મુંબઇ મહિલા મંડળ દ્વારા એક અનોખું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ અંતર્ગત મુંબઇ સ્થિત આશ્રય સેવા કેન્દ્ર કે જે અસહાય વૃદ્ધ વડીલોને ભોજન પહોંચાડવાની સેવા આપે છે, સાથે જોડાયા હતા. શ્રાદ્ધ નિમિત્તે આપણે દરેક પિતૃઓ પાછળ સીધું, દાન ધર્મ કરતા હોઇએ છીએ તો આ વખતે મુંબઇ ઘટક અંતર્ગત મુંબઇ મહિલા મંડળ દ્વારા અસહાય વૃદ્ધ વડીલોને શ્રાદ્ધ દરમિયાન ટીફીન પહોંચાડવાનું કામ હાથ ધર્યું હતું. તે માટે મુંબઇ ઘટકના અનેક સભ્યોએ ઉદાર દિલથી ફાળો આપ્યો હતો. મુંબઇ મહિલા મંડળ (પશ્ચિમ) દ્વારા સફળતાપૂર્વક કુલ ૫૪૦ ટીફીન પહોંચાડવામાં આવેલ હતા.

## ઉદયપુર મહિલા મંડળ

તા. ૨૧-૧૦-૨૦૨૪ના ઉદયપુર મહિલા મંડળની સામાન્ય સભા શ્રીમતી જ્યોતિબેન વિજયભાઇ ચૌહાણ ના રેસ્ટોરન્ટમાં રાખવામાં આવેલ. ગાયત્રી મંત્ર બોલીને મીટીંગની શરૂઆત કરવામાં આવી. સરપ્રાઇઝ ગેમ રમાડવામાં આવેલ. જેમાં શિખાબેન ચૌહાણ વિજય થયા હતા. ત્યાર બાદ પ્રમુખ આશાબેન ચૌહાણે મીટીંગનો એજન્ડા બતાવેલ. રાયપુર અધિવેશન અને સગપણ સંમેલન વિશે ચર્ચા કરવામાં આવેલ.

જ્યોતીબેન દ્વારા ગ્રુપ ગેમ રમાડવામાં આવેલ. જેમાં શિખાબેન ચૌહાણ, પુનમબેન ચૌહાણ, સરોજબેન ચાવડા,




ડિમ્પલબેન પરમાર વિજેતા થયેલ. ગેમનો આનંદ માણ્યા બાદ ગરબાની રમઝટ બોલાવવામાં આવેલ. રીલ બનાવવામાં આવેલ. વિજેતા બહેનોને જ્યોતીબેન તરફથી ઇનામ આપવામાં આવેલ. અંતમાં અલ્પાહાર લઇને જ્યોતિબેનનો ધન્યવાદ કરી સૌ બહેનો રાજીખુશી છુટા પડ્યા હતા.

## મીઠાપુર મહિલા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મીઠાપુર મહિલા મંડળ દ્વારા તા. ૩-૧૦-૨૪ પ્રથમ નોરતાના દિવસે નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. તેની સાથે મીઠાપુર મહિલા મંડળની સામાન્ય સભાની મીટીંગ પણ રાખેલ હતી. જે કવિતાબેન ચૌહાણના નિવાસ સ્થાને રાખેલ.

સૌ પ્રથમ સામાન્ય સભાની મીટીંગ રાખેલ હતી. મીટીંગની



શરૂઆત ભજન-કિર્તનથી કરવામાં આવી હતી. ત્યાર બાદ મહિલા મંડળના મંત્રી શ્રીમતી ભાવિકાબેન ચૌહાણે વાર્ષિક અહેવાલ રજુ કરેલ. ત્યાર બાદ મહિલા મંડળના ખજાનચી શ્રીમતી પ્રિયાબેન પરમારે વાર્ષિક હિસાબ રજુ કરેલ. ત્યાર બાદ કારોબારીના નવા સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ શ્રીમતી ઉષાબેન વી. રાઠોડ, મંત્રી શ્રીમતી જિજ્ઞાસાબેન વી. ચૌહાણ, ખજાનચી શ્રીમતી પ્રિયાબેન સી. પરમારને નિમવામાં આવેલ. કારોબારીમાં બીજા અન્ય સભ્યોની વરણી

પણ કરવામાં આવી હતી. ત્યાર બાદ કવિતાબેન ચૌહાણે એક મીનીટની ગેમ રમાડેલ. જેમાં નિરાલીબેન ચૌહાણ પ્રથમ, મયુરીબેન ચૌહાણ તથા મંજુબેન વરૂ દ્વિતીય સ્થાન પર વિજેતા થયા હતા.

ત્યાર બાદ નવરાત્રીની શરૂઆત કરી હતી. જેમાં બધી બહેનો સાથે મળી માતાજીની આરતી, સતુતી કરી હતી. ત્યાર બાદ માતાજીના ગરબા લેવામાં આવ્યા હતા. પ્રથમ નોરતું હોવાથી બહેનો ઉત્સાહ અને ઉલ્લાસ સાથે માતાજીના ગરબા ગાયા અને ગરબા રમ્યા હતા. છેલ્લે ઉષાબેન રાઠોડે આ કાર્યક્રમમાં આવવા બદલ બધી બહેનોનો આભાર માનેલ. ત્યાર બાદ નાસ્તા તથા કોલ્ડ્રીંક્સની બધી બહેનોએ મજા માણી હતી. છલ્લે માતાજીનો પ્રસાદ લઇ બધા છુટા પડ્યા હતા.

## હૈદ્રાબાદ્ર-સિકંદરાબાદ મહિલા મંડળ




હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૧૯-૧૦-૨૦૨૪, શનિવારના બહેનો માટે શરદપૂર્ણિમાના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. સીનીયર સીટીઝન માટે ચુતરી ડ્રેસકોડ અને બાકી બધા માટે ચણીયાચોલી ડ્રેસકોડ રાખવામાં આવ્યું હતું. વિભિન્ન પ્રતિયોગીતા હતી. (૧) જોડી ગરબા પ્રતિયોગીતા - જેમાં સાસુ-વહુ, મા-બેટી, દેરાણી-જેઠાણપી, નણંદ-ભાભીની જોડીમાં રમવાનું હતું. (૨) માતાજીના પગલા લોટથી બનાવીને સજાવવું. (૩) બેસ્ટ ફુટના ગહેના(૪) બેસ્ટ પઘડી સજાવટ (૫) બેસ્ટ ડેકોરેટેડ જુતી. આ ઉપરાંત સરસ ગરબા રમવા માટે સીનીયર સીટીઝન, બહેનો, બાળકોને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. સાત વર્ષ સુધીના બાલીકાઓ અને બાળકોને પ્રાઇઝ આપવામાં આવ્યા હતા. બધા ખુબજ સરસ તૈયાર થઇને આવ્યા હતા અને ડી.જે. સાથે ગરબા કર્યા હતા. અંતમાં માતાજીની આરતી કરી પછી વિભિન્ન પ્રતિયોગીતાના વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. પછી અલ્પાહારનો આનંદ માણી સૌ છુટા પડ્યા હતા.

## કાગજનગર-રેબેન્ના મહિલા મંડળ




શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કાગજનગર મહિલા મંડળ દ્વારા તા. ૨-૧૧-૨૦૨૪, શનિવારના દિવાળીના તથા નવા વર્ષના ઉપલક્ષમાં પ્રીત-મિલન કાર્યક્રમનું આયોજન સમાજ ભવનમાં કરવામાં આવેલ. આ સમયે સારી સંખ્યામાં વડીલો, ભાઇઓ-બહેનો તથા બાળકોએ ઉપસ્થિતિ આપેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રજ્વલન તથા પ્રભુ પ્રાર્થનાથી કરેલ. નાના પરંતુ સક્રીય એવા ઘટકમાં મહિલા મંડળની બહેનો, સાંસ્કૃતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક કાર્ય હર્ષોલ્લાસ તથા એકબીજાના સહયોગ અને સહકારથી મળીને કરે છે. આ સમયે ઘટકની ચૂંટણી પણ થઇ. પૂર્વ પ્રમુખ શ્રી અતુલભાઇ શિવલાલભાઇ ગોહિલ દ્વારા રાજીનામું અપાયું તથા નવા પત્રમુખ તરીકે શ્રી ધર્મેન્દ્રભાઇ દયારામભાઇ ચૌહાણ તથા મંત્રી શ્રી હરેશભાઇ લીલાધરભાઇ રાઠોડની નિયુક્તિ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઘટકના મંત્રીશ્રી દ્વારા અહેવાલ

પ્રસ્તુત કરી પોતાના વિચાર વ્યકત કરવામાં આવ્યા હતા. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન પ્રવીણભાઇ ખોડીયાર દ્વારા મહિલા મંડળની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રસ્તુતિઓના બાબત માહિતી આપી અને પોતાના વિચાર વ્યક્ત કરી, ઉપસ્થિત સર્વેને દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છા આપવામાં આવી. સર્વે સમાજ સભ્યોએ એકબીજાને દિવાળી તથા નૂતન વર્ષની શુભકામના આપી હાઉઝ રમ્યા અને અલ્પાહાર લઇ સૌ છુટા પડ્યા હતા.

## બર્દવાન મહિલા મંડળ



બર્દવાન મહિલા મંડળ દ્વારા તા. ૧૭-૧-૨૪, રવિવારના દિવસે શ્રીમતી નમિતાબેન અનિલભાઇ પરમારના નિવાસ સ્થાને દિવાળી અને નવ વર્ષનું સ્નેહમિલન રાખવામાં આવેલ હતું. પરંપરા અનુસાર મીટીંગની શરૂઆત પ્રભુ પ્રાર્થના, હનુમાન ચાલિસા પાઠ સાથે કરવામાં આવી હતી.

મીટીંગ ''પરહિત સરિસ ધર્મ નહીં ભાઇ''ની થીમ પર આધારિત હતી. બહેનો દ્વારા નિકટ ભવિષ્ય આવા કાર્યક્રમના આયોજની રૂપરેખા તૈયાર કરી ત્યાર બાદ બહેનો દ્વારા મહિલા મંડળની આગળની ગતિવિધિ પર પરિચર્ચા કરવામાં આવી હતી. બહેનોએ હાઉસી અને ગેમ રમવાનો આનંદ લીધો હતો. વિજેતા બહેન વિધિ ચૌહાણને ઇનામ આપવામાં આવેલ. ત્યાર બાદ બહેનોએ સ્વાદિષ્ટ અલ્પાહારનો આનંદ લીધો હતો. સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં આ મીટીંગ પૂર્ણ થઇ હતી.

## અમદાવાદ મહિલા મંડળ





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અમદાવાદ ઘટકનું સ્નેહમિલન તા. ૧૦-૧૧-૨૦૨૪ના રોજ નરોડા ખાતે રાવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. જેમાં સવારના ભાગમાં મહિલા મંડળ દ્વારા ત્રણ સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. જેમાં બહેનોએ બહોળી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. ભાગ લેનાર બહેનોને પ્રથમ, દ્વિતીય, તૃતિય ઇનામ આપવામાં આવેલ અને ભાગ લેનાર બીજી બધી બહેનોને આશ્વાસન ઇનામ આપેલ હતું. ★ લીલા પાનમાંથી તોરણ બનાવવું : પ્રથમ - શ્રીમતી જલ્પાબેન એ. ચૌહાણ, દ્વિતીય - શ્રીમતી ધારાબેન પી. ચૌહાણ, તૃતિય - શ્રીમતી મીરાબેન એચ. ચાવડા. ★ ધાર્મિક ક્વીઝ : પ્રથમ - ચિરાગ ચાવડા, દ્વિતીય - શ્રીમતી કિરણબેન એ. વરૂ, તૃતિય - શ્રીમતી રંજનાબેન એમ. જેઠવા. ★ રેમ્પ વૉક : પ્રથમ - શ્રીમતી જલ્પાબેન એ. ચૌહાણ, દ્વિતીય - શ્રીમતી મેઘાબેન એચ. ગોહીલ, તૃતિય - શ્રીમતી મીરાબેન એચ. ચાવડા. ભાગ લેનાર બધી બહેનોને મહિલા મંડળે આભાર વ્યક્ત કરેલ. ત્યાર બાદ બપોરે ભોજન કર્યું. પછી મહિલા મંડળ તરફથી હાઉઝી રમાડવામાં આવી. સાંજે બધા અલ્પાહાર લઇને છુટા પડ્યા હતા.


સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - છત્તીસગઢ ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ
(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur
METRO PHASE - II G.M. (Design)

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ Bangalore
(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)
Occupation : Designer - I in NUTANX
U.S. Based Co-oncloud Computing



## Khushboo Chawda

| | |
|---|---|
| **Father** | **: Shri Shivlal Chawda** |
| **Mother** | **: Lt. Gunjan Chawda** |
| **Grand Father** | **: Lt. Amrutlal Chawda** |
| **Grand Mother** | **: Lt. Vasantben Chawda** |
| Date of Birth | : 07/12/1994 |
| Time of Birth | : 07:15 am |
| Place of Birth | : Balasore (Odisha) |
| Height | : 5 Ft. 7 Inch. |
| Weight | : 65 Kg. |
| Blood Group | : B+ |
| Education | : Pursuing Ph.D. (Science) at CSIR - NBRI, Lucknow (U.P.) |
| Qualification | : M.Phil. (Botany) |
| Father's Occ. | : Service (L.N.Metallics, Jharsuguda, Odisha) |
| Languages Kn. | : Gujarati, Hindi, Odia, English |
| Native | : Deevariya |
| Kuldevi | : Shri Brahmani/Sikotara Maa |
| Gotra | : Kashyap |
| **Siblings** | **: Nayan Chawda (Elder Brother)** |
| **Nana** | **: Lt. Jethalal Chauhan** |
| **Nani Maa** | **: Lt. Gauri Chauhan** |
| **Mama** | **: Mahendra Chauhan - 9619665123 Bhubandswar (Odisha)** |
| **Mama** | **: Sirish Chauhan - 9437182999 Jaleswar (Odisha)** |
| Address | : BL-66 2nd Floor, Basanti Colony, Rourkela (Odisha) Dist. Sundergarh - 769012 |
| **Contact** | **: 9778077734, 7538079076** |
| E-mail | : khushboochawda8@gmail.com |

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ-અંજાર

## ૫૨મો નિઃશુલ્ક વસંતપંચમી સમુહ લગ્નોત્સવ

**તા. ૦૩/૦૨/૨૦૨૫, સોમવાર**



'સમાજરત્ન'
**શ્રી વિનોદભાઇ પી. સોલંકી**
તમામ વર પક્ષના દાતાશ્રી



**શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી**
તમામ કન્યા પક્ષના દાતાશ્રી



**સ્વ. શ્રી હેમરાજભાઇ ડી. ચૌહાણ (ચૌહાણજર્દા)**
તમામ કન્યાના પાનેતરના દાતાશ્રી



**બ્ર.કુ. શ્રી બાબુભાઇ એ. પરમાર**
કુમકુમ પત્રિકાના દાતાશ્રી

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ - અંજાર ઘટક દ્વારા **વસંતપંચમીના શુભ દિવસે ૫૧મો નિશુલ્ક સમુહ લગ્નોત્સવ** નું આયોજન તા. ૦૩/૦૨/૨૦૨૫, સોમવાર ના રોજ નક્કી કરવામાં આવેલ છે. સમાજના કોઇપણ ભાઇ-બહેનોને ભાગ લેવાની ઇચ્છા હોય તેમને સમાજભવન-અંજાર મધ્યેથી નિયત ફોર્મ મેળવી વિગતવાર ભરીને **તા. ૩૧/૧૨/૨૦૨૪, મંગળવાર,** સુધી પરત કરી આપવા વિનંતી કરવામાં આવે છે. ભાગ લીધેલ સમાજના ભાઇ-બહેનોના **વાલીઓની મીટીંગ તા. ૧૨/૦૧/૨૦૨૫, રવિવાર, બપોરે ૩.૦૦ કલાકે શ્રી ક.ગુ.ક્ષ. (મિસ્ત્રી) સમાજ ભવન–અંજાર** મધ્યે રાખવામાં આવેલ છે. જેમાં કંકોત્રી વિતરણ તેમજ કન્યા પક્ષોને પાનેતરનું વિતરણ કરવામાં આવશે.

**:: વધુ વિગત માટે સંપર્ક ::**



શ્રી વિનોદભાઇ મોહનલાલ ખોડિયાર
પ્રમુખશ્રી,
અંજાર ઘટક
મો. ૯૪૦૮૨૪૪૬૪૪



શ્રી અનિલભાઇ જેન્તીલાલ રાઠોડ
(અધ્યક્ષશ્રી, સમુહ લગ્ન સમિતિ-અંજાર)
(ઉપપ્રમુખ, અંજાર ઘટક
મો. ૯૯૨૫૩૧૮૬૨૬

# ગાંધીધામ ઘટક દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવની તસવીરી ઝલક...























# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા

તા. ૨૭/૧૦/૨૦૨૪ની સામાન્ય સભા તથા વિદ્યાર્થીની પુરસ્કાર વિતરણ સમારોહ



## સોલંકી પરિવારની ઐતિહાસીક જાહેરાત...

**છાત્રાલયમાં રહીને અભ્યાસ કરવા આવનાર તમામ વિદ્યાર્થીનીઓના છાત્રાલય ખર્ચની આજીવન જવાબદારી પોતાનો પરિવાર ઉપાડશે તેવી ઐતિહાસીક અને ઉદારદિલ જાહેરાત કરતા કન્યા છાત્રાલય અને મહાસભાના આદરણીય પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી... આભાર સોલંકી પરિવાર... જય સિયારામ...**




















# Congratulations... Radhika Waghela

*On your Post Graduation*





By the grace of God and blessings of family members, our daughter Radhika Waghela has completed her Post Graduation in Masters of Pharmaceutical Sciences from Monash University, Melbourne, Australia. At present she is working as "Regulatory Affairs Associate" at Advanced Skin Technology, Melbourne, Australia. We wish her a bright and successful career.

*With Blessings from...*

| | | |
|---|---|---|
| Father | : | Ajay B. Waghela |
| Mother | : | Geetika Waghela |
| Grand Father | : | Lt. Balram Premji Waghela |
| Grand Mother | : | Vijayaben Waghela |
| Nana Bapa | : | Natwarlal N. Chauhan |
| Nani Maa | : | Nrimala N. Chauhan |
| Mota Papa | : | Ashokbhai Waghela |
| Mota Mummy | : | Jyotiben Waghela |
| Mota Papa | : | Manojbhai Waghela |
| Mota Mummy | : | Heenaben Waghela |
| Younger Sisters | : | Arya Waghela (BE in CS)<br>Avya Waghela (BE in CS) |
| Cousins | : | Dr Dimpy - Dr Neel Gohil, Dr Kishu - Jay Taunk<br>Gopal - Yogita Waghela, Nitya - Yash Rathod<br>Karan Parmar, Dr Nupur Parmar, Vani & Ketki Chauhan |
| Address | : | 210, Arya Nagar, Durg (CG) 491001<br>Mo. 9893101114 |

# મામાના મામાની પાંચ પેઢી



## સ્વ. સાકરબેન પુરૂષોત્તમભાઈ પરમાર (કુકમા-કચ્છ)

**'કૃષ્ણવી'** ના મામા **અશ્વિનભાઈ...**

**'અશ્વિનભાઈ'** ના મામા **અનિલભાઈ...**

**'અનિલભાઈ'** ના મામા **નવિનભાઈ અને મોહનભાઈ...**

**'નવિનભાઈ અને મોહનભાઈ'** ના મામા **પ્રભુલાલભાઈ અને જેઠાલાલભાઈ...**

સ્વ. રંભાબેન કુંવરજીભાઈ ચૌહાણ
સ્વ. નર્મદાબેન પુરૂષોત્તમભાઈ વરૂ
ગં.સ્વ. લીલાવંતીબેન (બચુબેન) લીલાધરભાઈ પરમાર
શ્રીમતી ગુણવંતીબેન જેઠાલાલભાઈ પરમાર
શ્રીમતી કલાબેન પ્રભુલાલભાઈ પરમાર
ગં.સ્વ. હીરાગૌરીબેન (મંજુલાબેન) મનજીભાઈ ચૌહાણ
સ્વ. મીનાક્ષીબેન મોહનભાઈ ચૌહાણ
શ્રીમતી નિર્મળાબેન નવીનભાઈ ચૌહાણ
ગં.સ્વ. અંજનાબેન અજીતભાઈ વાઘેલા
શ્રીમતી નયનતારાબેન અનિલભાઈ ચૌહાણ

શ્રીમતી પૂજાબેન અશ્વિનભાઈ વાઘેલા
શ્રીમતી ધરતીબેન ગૌરવભાઈ ચૌહાણ
શ્રીમતી ભાવનાબેન સુહાસભાઈ ચાવડા
શ્રીમતી પૂનમબેન પરાગભાઈ પરમાર
શ્રીમતી ભૂમિકાબેન જીતેનભાઈ પરમાર
શ્રીમતી ઉર્વીબેન દીપકભાઈ પરમાર
શ્રીમતી શિલ્પીબેન વિપુલભાઈ ચૌહાણ
શ્રીમતી દીપ્તિબેન સચીનભાઈ રાઠોડ
શ્રીમતી આરતીબેન કુણાલભાઈ ટાંક
શ્રીમતી ભક્તિબેન ઋષાગભાઈ જેઠવા

ચિ. પૂજા નવીનભાઈ ચૌહાણ

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Juhita Yadav

| | | |
|---|---|---|
| Date of Birth | : | 03/12/1997 |
| Place of Birth | : | Raipur (C.G.) |
| Height | : | 5'2" |
| Education | : | MBA Finance (Narsee Monjee, NMIMS) |
| Occupation | : | Team Lead Finance (Bank of America) |
| Gotra | : | Kaundinya |
| Mataji | : | Shri Chawal Maa |
| Native Place | : | Hajapar |
| **Father** | : | **Hitesh Yadav** |
| Occupation | : | Coo (in Pvt. Ltd.) |
| **Mother** | : | **Disha Yadav** |
| **Brother** | : | **Nishant Yadav** |
| **Gr. Father** | : | **Lt. Mohanlal Jairam Yadav** |
| **Gr. Mother** | : | **Jyoti Mohanlal Yadav** |
| **Mosar** | : | **Jairam Damji Rathod (Nana)** Raipur (C.G.) **Lt. Pushpa Jairam Rathod(Nanima)** |
| **Mama** | : | **Vijay Jairam Rathod** **Ajay Jairam Rathod** **Anand Jairam Rathod** |
| **Contact Det.** | : | **(Working and Residing at Nagpur) 9131515460, 7000541390** |



## Nishant Yadav

| | | |
|---|---|---|
| Date of Birth | : | 14/06/2000 |
| Place of Birth | : | Raipur (C.G.) |
| Height | : | 6'0" |
| Education | : | B.Sc. Hons Agriculture (Jawaharlal Nehru Krishi Vishwavidhalaya, Jabalpur) |
| Occupation | : | Pursuing Masters |
| Gotra | : | Kaundinya |
| Mataji | : | Shri Chawal Maa |
| Native Place | : | Hajapar |
| **Father** | : | **Hitesh Yadav** |
| Occupation | : | Coo (in Pvt. Ltd.) |
| **Mother** | : | **Disha Yadav** |
| **Brother** | : | **Nishant Yadav** |
| **Gr. Father** | : | **Lt. Mohanlal Jairam Yadav** |
| **Gr. Mother** | : | **Jyoti Mohanlal Yadav** |
| **Mosar** | : | **Jairam Damji Rathod (Nana)** Raipur (C.G.) **Lt. Pushpa Jairam Rathod(Nanima)** |
| **Mama** | : | **Vijay Jairam Rathod** **Ajay Jairam Rathod** **Anand Jairam Rathod** |
| **Contact Det.** | : | **(Working and Residing at Nagpur) 9131515460, 7000541390** |

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Vrunda J. Parmar

| | |
|---|---|
| Gotra | : Bharadwaj |
| Kuldevi | : Shri Momai Maa |
| Native Place | : Kukma |
| Birth Time | : 8.20 am |
| D.O.B. | : 23.08.2000 |
| Blood Group | : O+ve |
| Height | : 5 Ft. |
| Education | : M.Sc. in Biotechnology from KET's V.G. Vaze Kelkar College, Mumbai |
| Occupation | : Currently working in CQA Department at MSN Laboratories Pvt. Ltd. Hyderabad |
| **Father** | **: Jatin Kantilal Parmar** |
| Occupation | : Private Firm |
| **Mother** | **: Harsha Parmar** |
| Occupation | : Teacher |
| **Sister** | **: Mahi Jatin Parmar** |
| **Mosad** | **: Sharda T. Chauhan (Nani)<br>Kishor T. Chauhan (Mama)** |
| Mosad | : 704, Ganesh Krupa, Zaber Road, Mulund West, Mumbai<br>Mo. 9930006009 |
| Address | : 28/B, Swami Vivekanand Nagar, Bijapur Road, Saiful, Solapur |
| **Contact Det.** | **: Mother - 9922030970<br>Father - 9850307200** |



## Bhavesh R. Varu

| | |
|---|---|
| Date of Birth | : 07/02/1997 |
| Place of Birth | : Akola (MH) |
| Time of Birth | : 11:47 am |
| Height | : 5Ft. 6 inches |
| Gotra | : Valmiki |
| Education | : Bachelor of Computer Applications |
| Work | : Sr. Software Engineer at ITC Infotech, Pune |
| Kuldevi | : Shri Chawal Maa |
| Native Place | : Hajapar |
| **Father** | **: Rajesh Bhavanji Varu (Nashik)** |
| Occp. | : Retired |
| **Mother** | **: Lt. Anita Rajesh Varu** |
| **Elder Brother** | **: Sanket Rajesh Varu (Singapore)** |
| **Sister in Law** | **: Rajee Sanket Varu (Singapore)** |
| **Contact** | **: Rajesh Bhavanji Varu** |
| **Cont. No.** | **: 9673516705** |
| **Alt. Cont.** | **: Harish Ramji Varu (Brother)<br>Mo. 9326344449** |
| E-mail | : sanket.varu@gmail.com |
| Resi. Adrs. | : 202-A, Compassvale Drive, Singapore - 541202 |
| Resi. Adrs. in India | : Gokul Bunglow, #4, Near Nandanvan Garden Apartment, Mhasrul Adgaon Road, Nashik - 422004. |

# રાષ્ટ્રીય સ્તરે ઉત્તમ પાત્રની પસંદગી માટે મંગલ પાત્ર પરિચય



## Gaurav Taunk

| | | |
|---|---|---|
| Date of Birth | : | 04/01/1995 |
| Place | : | Jamshedpur |
| Height | : | 5'10" |
| Gotra | : | Kashyap |
| Kuldevi | : | Shree Chawal Maa |
| Native Place | : | Hajapar |
| Education | : | PGDM in Business Analytics from ISBR Bengaluru,<br>BA Hons in Hotel Mgmt. from IHM-Aurangabad,<br>Affiliated to Huddersfield University |
| Job profile | : | Currently working for Exterro as a Success Manager - Bengaluru,<br>Worked in Cleartax as a CSM<br>Worked in Ritz Carlton Bengaluru<br>Worked in Marriott Goa |
| **Father** | : | **Hemant Manoharlal Taunk** |
| **Mother** | : | **Kapila Hemant Taunk** |
| **Sibling** | : | **Anisha Hemant Taunk** |
| **Grand Father** | : | **Lt. Manoharlal Narsi Taunk** |
| **Grand Mother** | : | **Triveniben M. Taunk** |
| **Mosad** | : | **Nanalal D. Tank (Mama) Cuttack**<br>**Manjula N. Tank (Mami)** |
| Resi. Adrs. | : | D-15, Geetanjali Complex, Kadma, Jamshedpur (JH.) |
| **Ph. No.** | : | **+91 9334876501 (Father)** |
| E-mail | : | taunkhemant1963@gmail.com |

## Rajni M. Chauhan



| | | |
|---|---|---|
| Date of Birth | : | 14/07/1978 |
| Time of Birth | : | 04:30 am |
| Height | : | 5'5" |
| Weight | : | 45 Kg |
| Kuldevi | : | Shri Brahmani Mataji - Reha |
| Gotra | : | Vats |
| Education | : | H.S.C., I.T.I. |
| Occupation | : | Government Service (PGVCL-Kukma) |
| **Salary** | : | **Rs. 56,984.16 (Monthly)** |
| **Father** | : | **Manilal Arjanbhai Chauhan** |
| **Mother** | : | **Mayavatiben Manilal Chauhan** |
| Native Place | : | Mota Reha, Tal. Bhuj (Kutch) |
| **Mosad** | : | **Lt. Mansukhbhai Naranbhai Yadav**<br>Raipur (C.G.) |
| Address | : | In front of Annpurna Mandir,<br>Po. Kukma (Bhuj-Kutch) 370105. |
| **Contact No.** | : | **6353641591, 9726311374 (Father)** |

## ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ



### સ્વ. જયંતિલાલ રણછોડદાસ ચૌહાણ

સ્વ. તા. ૧૪–૧૨–૨૦૨૦, મુળ ગામ : રેહા, હાલ મુકામ : કુકમા (કચ્છ)

પરિવારની છત્રછાયા સમાન મોભી અને પરિવારને સુસંસ્કારનું સિંચન કરનાર એવા પિતાશ્રીને હૃદપૂર્વક શ્રદ્ધાંજલિ... પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરઃ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. કંચનબેન જયંતીલાલ ચૌહાણ | પત્ની |
| સ્વ. રંભાબેન રણછોડદાસ ચૌહાણ | માતા–પિતા |
| સ્વ. ગવરીબેન કાનજીભાઈ ચાવડા | સાસુ–સસરા |
| પુનમબેન નિતેશભાઈ ચૌહાણ | પુત્રવધુ–પુત્ર |
| કિરણબેન તેજસભાઈ ચૌહાણ | પુત્રવધુ–પુત્ર |
| ટિનાબેન અજયભાઈ ચૌહાણ | પુત્રવધુ–પુત્ર |
| તોશિકા, નેશિકા, વૃંદા | પૌત્રી |
| પુનિશ, હર્ષ | પૌત્રા |

સમસ્ત ચૌહાણ પરિવાર

॥ જય સિયારામ ॥

# ભાવપૂર્ણ મિત્રાંજલિ



## સ્વ. હરિલાલભાઈ માંડણભાઈ રાઠોડ

માધાપર (કચ્છ)

જન્મ
૧-૫-૧૯૫૩

यद्यदाचरति श्रेष्ठसतत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ।। गीता ३-२१

સ્વર્ગવાસ
૧૬-૧૧-૨૦૨૪

"શ્રેષ્ઠ પુરૂષ જે જે આચરણ કરે છે, અન્ય જનો પણ તેવું જ આચરણ કરે છે.
તે જે ધોરણો સ્થાપે છે, તે અનુસાર સમસ્ત જનસમુદાય વર્તે છે."

પ્રભુ શ્રીરામ આપના દિવ્ય અને પવિત્ર આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના...

:: શોકમગ્ન મિત્રો ::

| | |
|---|---|
| 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી | (માધાપર) |
| શ્રી ભરતભાઈ ઓધવજીભાઈ ચાવડા | (માધાપર) |
| શ્રી પુરૂષોત્તમભાઈ ભવાનજીભાઈ સોલંકી | (માધાપર) |
| શ્રી નિરંજનભાઈ માધવજીભાઈ યાદવ | (માધાપર) |
| શ્રી જેન્તીલાલ મુળશંકરભાઈ દેવધર | (માધાપર) |

# ભાવાંજલી



જન્મ
20.12.1933

રામશરણ
06.11.2024

## સ્વ. જયંતીલાલ ભાનજીભાઈ ચૌહાણ

મૂળ વતન-કુંભારિયા, હાલે-રાયપુર (છ.ગ.)

**જીવન એવું જીવી ગયા કે ભુલાય નહીં**
**વિદાય એવી અણધારી લીધી કે મૃત્યુ પણ અમર થઈ ગયું**
**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના**

### - શોકાકુલ -

(દિકરી-જમાઇ)

અ.સૌ. હર્ષદાબેન-રમાકાંતભાઇ અગ્નિહોત્રી  અ.સૌ. કવિતાબેન-ડૉ. કાંતિલાલભાઇ ચાવડા
અ.સૌ. ભાવનાબેન-મધુસુદનભાઇ ચાવડા  ડૉ. ભારતીબેન-ડૉ. રિતેશભાઇ રાઠોડ

(દેર-દેરાણી)

ગં.સ્વ. શાંતાબેન-ખુશાલભાઇ ચૌહાણ
ગં.સ્વ. ચંપાબેન-કાંતિલાલભાઇ ચૌહાણ

(ભત્રિજા વહુ-ભત્રિજા)

અ.સૌ. ભારતીબેન-ધિરેન્દ્ર ખુશાલભાઇ ચૌહાણ
અ.સૌ. પૂજાબેન-પિયૂષ કાંતિલાલભાઇ ચૌહાણ  અ.સૌ. વિનલબેન-શૈલેષ રમેશભાઇ ચૌહાણ
અ.સૌ. રશ્મિબેન-રૂપેશ કાંતિલાલભાઇ ચૌહાણ  અ.સૌ. માલતીબેન-હિતેશ રમેશભાઇ ચૌહાણ

**સમસ્ત ચૌહાણ પરિવાર**

# પ્રાદેશિક સમિતિ તથા ઘટકોના સમાચાર

## રાંચી ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાંચી ઘટક દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્થાનીય ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં નવરાત્રી રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાંચી ઘટકના સમાજબંધુઓ તેમજ આજુબાજુના સમાજના સદસ્યોએ સાથે મળી હર્ષોલ્લાસ સાથે માતાજીના નવરાત્રીના રાસગરબા રમી નવદુર્ગાની આરાધના કરેલ. આ અવસરમાં ભાગ લેનાર પ્રત્યેક બાળકો અને યુવતીઓને સ્ટીલની થાળી અને ગ્લાસની લ્હાણી





કરવામાં આવેલ. કાર્યક્રમમાં સહયોગ કરનાર મહિલાઓને પણ ગીફ્ટ આપીને સન્માન કરવામાં આવેલ. ઘટકની ભજન મંડળી ગ્રુપના સદસ્ય શ્રી કાંતિલાલભાઇ સોલંકી, હિતેશ સોલંકી, પરેશ સોલંકી, જીતેન્દ્રભાઇ વાઢેર, હિતેશભાઇ ચૌહાણ, નિતેશ ચૌહાણ, જીતેન્દ્ર ચૌહાણ, જયંતભાઇ ચૌહાણ દ્વારા રાસગરબાનું ખુબજ સરસ સંચાલન કરવામાં આવ્યું હતું અને ઘટક દ્વારા તેમને પણ સન્માન કરવામાં આવ્યું હતું. શરદપૂનમના શુભ દિવસે પણ રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દુધપાક અને સમુહ ભોજનની વ્યવસ્થા હતી. સમાજબંધુઓએ સારી સંખ્યામાં ભાગ લઇને કાર્યક્રમને સફળ બનાવ્યું હતું. ઘટક પ્રમુખ દિલીપભાઇ વાઢેર અને કાર્યકારીણીના બધા સદસ્યોનો ખુબજ સહયોગ મળ્યો હતો. રાંચી ઘટક દ્વારા તા. ૧-૧૧-૨૦૨૪ શુક્રવારે દિપાવલી અને નવવર્ષ (પડવા)માં સ્નેહસંમેલનનું આયોજન સ્થાનીય ગુજરાતી સ્કુલમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આપણા ઘટકના લગભગ ૪૦૦ સમાજબંધુઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત વિશ્વ હિન્દુ પરિષદ (ઝારખંડ)ના પ્રમુખ ચંદ્રકાન્તભાઇના સંબોધનથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી હિતેશભાઇ કેશવજીભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં સ્વરૂચી ભોજનની વ્યવસ્થા સમાજબંધુઓ માટે કરવામાં આવી હતી. મનોરંજક કાર્યક્રમ અને ગેમ રમાડીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

રાંચી ઘટકના અંતર્ગત આવતા મેક્લુસ્કીગંજ, જે રાંચીથી ૬૦ કી.મી. દુર છે. જેમાં આપણા સમાજબંધુઓ દ્વારા દિવાળી અને નૂતન વર્ષ નિમિત્તે શનિવાર, તા. ૨-૧૧-૨૪ના સ્નેહમિલન અને સમુહ ભોજનનું આયોજન સ્થાનીય મેરીટ હોસ્ટેલમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આપણા સમાજના સપરા, ટોરીચન્દવા, કેડી ખલારી, મહુવા મિલનમાં વસતા સમાજબંધુઓ હાજર રહ્યા હતા. મહિલાઓ અને બાળકો દ્વારા

ગેમ, મનોરંજનક કાર્યક્રમ રાખવામાં આવેલ. વિજેતાઓને સમાજના વડીલો દ્વારા સન્માન કરવામાં આવેલ. રાસગરબા અને સમુહ ભોજનની વ્યવસ્થા હતી. એકબીજાને નવવર્ષની શુભકામના આપી, કાર્યક્રમમાં શ્રી મોહનભાઇ રાઠોડ, અનિલભાઇ વરૂ, મોહનભાઇ ચાવડા, ચિમનભાઇ રાઠોડ, પુનીતાબેન ટાંક, પૂર્ણિમાબેન વરૂ, રશ્મીબેન વરૂ, યોગેશભાઇ ટાંક, પ્રવિણભાઇ રાઠોડ, દીપકભાઇ રાઠોડ અને સીતારામભાઇ રાઠોડનો ખુબજ સહયોગ હતો.

## વર્ધા ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ વર્ધા ઘટક દ્વારા તા. ૨-૧૧-૨૦૨૪, શનિવારના દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યું હતું. સમાજના સર્વે ભાઇ-બહેનોએ હાજરી આપી હતી. ધોરણ ૧૦ અને ૧૨ના પ્રતિભાવાન બાળકોનું સત્કાર કરવામાં આવ્યું હતું. સમાજના વડીલોનું પણ સત્કાર કરવામાં આવ્યું હતું. નાના બાળકોની રમત-ગમત અને યુવાનો માટે વિશેષ માઇન્ડફુલ ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. મંચ પર અધ્યક્ષ શ્રી હરીશભાઇ પરમાર, સચિવ શ્રી પ્રેમભાઇ જેઠવા, ખજાનચી શ્રી રાજુભાઇ ટાંક, વરીષ્ઠ શ્રી જગદીશભાઇ ચૌહાણ, નરેન્દ્રભાઇ ટાંક ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન હેતલબેન ચૌહાણ અને ચંચલબેન જેઠવાએ સારી રીતે કર્યું હતું. સ્નેહ ભોજનના સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

## કેંજોરગઢ ઘટક




કેંજોરગઢ ઘટક દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજવાડીમાં નવરાત્રી મહોત્સવનું આયોજન ખુબજ ધામધુમથી કરવામાં આવેલ હતું. જેમાં દશેરાને દિવસે ઓડિસાના મુખ્યમંત્રી શ્રી મોહનચરણ માંઝી તથા અન્ય વિશેષ અતિથિઓ ઉપસ્થિત રહી બધાનો ઉત્સાહ વધાર્યો હતો. પહેલે નોરતે સ્વ. કાનજી મનજી ટાંકનાં નિવાસ સ્થાનેથી સ્મૃતીબેન રાઠોડે માતાજીના ગરબાને ધારણ કરી વાજતે-ગાજતે સમાજવાડી પહોંચ્યા હતા ત્યારબાદ આરતી કરી સૌ એ રાસ લીધા હતા. નોરતાં દરમ્યાન દરરોજ રાત્રે ૯ વાગ્યે માતાજીની પહેલી આરતી કર્યા બાદ સૌ ભકતો ખૂબ ઉત્સાહ તથા ભક્તિભાવથી રાસ ગરબા લેતા હતા.

આ દરમ્યાન મહિલા મંડળ તથા યુવક મંડળ દ્વારા ફેંસીડ્રિસ, ડ્રોઈંગ, જેવી અનેક સ્પર્ધાઓનું આયોજન કરી વિજેતાઓ ને ઇનામો આપવામાં આવ્યા હતા. છઠને દિવસે કુંવારીકાઓનું જમણ રાખવામાં આવેલ હતું. આઠમને દિવસે સવારે માતાજીનો હવન કરવામાં આવેલ હતો જેમાં શ્રી નિતેશભાઇ તથા શ્રીમતી અંકિતાબેન નિતેશ ભાઇ રાઠોડ યજમાન તરીકે બેઠા હતા. રાત્રે બાળકો તથા બહેનોએ ખાસ આકર્ષક રાસ પ્રસ્તુત કર્યા હતા.

વિજયાદશમીના દિવસે ઓડિસાના મુખ્યમંત્રી શ્રી મોહનચરણ માંઝી, સાંસદ શ્રી અનંત નાયક, વિધાયકો, વરિષ્ઠ નેતા, ઓડિશાના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ, કેંજોરગઢના મ્યુનિસિપલચેરમેન, કલેકટર, પોલીસ અધિક્ષક તથા અન્ય વિશેષ અતિથિઓ પધાર્યા હતા. બાળાઓ એ કંકુ ચોખા થી

તિલક કરી તથા આરતી ઉતારી મુખ્યમંત્રી તથા અન્ય અતિથિઓનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ અતિથિઓ એ માતાજીના દર્શન કર્યા હતા. ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ શિવલાલ પરમાર, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજી યાદવ તથા યુવક મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર શિવજીભાઇ રાઠોડે પુષ્પગુચ્છથી તથા શાલ ઓઢાડી અતિથિઓ નું સ્વાગત કર્યું હતું. બાળાઓ તથા બહેનોએ ખાસ આકર્ષક રાસ પ્રસ્તુત કર્યા હતા. સાંસદ શ્રી નાયક તથા મુખ્યમંત્રીના પત્નીએ બધા સાથે મળી રાસ પણ લીધા હતા. માજી પ્રમુખ શ્રી લલિતભાઈ રાઠોડ, માજી મંત્રી શ્રી પરસોત્તમભાઈ ટાંક, ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઈ, વરીષ્ઠ નેતા શ્રી નિરંજન પટનાયક ના ઉદ્‌બોધન બાદ મુખ્યમંત્રી એ પોતાના ઉદ્‌બોધનમાં આપણા સમાજ સાથે તેમની લાગણી વિશે કહેતા ઘણાં વર્ષોથી દર વર્ષે તેવો નવરાત્રી ઉત્સવમાં પધારી માતાજીના દર્શન કરી આશીર્વાદ લેવા આવતા રહે છે એમ કહ્યું હતું. ઘટક, મહિલા મંડળ તથા યુવક મંડળના પદાધિકારીઓ દ્વારા મુખ્યમંત્રી તથા અન્ય અતિથિઓને મોમેંટો આપી સન્માનિત કરવામાં આવેલ હતું. અંતમાં યુવક મંડળ પ્રમુખ શ્રી શિવકુમારભાઈએ અતિથિઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ નું સંચાલન મંત્રી શ્રી મનોજભાઈપરસોત્તમભાઈચાવડા એ કર્યુ હતું. દશમીના રાસ ગરબા બાદ માતાજીના ગરબાને વિસર્જન કરવામાં આવેલ હતું.

બારસના દિવસે ઘટક નું પ્રિતી ભોજન નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સૌ સદસ્યો એ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લિધો હતો. શરદ પુનમના કાનુડાના રાસ લેવામાં આવ્યા હતા બધાએ દુધપૌઆનો પ્રસાદ લિધો હતો. આ બધા કાર્યક્રમોમાં ઘટક, મહિલા મંડળ તથા યુવક મંડળના સદસ્યોએ પોતાનો પુરો સહયોગ આપી તેને સફળ કર્યો હતો.

## ઉદયપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઉદયપુર ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલન અને સામાન્ય સભા તા. ૨-૧૧-૨૦૨૪, શનિવારના દિવસે રાખવામાં આવેલ. જેમાં ઉદયપુર ઘટકના સર્વે સભ્યોએ પરિવાર સાથે ભાગ લીધેલ. સવારે ૯.૩૦ વાગ્યે અલ્પાહાર પછી ૧૧ વાગ્યાથી મીટીંગ પ્રારંભ કરવામાં આવેલ. ઘટક પ્રમુખ શ્રી નરેન્દ્રભાઇ ચૌહાણ, મંત્રી શ્રી મિહિરભાઇ ચૌહાણ અને ઉપાધ્યક્ષ શ્રી ધીરજભાઇ યાદવ તેમજ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી આશાબેન ચૌહાણ, મંત્રી શ્રીમતી ડીમ્પલબેન પરમાર અને કોષાધ્યક્ષ શ્રીમતી પુનમબેન ચૌહાણને આમંત્રિત કરી મંચાશીન કરવામાં આવેલ.

કાર્યક્રમના સભાપતિ રૂપે ઘટકના વડીલ શ્રી દેવરામભાઇ ચૌહાણનું સ્વાગત કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના મહિલા મંડળ દ્વારા કર્યા બાદ ઘટકના કાર્યવાહક કોષાધ્યક્ષ અને મહિલા મંડળના કોષાધ્યક્ષએ સમાજની આવક-જાવકનો હિસાબ રજુ કર્યો જેને સામાન્ય સભાએ બહાલી આપી. ઘટક મંત્રી અને મહિલા મંડળના મંત્રીએ ઘટક અને મહિલા મંડળમાં થતી ગતિવિધિઓથી સામાન્ય સભાને જણાવેલ.

સામાન્ય સભાએ ઘટકના સ્વર્ગસ્થ વડીલ સ્વ. શ્રી મોરારભાઇ રત્નાભાઇ પરમાર અને સ્વ. રસિકભાઇ ભાણજીભાઇ રાઠોડને બે મિનિટનું મૌન રાખી શ્રદ્ધાંજલી આપેલ. ઘટકના સમસ્ત સદસ્યોના સુખ-દુ:ખમાં હરહંમેશ સાથે



રહેતા શ્રી દેવરામભાઇ વિશ્રામભાઇ ચૌહાણ, શ્રી સુધીરભાઇ કેશવભાઇ પરમાર તેમજ શ્રી રાજેન્દ્રભાઇ વાલજીભાઇ પરમારને પ્રશસ્તિ પત્ર આપી સન્માનીત કરવામાં આવેલ. મહિલા મંડળ દ્વારા બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભાઇ-બહેનો માટે રમત-ગમતનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વે ભાઇ-બહેનો અને બાળકોએ બહુજ ઉત્સાહથી ભાગ લીધેલ. રમતગમતના વિજેતાઓને મહિલા મંડળ દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવેલ તેમજ બાળકોને પ્રોત્સાહનરૂપે પ્રમુખશ્રી નરેન્દ્રભાઇ ચૌહાણ તરફથી ઇનામ આપેલ. બપોરના ભોજનની મજા માણી હતી. ભોજન બાદ સર્વે સદસ્યોએ મળી રાષ્ટ્રગાન અને જય ભારત, જય સમાજના ઉદ્‌ઘોષની સાથે સામાન્ય સભા સમાપ્ત કરવામાં આવી હતી.

## ઉજ્જૈન ઘટક





શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઉજ્જૈન ઘટકનું દીપાવલી અભિનંદન, નવ વર્ષ મિલન સમારોહ અને વાર્ષિક સાધારણ સભાનું આયોજન તારીખ ૦૧-૧૧-૨૦૨૪, શુક્રવાર, પડવાના દિવસે હોટેલ શ્રીનાથમાં સવારે ૧૧ વાગે રાખવામાં આવ્યું. સર્વ પ્રથમ ઘટક પ્રમુખ શ્રી અરવિંદભાઈ ત્રિકમજીભાઈ ચાવડા દ્વારા મિલન સમારોહમાં પધારેલ ઘટકના સર્વે સભ્યોનું અભિવાદન અને નવા વર્ષની શુભકામના આપવામાં આવી હતી એમના બાદ સર્વે સભ્યો દ્વારા એકબીજાનો અભિવાદન કર્યો અને વડીલોથી આશીર્વાદ લેવામાં આવ્યો. ત્યાર બાદ મંત્રી શ્રી રવિન્દ્રભાઈ હરિલાલભાઈ જેઠવા, કોષાધ્યક્ષ શ્રી ખુશાલચંદ્ર ત્રિકમજીભાઈ ચાવડા, ઉપપ્રમુખ શ્રી હિમ્મતભાઈ મણીલાલભાઈ વરુ, શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલભાઈ રાઠોડ અને શ્રી લલિતભાઈ વેલજીભાઈ વેગડ, સહમંત્રી શ્રી હસમુખભાઈ જીવરામભાઈ ચૌહાણ અને સલાહકાર મંડળમાં શ્રી જયહિન્દભાઈ ત્રિકમજીભાઈ ચાવડા ,શ્રી ગૌતમભાઈ અમરસિંહભાઈ વરુ, શ્રી કૈલાશભાઈ મોરારજીભાઈ રાઠોડ શ્રી નવીનભાઈ મોહનલાલ ભાઈ ચાવડા, શ્રી અનિલભાઈ વાસુદેવભાઈ ચાવડા અને શ્રી મહેશભાઈ નરસીભાઇ સોલંકી દ્વારા મિલન સમારોહમાં પધારેલ ઘટકના સર્વે સભ્યોનું અભિવાદન અને નવા વર્ષની શુભકામના આપવામાં આવી હતી

ઘટકનું વાર્ષિક આય-વ્યયનો હિસાબ કોષાધ્યક્ષ શ્રી ખુશાલભાઇ ત્રિકમજીભાઇ ચાવડા દ્વારા અને મહિલામંડળનું વાર્ષિક આય-વ્યયનો હિસાબ કોષાધ્યક્ષ શ્રીમતી અરુણાબેન ખુશાલભાઈ ચાવડા દ્વારા રજુ કરવામાં આવેલ અને નવા વર્ષ ની શુભકામના અને અભિવાદન આપવા માં આવેલ. મહિલામંડળ પ્રમુખ કલ્પનાબેન દિનેશભાઈ ચૌહાણ, મંત્રી શ્રીમતી મીનાબેન હસમુખભાઈ ચૌહાણ, દ્વારા મિલન સમારોહ ઘટકના સર્વે પદાધિકારી અને સભ્યોનું અભિવાદન અને નવા વર્ષની શુભકામના આપવા માં આવી. ઉજ્જૈનમાં દર ૧૨ વર્ષે કુંભનો વિશાલ ધાર્મિક મેળો લાગે છે જેમાં આપણા સમાજના દેશ-વિદેશમાં નિવાસરત સમાજજનો ઘણી સંખ્યામાં આવે છે એમની સુવિધા માટે ઉજ્જૈન ઘટકના પરિવારો અને સમાજના માનનીય દાન-દાતાઓના સહયોગ થી મેળા ક્ષેત્રમાં એક વિશાલ કેમ્પમાં ભોજન અને આવાસની વ્યવસ્થા નિશુલ્ક કરવા માં આવે છે આ વખતે સન ૨૦૨૮માં ઉજ્જૈનમાં કુંભનો મેળો લાગશે એની રૂપરેખા બનાવવા માટે એક સમિતિનું ગઠન કરવામાં આવશે.

સાધારણ સભામાં ચાલુ વિત્તીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં આપેલ આકસ્મિક પારિવારિક સહાયતાનું અનુમોદન, ઘટકના રજીસ્ટ્રેશનનું નવીનીકરણ ઉપર થયેલ ખર્ચ અને અન્ય વાર્ષિક ખર્ચનું અનુમોદન લેવામાં આવ્યું સાથે જ ઓડિટ રિપોર્ટનું વાચન કરવામાં આવ્યું. અંતમાં સમસ્ત સભ્યો દ્વારા દિપાવલી અભિનંદન અને નવવર્ષ મિલન સમારોહમાં સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધો અને સભા સમાપ્ત થઈ. આ વર્ષે ભોજનનું આયોજન શ્રી લલિતભાઈ વેલજીભાઈ વેગડ પરિવાર અને ઘટકના સર્વે સભ્યોના સહયોગ દ્વારા કરવામાં આવેલ હતું. આગલા વર્ષ સન ૨૦૨૫ના દિપાવલી અભિનંદન અને નવવર્ષ મિલન સમારોહમાં સ્વાદિષ્ટ ભોજનના આયોજન માટે ઘટકના સર્વે સભ્યો અને શ્રી હિમ્મતભાઈ મણીલાલભાઈ વરુ પરિવારનું નામ રજુ કરવામાં આવ્યું હતું.

## રાઉરકેલા ઘટક








સ્નેહમીલન કાર્યક્રમ   શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા ઘટક દ્વારા તારીખ ૦૩/૧૧/૨૦૨૪ દિવસ રવિવારના રોજે દિવાળી અને નવા વર્ષની ઉજવણી નિમિત્તે સ્નેહ મિલન સમારોહનું આયોજન સમાજ ભવનમાં કરવામાં આવેલ હતું. સમ્માનનીય મંચ ને સભા નાં અધ્યક્ષ સ્થાને બનઈગઠ નિવાસી શ્રીમતી પ્રભાબેન મુકુંદભાઈ ચૌહાણ , મહાસભાના માજી પ્રમુખ તથા સલાહકાર સભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ વિશનજી ભાઈ પરમાર, અ.ભા.મ.મ.મં.ના માજી પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન ભુપેન્દ્રભાઈ પરમાર , મહાસભાના મંત્રી શ્રી કિશોરભાઈ ભગવાનલાલ ટાંક, પશ્ચિમ ઓડિશા પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી નીતિનભાઈ માધવજી ભાઈ વરુ , પશ્ચિમ ઓડિશા મહિલા પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રીમતી ભૂમિકાબેન નીતિનભાઈ વરુ, અ.ભા.મ.મ.મં.ના સાંસ્કૃતિક મંત્રી શ્રીમતી આશાબેન રાજેશભાઈ પરમાર, મહાસભા વિશેષ આમંત્રિત સભ્ય શ્રી દિનેશભાઈ ખેમરાજભાઈ પરમાર, મહાસભાના વિશેષ આમંત્રિત સભ્ય શ્રી હરીશભાઈ ભગવાનલાલભાઈ ટાંક, ઘટક પ્રમુખ શ્રી નીતિનભાઈ માધવજીભાઈ વરુ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઈ પરમાર, યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશભાઈ ભરતભાઇ રાઠોડએ શોભાયમાન કરેલું. સર્વ પ્રથમ દિપ પ્રાગટય , ગણેશ વંદના , રાઉરકેલા મહિલા મંડળ દ્વારા પ્રાર્થના તેમજ સ્વાગત ગીત રજુ કરવામાં આવેલ.ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા દિવાળી અને નૂતન વર્ષ ની શુભકામનાઓ આપવામાં આવેલ. ૨૦૨૩ થી ૨૦૨૪ માં ૮૦ % થી ઉપર માર્ક્સ મેળવી પાસ થયેલા વિદ્યાર્થીઓ ને સરસ્વતી સન્માન આપવામાં આવેલ. ત્યારબાદ રાઉરકેલા ઘટક વતી શ્રી કિશોરભાઈ ભગવાનલાલ ટાંકને લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ થી સમ્માનિત કરવામાં આવેલ. રાઉરકેલા ઘટક ના સર્વે સદસ્યો દ્વારા રોબીનહુડ આર્મીના સદસ્યો નું સમ્માન કરવામાં આવ્યું. ઘટક દ્વારા રંગોળી પ્રતિયોગિતા રાખેલ જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય અને દરેક ને કોન્શુલેશન પ્રાઈઝ ઘટક દ્વારા આપવામાં આવ્યું.જેની વ્યવસ્થા મહિલા મંડળ દ્વારા કરવામાં આવી હતી.મહિલા મંડળ દ્વારા મીઠાઈ પ્રતિયોગિતા રાખેલ જેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય અને કોન્શુલેશન પ્રાઈઝ મહિલા મંડળ દ્વારા આપવામાં આવેલ. ત્યારબાદ સમાજ ભવન માં રસોઈ ઘર નવીનીકરણ ના દાતા સ્વરુપે લીલાવંતી બેન વિશનજી ભાઈ પરમાર હસ્તે ભૂપેન્દ્રભાઈ પરમાર પરિવાર દ્વારા કરવામાં આવેલ. મંચ સંચાલન શ્રી કિશોરભાઈ ભગવાનલાલ ભાઈ ટાંક તથા શ્રી દિનેશભાઈ ખેમરાજ ભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ. અંત માં આભાર વિધી કિશોર ભાઈ ભગવાન લાલ ભાઈ ટાંક દ્વારા કરવામાં આવેલ.ત્યારબાદ સર્વે સદસ્યો દ્વારા ભોજન પ્રસાદ ગ્રહણ કરી હરખભેર વિખરાયા હતા.

## નાગોર ઘટક

નાગોર ઘટક દ્વારા તા. ૧૯-૧૦-૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના સરસ્વતી સન્માનનું આયોજન સમાજ ભવન મધ્યે રાખવામાં આવેલ હતું. કાર્યક્રમનું આયોજન નાગોર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. જેમાં ઘટક પ્રમુખ વિજેશ ધનજીભાઇ સોલંકી, મહિલા મંડળ પ્રમુખ

શ્રીમતી કાન્તાબેન છગનલાલ પરમાર તથા યુવા મંડળ પ્રમુખ આનંદ ભરતભાઇ ચૌહાણ તથા સર્વે સમાજબંધુ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યાર બાદ સરસ્વતી વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે દિલીપભાઇ ગાંગજીભાઇ ચૌહાણ અને વિજેશભાઇ ધનજીભાઇ સોલંકીએ બાળકોને ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા અને અંતમાં સૌ સમાજબંધુઓએ સાથે મળી ભોજન લઇને રાસની મજા માણી હતી. ત્યાર બાદ આભાર વિધિ કુ. દર્શનાબેન પરેશભાઇ ચૌહાણ અને કુ. યશ્વીબેન નિરંજનભાઇ ચૌહાણે કરી હતી.

## માધાપર ઘટક

માધાપરના જુનાવાસ મધ્યે રેલ્વે સ્ટેશન પાસે આવેલા કલ્યાણેશ્વર મહાદેવ મંદિર (ટેકરીવાળા) મધ્યે કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના 'સમાજરત્ન' મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તરફથી ફ્લોર, ફ્લોર ટાઇલ્સ, શેડ તથા કઠોળાના કામનું રૂા. ૪,૫૧,૦૦૦ના ખર્ચે કરાવી આપવામાં આવતા તેમના હસ્તે શાંતિ હવન તથા તક્તી અનાવરણ કરી લોકાર્પણ કાર્યક્રમ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ માધાપરના પ્રમુખ શ્રી જયંતિલાલ વલમજીભાઇ વાઘેલાના પ્રમુખ સ્થાને આયોજન કરાયું હતું. શાસ્ત્રોક્ત વિધી શ્રી પરેશભાઇ શાંતિલાલ ત્રિવેદી દ્વારા કરાવેલ. શ્રી વિનોદભાઇ સોલંકીએ તક્તીનું અનાવરણ કરેલ. આ પ્રસંગે શ્રી વિનોદભાઇ સોલંકી, શ્રી પરેશભાઇ ત્રિવેદી, મંદિરના પૂજારી, શ્રી બાબુલાલ શામજીભાઇ ચૌહાણ તથા શ્રી રતિલાલભાઇ રઘુભાઇ ચૌહાણનું બહુમાન કરાયેલ હતું. શ્રી બાબુભાઇ શામજી ચૌહાણે પાણીની લાઇનનું કામ કરાવી આપેલ તથા શ્રી રતિલાલ રઘુભાઇ ચૌહાણ નિયમિત મંદિરે સેવા આપે છે. પ્રાસંગિક પ્રવચન કરતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીએ જણાવેલ કે વર્ષોથી ગામના આગેવાનોએ આ જગ્યાનું જતન કરી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજને સોંપેલ છે તેનો આનંદ છે અને તેનો સમાજ વતીથી આભાર માનું છું તેમજ મંદિરનું કલરકામ કરી આપવાની જાહેરાત કરી હતી. ઘટક પ્રમુખ શ્રી જયંતીલાલ વલમજીભાઇ વાઘેલાએ દાતાશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીનો આભાર માની અને આ જગ્યાને વિકાસ



માટે સમાજ તરફથી દાતાઓનો સહકારથી કાર્ય કરવાની માહિતી આપેલ હતી. આ પ્રસંગે મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ પી. સોલંકી, બ્રહ્માકુમાર શ્રી બાબુભાઇ અરજણભાઇ પરમાર, કચ્છ પ્રાદેશિક પ્રમુખ શ્રી બાબુભાઇ શામજીભાઇ ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળના ઉપપ્રમુખ શ્રીમતી નીતાબેન વિનોદભાઇ સોલંકી, માધાપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, માધાપર યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તેમજ શ્રીમતી જમનાબેન દામજીભાઇ, શ્રી દામજીભાઇ હિરજીભાઇ વરૂ, શ્રી ચમનભાઇ માધવજીભાઇ ચૌહાણ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માધાપર ઘટકના ઉપપ્રમુખ શ્રી બ્રિજેશભાઇ ગોહિલ, સહમંત્રી દીપકભાઇ નરસિંહભાઇ ચૌહાણ, કારોબારી સભ્યો શ્રી કિરણભાઇ ચૌહાણ, શ્રી ગિરીશભાઇ ચૌહાણ, મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ તથા સભ્યો મહિલા મંડળના શ્રીમતી તારાબેન ટાંક તથા તમામ હોદ્દેદારો જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડે કરેલ હતી.

## ઔરંગાબાદ ઘટક

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ઔરંગાબાદ ઘટક દ્વારા તા. ૦૨.૧૧.૨૦૨૪ના દિવાળીના સ્નેહમિલનનું આયોજન ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. તેમાં ઘટકના સહુ વડીલો તથા ભાઈઓ અને બહેનો અને બાળકોએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિતી આપી હતી.

સૌ પ્રથમ પ્રોગ્રામની શુરૂવાત દીપ પ્રગટાવી આપણા



સમાજના સંસ્થાપક શ્રી હીરજીબાપાને પુષ્પમાલા અર્પણ કરી ને કર્યું હતું. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના નાના બાળકોએ ભાગ લીધો હતો તેઓને ગીફ્ટ આપવામાં આવી હતી. ત્યારબાદ સ્નેહમિલનનો કાર્યક્રમ કરી સૌએ સ્વાદીષ્ટ ભોજનનો આસ્વાદ લઈ છુટા પડ્યા. ખુબ જ સરસ આ પ્રોગ્રામનું અને સફળતાનું શ્રેય સહુનાં સહકાર્ય અને ઔરંગાબાદ ઘટકની ટીમ ને ખૂબ ખૂબ અભિનંદન. દિવાળીની તથા નવવર્ષની આપ સૌને આંતરિક શુભેચ્છા.



## ગાંધીધામ ઘટક






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ગાંધીધામ ઘટકની સામાન્ય સભા તા. ૨૦-૧૧-૨૪ના રોજ બપોરે ઘટક પ્રમુખ શ્રી નીતિનભાઇ દેવશીભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને ગાંધીધામ સમાજ ભવન મધ્યે રાખવામાં આવેલ. જેમાં સવારે ગાંધીધામ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડના અધ્યક્ષ સ્થાને ટ્રસ્ટની સામાન્ય સભા પણ યોજવામાં આવેલ. ત્યાર બાદ આમંત્રિત સૌ ટ્રસ્ટીગણ તથા ગાંધીધામ ઘટક સમાજના સમાજબંધુઓએ બપોરનું ભોજન સાથે ગ્રહણ કરી બપોરે ૨.૩૦ વાગ્યે ગાંધીધામ ઘટકની સામાન્ય સભા ઘટક પ્રમુખ શ્રી નીતીનભાઇ દેવશીભાઇ પરમારના અધ્યક્ષસ્થાને યોજાઇ હતી.

જેમાં મંત્રીશ્રી દ્વારા ઘટક પ્રમુખ તથા સર્વે સલાહકાર પ્રમુખશ્રીઓ તથા ઉપપ્રમુખશ્રીઓને મંચસ્થ થઇ પોતાનું સ્થાન ગ્રહણ કરાવેલ. જેમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતીનભાઇ પરમાર તથા યુવા મંડળના પ્રમુખ શ્રી કપીલભાઇ અરૂણભાઇ ચૌહાણને પણ સ્થાન ગ્રહણ કરાવેલ. મંચસ્થ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત મંત્રીશ્રીએ કરાવીને સૌનો આભાર માની સભા આગળ વધારી હતી. સૌ હોદ્દેદારો તથા કારોબારી સભ્યો સાથે દીપ પ્રાગટ્ય કરી ગાયત્રી મંત્ર સાથે સભાની શરૂઆત કરી અવસાન પામેલ સર્વ દિવ્યાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ અને બે મિનિટનું મૌન પાડવામાં આવેલ.

ત્યાર બાદ મંત્રીશ્રીએ ગત સામાન્ય સભાની મિનિટ્સનું વાંચન કર્યું હતું અને સભામાં ઉપસ્થિતોની હાથ ઉંચો કરાવી બહાલી લેવામાં આવી હતી ત્યાર પછી ઘટકના વિવિધ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. પછી ઘટકના ખજાનચી શ્રી ઇશ્વરભાઇ રાઠોડ દ્વારા ઘટકના હિસાબોની રજુઆત કરવામાં આવેલ અને આ હિસાબોની ઉપસ્થિત સભ્યોના હાથ ઉંચો કરાવી બહાલી લેવામાં આવ. ત્યાર પછી મિટિંગના એજન્ડા મુજબ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મોનાબેન નીતીનભાઇ પરમાર દ્વારા મહિલા મંડળના વિવિધ કાર્યો તથા પ્રોગ્રામની માહિતી આપી હતી અને યુવા મંડળના પ્રમુખશ્રી કપિલભાઇ અરૂણભાઇ ચૌહાણ દ્વારા પણ તેમણે કરેલા કાર્યોની સમીક્ષા કરવામાં આવેલ. ત્યારબાદ ઘટકના પ્રમુખશ્રી દ્વારા સમાજબંધુઓની ઉપસ્થિતિમાં સમાજની એક્તા અને મજબુત વિશ્વાની ભાવના સાથે પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યાર બાદ શ્રી અરૂણભાઇ નરોત્તમભાઇ ચૌહાણ તથા શ્રી કિશોરભાઇ ભાઇલાલભાઇ રાઠોડ દ્વારા સમાજની કાર્યપ્રણાલીથી સૌને માહિતગાર કર્યા હતા અને સમજણ આપી હતી અને સમાજ પ્રત્યે ભાવના ઉત્પન્ન કરવા ઇજન આપ્યું. મંત્રીશ્રી દ્વારા પધારેલ તમામ હોદ્દેદારો તથા સભ્યોની આભાર માની સભાને પૂર્ણ જાહેર કરેલ. સામાન્ય સભાની પૂર્ણતા પછી સરસ્વતી સન્માન

૨૦૨૩નો પ્રોગ્રામ યોજવામાં આવેલ. જેમાં એલ.કે.જી.થી માસ્ટર્સ અને ઉચ્ચ શૈક્ષણિક યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને ૧૨૫ જેટલા દરેકને એકથી ત્રણ અને આશ્વાસન ઇનામનું વિતરણ ઘટકના હોદ્દેદારો તથા સમાજના વરિષ્ઠ કાર્યકરો દ્વારા કરવામાં આવેલ સાથે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત સમાજના બહુ પ્રતિભા ધરાવનારાઓનું પણ સન્માન કરવામાં આવેલ. સરસ્વતી સન્માનના પ્રોગ્રામનું સંચાલન મહિલા મંડળના મંત્રી શ્રીમતી હીનાબેન પરમાર તથા યુવા મંડળના મંત્રી શ્રીમતી સુનિતાબેન ટાંક દ્વારા કરવામાં આવેલ. ત્યાર બાદ મહિલા મંડળના તથા યુવા મંડળના સભ્યો દ્વારા હાઉસીનો પ્રોગ્રામ કરવામાં આવેલ. જેમાં સૌ સમાજબંધુઓએ રાજીખુશીથી ભાગ લઇ આનંદિત થયાની લાગણી અનુભવી હતી. ત્યાર બાદ ઉપસ્થિત સમાજબંધુઓએ રાત્રિના પાંઉભાજીની મોજ માણી હસીખુશી સાથે છુટા પડ્યા હતા.

## બિલાસપુર ઘટક




ભાઇબીજ તા. ૩-૧૧-૨૦૨૪ના બિલાસપુર ઘટકની વાર્ષિક સામાન્ય સભા તથા પડવો-સ્નેહમિલન સમારંભ સમાજવાડીમાં ઘટક પ્રમુખ શ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણના સભાધ્યક્ષ સ્થાને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયું. મુખ્ય અતિથિની આસંદીએ બિલાસપુર ઘટક સલાહકાર શ્રી સૂર્યકાનતભાઇ કાનજીભાઇ ચૌહાણની ગરિમામય ઉપસ્થિતિ સાથે મહાસભા ઉપપ્રમુખ શ્રી તથા ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઇ વિરજીભાઇ ચૌહાણ, મધ્યસ્થ ન્યાયપંચ પ્રભારી તથા ઘટક ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઇ કેશવજીભાઇ રાઠોડ, ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ નરસીભાઇ ગોહિલ, કોષાધ્યક્ષ શ્રી વિજયભાઇ ડાયાલાલભાઇ ચાવડા, મહિલા મંડળ પ્રમુખ રીમતી ભારતીબેન યોગેનભાઇ રાઠોડ, મંત્રી શ્રીમતી મીનાબેન મહેન્દ્રભાઇ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી પરિચયભાઇ રમણીકભાઇ જેઠવા તથા મંત્રી શ્રી નિશાંતભાઇ ભારતભાઇ સોલંકી સ્નેહમિલન મંચ પર મંચાસીન હતા. મંચાસીનો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે સમારોહના એંકર તરીકે શ્રીમતી બિનલબેન જીતેશભાઇ ચાવડા તથા શ્રીમતી પ્રિયંકાબેન શીતલભાઇ રાઠોડ દ્વારા સંચાલન કરતા સમારંભની શરૂઆત કરવામાં આવી હતી. ઘટક સહમંત્રી શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઇ ચાવડા દ્વારા શ્રદ્ધાંજલી પ્રસ્તુત કરવામાં આવી હતી.

સામાન્ય સભાની કાર્યવાહીમાં મંત્રી શ્રી ભાવેશભાઇ ગોહિલ દ્વારા વિગત સભાના મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું. સભા દ્વારા સર્વસંમતિથી મિનિટ્સને બહાલી આપવામાં આવી હતી. ઘટકનો અહેવાલ સહુ સમક્ષ રાખતા મંત્રી દ્વારા ઘટકમાં




અપાતી તબીબી સહાય, નિરાશ્રીતો માટે સહાય, મહાસભા અન્નપૂર્ણા સહાય અંતર્ગત અન્નદાનની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. સરસ્વતી સન્માન માટે જમા થતા આવેદનોને હજુ વધુ પ્રોત્સાહન આપવામાં આવે તથા સહુને પોતાના બાળકોની માર્કશીટ જમા કરવા માટે અનુરોધ કરવામાં આવ્યું. ઘટકનું નાણાકીય પત્ર ઘટક કોષાધ્યક્ષશ્રી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ. વિગતવાર જાણકારી બાદ સહુએ સર્વસંમતિથી આ લેખા-જોખાને બહાલી આપી હતી.

ઘટક પ્રમુખશ્રી અંબાલાલભાઇ ચૌહાણ દ્વારા પોતાના આ નવા સત્ર માટે વિવિધ પ્રગતિ મુલક કાર્યોની રૂપરેખા સહુ સમક્ષ રાખી હતી. ઉલ્લેખ યોગ્ય છે કે એમના અનુરોધને માન આપતા બિલાસપુર વિધાયક શ્રી અમર અગ્રવાલજી દ્વારા નિર્માણ સહાય રૂપે રૂા. ૨૦ લાખની મહતિ રકમ વિધાયક નિધીથી આપવાની

ઘોષણા કરી છે, આવનારા સમયમાં સમાજભવનમાં હજુ અતિરિક્ત સર્વસુવિધા યુક્ત રૂમોનું નવનિર્માણ પ્રારંભ કરવામાં આવશે એવી જાણકારી સાથે ઘટક પ્રમુખશ્રીએ સર્વ સમાજબંધવોના સાથ-સહકાર માટે આભાર માન્યો હતો.

મધ્યસ્થ ન્યાયપંચ પ્રભારી શ્રી મહેન્દ્રભાઇ રાઠોડે સહુને નવવર્ષની શુભેચ્છાઓ આપી હતી. ન્યાયપંચની સંક્ષિપ્ત જાણકારી આપી હતી. મુખ્ય અતિથિ શ્રી સૂર્યકાંતભાઇ ચૌહાણ દ્વારા સહુને દીપ પર્વની, ભાઇબીજીન શુભકામનાઓ આપવા સાથે પોતાના ઉદ્‌બોધનમાં પોતાની સમાજસેવાની યાત્રાના સંસ્મરણો, અનુભવો બતાવ્યા હતા. ઘટક પ્રમુખશ્રીનાં નેતૃત્વમાં સમાજમાં થતી પ્રગતિ તથા કાર્યોને સાધુવાદ આપ્યો હતો. ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ ગોહિલ દ્વારા મુખ્ય અતિથિનું જીવન પરિચય પ્રસ્તુત કરી એમના જીવનની અનેક જાણકારીઓથી સહુને અવગત કરાવ્યું હતું. મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ભારતીબેન રાઠોડ તથા યુવા મંડળ પ્રમુખ શ્રી પરિચયભાઇ જેઠવા દ્વારા અહેવાલ તથા ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું.

સરસ્વતી સમ્માનમાં સમાજના હોનહાર વિદ્યાર્થીઓને રજત પદક આપવામાં આવ્યા, નાના બાળકોને પ્રોત્સાહન પુરસ્કાર દેવામાં આવ્યા. સાંસ્કૃતિ કાર્યક્રમોમાં બાળકો તથા બાલીકાઓએ સરસ પ્રસ્તુતિ આપી સર્વેને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્વાગત ગીત શ્રીમતી તન્વીબેન ચંદ્રકાંતભાઇ મારૂ તથા શ્રીમતી શર્મિલાબેન ચાવડા દ્વારા મધુર રીતે રજુ કરવામાં આવ્યું હતું. આ સમારોહને સફળ બનાવવા માટે ઘટક કાર્યકારીણીના સમસ્ત સભ્યગણો, મહિલા મંડળ ટીમ તથા યુવા મંડળ ટીમ દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવ્યો હતો. આભાર પ્રગટ તથા રાષ્ટ્રગાન સાથે સભા સમાપ્ત કરવામાં આવી હતી. સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી, એકબીજાને નૂતન વર્ષની શુભકામના પાઠવતા સ્નેહમિલન સમારંભને વિશ્રામ આપ્યો હતો.

## દુર્ગ ઘટક




નાના બાળકોમાં સંસ્કારો અભાવ આજની સૌથી મોટી સમસ્યા છે. માવિત્રો સંતાનોની પ્રગતિ માટે ફીસ વાળી મોંઘી અને ઊંચા માળા વારી મોટી સ્કુલોમાં મોલકતા હોય છે, સ્કુલથી બાળકો ઘરે આવે તો પાછા એક બે કલાકહ ટ્યુશન કલાસમાં પણ મોકલતા હોય છે, પણ જીવનના આદર્શો માટેના તો સ્કુલની ચોપડીઓમાં ન તો કોઇ લેસન હોય છે કે ના તો કોઇ એવી બીજી ટ્રેનિંગ સેન્ટર હોય છે જેમાં બાળકોને સમજ પડે કે સવારે સૂર્યોદય પહેલા ઉઠી જવું જોઇએ. સ્નાન પછી ભગવાન પાસે બે-પાંચ મિનિટ બેસીને ધ્યાન કરવું જોઇએ અથવા ખોટા કર્મોના કડવા પરિણામ ભવિષ્યમાં આવે છે માટે સદાય સાચા કર્મો કરવા જોઇએ. સેવા અને સહાયતા જીવનનો આદર્શ હોવો જોઇએ આ વાત ક્યાંય પણ બાળકોને કોઇ સમજાવતું નથી.

દુર્ગ ઘટકની જન કલ્યાણ સમિતિના ભાઇઓએ વિચાર વિમર્શ કરી દર રવિવારના બે કલાકની અલગ ક્લાસ સમાજભવનમાં લગાવીને બાલ સંસ્કાર શાળા ચલાવવાનો નિર્ણય લીધો અને તેના ટીચર્સને પ્રશિક્ષણ આપવા એક દિવસનો વર્કશોપ સમાજ ભવનમાં રાખવામાં આવ્યો. જેમાં ગાયત્રી



પરિવારના અનુભવી પ્રશિક્ષકો દ્વારા ડેમો ક્લાસનો પ્રશિક્ષણ તારીખ ૧૩ ઓક્ટોબર, રવિવારના દિવસે રાખેલ હતો જેમાં કુલ ૨૮ ભાઇઓ-બહેનોએ સામાહિક બાલસંસ્કાર શાળા ચલાવવાનો પ્રશિક્ષણ લીધો. બાળ સંસ્કાર શાળામાં બાળકો માટે રમતગમત મનોરંજન વાર્તાઓ મહાપુરૂષોના જીવનદર્શનનો સમાવેશ રહેશે. જેથી બાળકો નહીં આવ્યા પછી ખુબજ પ્રસન્ન

પણે મનોરંજન અને જ્ઞાનવર્ધન કરી શકે તથા આવતી કક્ષાનું ઈન્તજાર કરવા લાગે.

પ્રશિક્ષણ શિબિરમાં ઘટક પ્રમુખના નેતૃત્વમાં જન કલ્યાણ સમિતિના મુખિયા નરેન્દ્રભાઇ રાઠોડ હતા. બંસીભાઇ સોલંકી, મી દિલીપભાઇ પઢિઆર, મહિલા મંડળના પ્રમખ શ્રીમતી જયશ્રીબેન ચાવડા, સલાહકાર મંડળના શ્રી દયારામભાઇ હિરજીભાઇ ટાંક, ઉષાબેન ધીરજલાલ ટાંક, બાલાબેન ચૌહાણ સહિત પ્રશિક્ષાર્થી તરફથી વનિતાબેન ગુંજનભાઇ સોલંકી, પૂનમ નિલેશભાઇ વાઢેર, પલક કેશવજીભાઇ રાઠોડ, વર્ષાબેન ટાંક, નમ્રતા પંકજભાઇ રાઠોડ સામિલ હતા. મુખ્ય પ્રશિક્ષક ગાયત્રી પરિવારના વરિષ્ઠ શ્રી રામસ્વરૂપભાઇ તથા ગિરધારીલાલભાઇ સાહુએ પોતાના અનુભવનો લાભ આપી ખુબજ સારી રીતે પ્રશિક્ષણ આપેલ હતું. આવતી પાંચ જાન્યુઆરીના બાલ સંસ્કાર શાળાનો પ્રથમ વર્ગ શરૂ થશે.

દુર્ગ ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા આયોજીત નૂતન વર્ષ મિલન સમારોહ (૦૨-૧૧-૨૦૨૪) ખુબજ હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવ્યું હતું. સમાજના પ્રતિભાવાન છાત્રોનું સન્માન કરવામાં આવેલ હતું. સમારોહનું સમાપન પ્રિતીભોજન સાથે કરવામાં આવેલ. યુવા મંડળના ઉત્સાહભેર વિશેષ પ્રયાસોથી કાર્યક્રમનું સફળ આયોજન થયેલ.

## આદીપુર ઘટક



તા. ૨૭-૧૦-૨૪, રવિવારના રોજ આદીપુર ઘટક દ્વારા સમાજ ભવનમાં નર્સરીથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન કરવમાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆતમાં ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતીલાલ સોલંકી, મહિલા મંડળ પ્રમુખશ્રીમતી અનિતાબેન એન. ટાંક અને યુવા મંડળ પ્રમુખ શ્રી ચેતનભાઇ જશવંતભાઇ ચૌહાણ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના મહિલા મંડળની બહેનો શ્રીમતી ત્રિવેણીબેન ટાંક, શ્રીમતી કલ્પનાબેન વાઘેલા અને શ્રીમતી નિતાબેન રાઠોડ દ્વારા રજુ કરવામાં આવેલ.

કાર્યક્રમ પ્રારંભે નાની બાળાઓ મોક્ષા પરમારે સ્વાગત ગીત ડાન્સ, હેત્વી કિરીટકુમાર જેઠવાએ ભારત નાટ્યમ રજુ કર્યું હતું. જશ્વી પઢિઆર, હેમાંગી ટાંક અને રીશીકા ટાંકએ ડાન્સ, રાજસ્થાની ડાન્સ કરીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. દેવાંગ હેમાંશુભાઇ રાઠોડે પોતે રચેલી કવિતા રજુ કરી હતી. આયુર્વેદ ડોક્ટરનો અભ્યાસ પૂર્ણ કરનાર ચૌહાણ દીપ નિતેશભાઇએ આયુર્વેદ સારવારની જાણકારી આપી હતી.

અતિથિ વિશેષ તરીકે સિનિયર સિટીઝન ક્લબના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર હાજર રહ્યા હતા. ત્યાર બાદ જુદા જુદા દાતાઓના હસ્તે નર્સરીથી કોલેજ કક્ષા સુધીના વિદ્યાર્થીઓને ઘટક તરફથી ઇનામ તથા પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામાં આવેલ.શ્રી પ્રભુલાલભાઇ પી. પરમાર તરફથી વધારાના ઇનામ પણ આપવામાં આવેલ. ડાન્સ તથા વકતવ્ય રજુ કરનાર બાળાઓને પણ વધારાનું રોકડ પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ રમાડવામાં આવેલ. કાર્યક્રમમાં આદીપુર ઘટકના સમાજબંધુઓ બહોળી સંખ્યામાં હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી દિપકભાઇ છોટાલાલ રાઠોડ તથા મ.મંડળના શ્રીમતી નિતાબેન રાઠોડે કર્યું હતું.

ગણેશ ચતુર્થી પ્રસંગે આદિપુર ઘટક સમાજ ભવનમાં તા. ૭-૯-૨૪, શનિવારના સાંજે ૫.૦૦ વાગે ગણેશ સ્થાપન તથા પૂજા આરતી ત્યાર બાદ બીજા દિવસે તા. ૮-૯-૨૪ના સવારે ૧૦ વાગે પૂજા આરતી અને સાંજે પાંચ વાગે પૂજા આરતી અને ગણેશ વિસર્જનનો પ્રોગ્રામ રાખવામાં આવેલ.

ઉપરોક્ત ઉત્સવમાં ઘટકના ત્રણેય પાંખના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સલાહકાર સભ્યો તથા સમાજબંધુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉત્સવને સફળ બનાવવા માટે ઘટક પ્રમુખ અને મંત્રીશ્રીએ આભાર વ્યક્ત કરેલ. ગણેશ સ્થાપન-વિસર્જન અને આરતીમાં આવેલ રકમથી ગાયોના ઘાસચારા માટે જમા કરાવવામાં આવેલ. આદીપરુ ઘટક દ્વારા યુવા મંડળ અને

મહિલા મંડળના સહકારથી ગરબા નાઇટ પ્રથમ નોરતા ઉજવણી ઉત્સવ તા. ૩-૧૦-૨૪ના રોજ રાત્રે ૮ થી ૧૨ દરમિયાન સમાજ ભવનમાં ધામધૂમથી ઉજવવામાં આવેલ. સમાજબંધુઓએ રાસગરબાની રમઝટ બોલાવી કાર્યક્રમને સફળ બનાવેલ. નવરાત્રી ગરબા ઉજવણી પ્રસંગે ઇનામોનું વિતરણ કરવામાં આવેલ.

જેમાં બેસ્ટ ડ્રેસ-ફીમેલનું ઇનામ શ્રીમતી ગુંજનબેન આનંદ વાઘેલાને, બેસ્ટ પ્લેયર-ફીમેલનું ઇનામ માહી મયુરભાઇ ટાંકને, બેસ્ટ ડ્રેસ-મેલનું ઇનામ શ્રી આનંદ હંસરાજભાઇ પરમારને તથા બેસ્ટ પ્લેયર-મેલનું ઇનામ શ્રી અનમ પરમારને તથા મ્યુઝીકલ ચેર હરીફાઇમાં વીર હિતેશભાઇ ચૌહાણને આપવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા યુવા મંડળના પ્રમુખ શ્રી ચેતનભાઇ ચૌહાણ અને તેની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. ઘટક પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીએ બધાનો ખૂબજ આભાર માની, ભવિષ્યમાં પણ આવા ઉત્સવ ઉજવતા રહેવા આશા વ્યક્ત કરી હતી. કાર્યક્રમને અંતે અલ્પાહારની વ્યવસ્થા ઘટક દ્વારા કરવામાં આવી હતી.

ઘટકના સગપણ લાયક છોકરા/છોકરી બાબતની જાણ આદિપુર ઘટકના દરેક સભ્યોને થાય તે હેતુથી આદિપુર ઘટક કેજીકે સમાજ આદીપુર વોટ્સએપ ગ્રુપમાં બાયોડેટા આપવા ઘટક તરફથી પરિચય પત્રક તૈયાર કરવામાં આવેલ છે અને જે વાલી તેમના સગપણલાયક છોકરા/છોકરીનો બાયોડેટા, આદિપુર ઘટક વોટ્સએપ ગ્રુપમાં આપવા ઇચ્છે તેનો બાયોડેટા ઘટક વોટ્સએપ ગ્રુપમાં નાખવામાં આવે છે.

## વડોદરા ઘટક



વડોદરા ઘટકનું પરંપરાગત સુનિયોજીત દિવાળી સ્નેહમિલન-૨૦૨૪નું આયોજન સમાજ ભવન મધ્યે ''વડીલ વારસો'' તા. ૧૦-૧૧-૨૪, રવિવારના રોજ કરવામાં આવેલ હતું. જેમાં વડોદરા ઘટક તેમજ બહાર ગામથી પણ મોટી સંખ્યામાં ભાગ લેવા પધારેલ હતા. દિપ પ્રાગટ્ય બાદ વંશી જીગ્નેશભાઇ ચાવડા દ્વારા સુંદર ગણેશવંદના અને હેતલ પિયુષ ચાવડા દ્વારા પ્રભુ પ્રાર્થના બાદ કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. આજના આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય મહાસભાના મંત્રી માધાપરવાસી શ્રી ગિરીશભાઇ ચૌહાણ પણ વિશેષ હાજર રહી કાર્યક્રમની શોભા વધારેલ હતી. ઘટક પ્રમુખ દ્વારા પધારેલ સર્વે મહેમાનોને ભાવપૂર્ણ આવકારી વિક્રમ સંવત ૨૦૮૧ના નૂતન વર્ષ અને દિપાવલીની હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

ત્યાર બાદ ઘટકની નવી પહેલના આ વર્ષે ઘટકમાં વસતા મેડીકલ ક્ષેત્રે પોતાની સેવાઓ આપતા ઘટકના ત્રણ ડૉકટરો (૧) ડૉ. જવંત પરમાર (૨) ડૉ. હર્ષ રાઠોડ (૩) ડૉ. ધાર્મિક વાઢેરને ઘટક દ્વારા મોમેન્ટો આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત વર્ષ દરમ્યાન થયેલ વિવિધ વિકાસના કામોમાં જે પણ દાનદાતાઓ દ્વારા ઘટકને મળેલ સહકાર બદલ તેમને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા.



આ વર્ષે ગં.સ્વ. જ્યોતીબેન મહેશભાઇ સોલંકી પરિવાર હસ્તે 'સમાજરત્ન' અને મહાસભાના પ્રમુખ શ્રી વિનોદભાઇ સોલંકી અને ડૉ. શ્રી મનોજભાઇ સોલંકી તરફથી ઘટકને એક રૂમના દતા તરીકેનું અનુદાન મળેલ હતું. તે જ રીતે નીચે પાર્કીંગના મુખ્ય દાતા તરીકે ગાંધીધામ નિવાસી ડીઝલકીંગ શ્રી મનોજભાઇ દુર્ગાલાલભાઇ વેગડ તરફથી પણ અનુદાન મળેલ હતું. જેથી આ બેંને પરિવારોને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા.

વડોદરા ઘટકની સ્થાપના ૧૯૭૨માં કરવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધી ઘટક પોતાની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સતત પ્રગતીશીલ રહ્યો છે અને આવા ઘટકના પાયાના પથ્થરોને

સન્માનીત કરવાનો વિચાર આ હાલની ઘટક કારોબારીએ નક્કી કર્યા પ્રમાણેના આયોજન કરવામાં આવ્યું. જેની સમિતિમાં નક્કી કર્યા પ્રમાણે (૧) સ્વ. મુળજીભાઇ દેવજીભાઇ પરમાર (૧) સ્વ. રમણીકભાઇ કલાભાઇ ટાંક (૩) સ્વ. દેવરામભાઇ લાલજીભાઇ ચૌહાણે ઘટક ગૌરવ તરીકે તેમના પરિવારોને વિશેષ આમીત કરી આખા ઘટકના સમાજબાંધવો સાથે પોતાની જગ્યા ઉપર ઉભા રહી તાડીઓના ગડગડાટ સાથે મોમેન્ટો આપીને સન્માનીત કરવામાં આવ્યા અને તેમના દ્વારા થયેલ વિવિધ કામોની ઘટક પ્રમુખ દ્વારા વિશેષ માહિતી પણ આપવામાં આવી હતી.

આ કડીમાં આગળ વધતા ઘટકના પ્રમુખ સલાહકાર શ્રી જગદીશભાઇ પુરૂષોત્તમભાઇ વરૂને તેમની સામાજીક સફરમાં તેમના દ્વારા થયેલ અદ્‌ભૂત કામોને ધ્યાને લઇ 'ઘટક રત્ન' તરીકે સન્માનીત કરવામાં આવ્યા હતા. તે જ રીતે શ્રી ગોરધનભાઇ શામજીભાઇ ચૌહાણને ઘટક સંરક્ષક તરીકે સન્માનીત કરવામાં આવ્યા હતા. જેણે ઉપસ્થિત સર્વે સમાજબાંધવોએ તાડીઓના ગડગડાટ સાથે વધાવી લીધા હતા. આ ખુશીના પ્રસંગે શ્રી જગદિશભાઇ વરૂના પુત્ર માલવભાઇ વરૂ દ્વારા ઘટકને રૂા. ૧,૦૦,૦૦૦ જેવું માતબર દાનની જાહેરાત કરવામાં આવી હતી. આમ, બપોરના સ્વાદિષ્ટ ભોજન બાદ ઘટકમાં ખુબ સારી કામગીરી કરનાર ત્રણ કાર્યકર્તાઓને (૧) અશ્વીનભાઇ પ્રતાપભાઇ સોલંકી (૨) જયેશભાઇ અરવિંદભાઇ રાઠોડ (૩) સંજયભાઇ ચંદ્રકાન્તભાઇ ચાવડાને પણ ઘટક દ્વારા મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. તે સિવાય રમત-ગમત ક્ષેત્રે વિશિષ્ટ ઉપલબ્ધી ધરાવતા પરમ અલ્પેશભાઇ ટાંકને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા.

આજના આ શુભ દિને ઘટક યુવા મંડળ દ્વારા દર વર્ષની જેમ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઘટકના ૧ થી ૧૨ તેમજ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના મેરીટ પ્રમાણે યુવા મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. ઘટક મહિલા મંડળ દ્વારા હાઉઝી ગેમનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ, આખા દિવસનું કલર ફુલ મંડળ ડેકોરેશન સાથેના આખા દિવસના સ્નેહમિલનમાં લોકો મોટી સંખ્યામાં હાજર રહી આનંદ પ્રમોદ સાથે દિવસ પસાર કર્યો હતો. ઘટક મંત્રી દ્વારા આખા કાર્યક્રમનું મંચ સંચાલન કરવામાં આવ્યું હતું. ઘટક ઉપપ્રમુખ કુમારભાઇ ચૌહાણ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

## ચંદ્રપુર-બલ્લારશાહ ઘટક




ચંદ્રપુર-બલ્લારશાહ ઘટકનું દિવાળી બાદ નવા વર્ષનું સ્નેહમિલન તારીખ ૩-૧૧-૨૪ના રોજ રવિવાર ભાઇબીજના ચંદ્રપુર મધ્યે મયુર હોટલમાં રાખવામાં આવેલ હતું. કાર્યક્રમની શરૂઆત સવારના નાસ્તાથી કરવામાં આવી. ત્યાર બાદ બાળકો માટે રમત-ગમતનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. સ્નેહમિલન કાર્યક્રમના અધ્યક્ષ ઘટકના પૂર્વ પ્રમુખ શ્રી રમણીકલાલભાઇ ભવાનજીભાઇ ચૌહાણ હતા. કાર્યક્રમમાં પૂર્વ અધ્યક્ષ શ્રી હરીશભાઇ ચાવડા, મહિલા મંડળ પૂર્વ અધ્યક્ષ શ્રીમતી અનસુયાબેન હરીશભાઇ ચાવડા, વિદર્ભ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી સંજલીબેન મહેશભાઇ ચૌહાણે હાજરી આપેલ હતી. દીપ પ્રજ્વલીત કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઇ દેવરામભાઇ ચૌહાણ, મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી દક્ષાબેન કમલભાઇ પરમાર, ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ ભુપેન્દ્રભાઇ ચૌહાણ, યુવા મંડળ પ્રમુખ શ્રી વંદન અશોકભાઇ ચૌહાણ, મહિલા મંડળ મંત્રી શ્રીમતી ઉર્વશીબેન ભાવેશભાઇ ચૌહાણ તથા મહિલા મંડળ કોષાધ્યક્ષ શ્રીમતી હિરલબેન નીતીનભાઇ ટાંકએ પોતાનો અહેવાલ રજુ કરેલ હતો. શ્રી અશોકભાઇ દેવરામભાઇ ચૌહાણે વાર્ષિક હિસાબ રજુ કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ શ્રી રમણીકલાલભાઇ ભવાનજીભાઇ ચૌહાણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. સમાજના તેજસ્વી બાળકોને પ્રોત્સાહીત કરવા માટે સ્વ. અમૃતબેન ભવાનજીભાઇ

ચૌહાણની સ્મૃતિમાં શ્રી ચુનીલાલભાઇ ભવાનજીભાઇ ચૌહાણ તરફથી બક્ષીસ વિતરણ કાર્યક્રમના અધ્યક્ષ હસ્તે કરવામાં આવેલ.

સ્વ. દેવરામભાઇ નાનજીભાઇ ચૌહાણની સ્મૃતિમાં શ્રી અશોકભાઇ દેવરામભાઇ ચૌહાણ તરફથી સોશ્યલ મિડિયાના ફાયદા તથા નુકશાન આ વિષય ઉપર વ્યાખ્યાન સ્પર્ધા રાખવામાં આવેલ હતી. જેના બક્ષીસ અધ્યક્ષના હસ્તે આપવામાં આવેલ. ત્યાર બાદ સમુહ ભોજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ ભુપેન્દ્રભાઇ ચૌહાણે કરેલ હતું.

## ભુજ ઘટક




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભુજના સ્નેહમિલનમાં વરિષ્ઠ વડીલોનું માર્ગદર્શન અને વિવિધ ક્ષેત્રના તજજ્ઞોનું સમર્પણ સમાજ ઉત્કર્ષને ગતિ આપતા હોઇ, તેમને બિરદાવવાની જરૂરીયાત ઉપર મંચસ્થ અગ્રણીઓએ ભાર મુકેલ હતો.

ભુજ ઘટકના પ્રમુખ ડૉ. દેવેન્દ્રભાઇ પરમારના અધ્યક્ષ સ્થાને શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત રાયબહાદુર શ્રી જગમાલભાઇ રાજાભાઇ ચૌહાણ વિદ્યાર્થી ભવન ભુજ મધ્યે આયોજીત સમારોહમાં તેમની સાથે રાષ્ટ્રિય મહાસભાના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી, ઉપપ્રમુખ બ્ર.કુ. બાબુભાઇ પરમાર, ક.ગુ.ક્ષ. કેળવણી મંડળના પ્રમુખ ડૉ. મનોજભાઇ સોલંકી,, આયોજનના મુખ્ય દાતા વિનોદભાઇ એલ. ચૌહાણ, અ.ભા.મહિલા મહામંડળના સલાહકાર પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી, ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન ટાંક, પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ, નારીરત્ન શ્રીમતી કંચનબેન જેઠવા, ભુજ યુવા મંડળના પ્રમુખ શ્રી સ્નેહલભાઇ પરમાર, મહિલા મંડળના ઉપપ્રમુખ જ્યોતિબેન સોલંકી તથા ભુજ વિદ્યાર્થી ભવનના પ્રમુખ દિપકભાઇ ચૌહાણે મંચસ્થ રહી દિપ પ્રાગટ્ય કરેલ હતું. ભુજ ઘટકની બાળાઓ હિતી ચાવડા, શ્રીનિ પરમાર તથા કંગના ટાંકએ સ્વાગત નૃત્ય અને મહિલા મંડળના બહેનોએ પ્રાર્થના રજુ કરેલ હતી.

ત્યાર બાદ વરિષ્ઠ વંદના અંતર્ગત ૧૮ વડીલો, વિશેષ સન્માનમાં ગુજરાત ફિલ્મોના ગીત લેખક ખ્યાતનામ કવિ દિપક ચૌહાણ 'બેબસ' ઉર્મિન વેગડ, વિહાન રાઠોડ, ઉન્નતિ રાઠોડ, મહિમા રાઠોડ, ભવ્ય ચાવડા, મિશરી પરમાર પરમાર સહિત ૩૦ જેટલા સમાજના ડૉક્ટર્સ, સી.એ., વકીલ અને વિશિષ્ટ સિદ્ધી



પ્રાપ્તોનું સન્માન કરવામાં આવેલ હતું. સોપાન-૧થી કોલેજ કક્ષા સુધીના છાત્રોનું સરસ્વતિ સન્માન દાતાઓ શાંતિલાલભાઇ રામજીભાઇ પરમાર તથા શ્રીમતી રસિલાબેન તથા સુરેશભાઇ પરમાર તથા અન્ય પુરક દાતાઓના હસ્તે કરવામાં આવેલ હતું.

સમારોહના મુખ્ય દાતા અને સમાજની વિવિધ સંસ્થાઓમાં હોદ્દા ઉપર રહીને સેવા આપતા સેવાભાવી દંપતિ શ્રીમતી રીટાબેન તથા શ્રી વિનોદભાઇ એલ. ચૌહાણનું સેવા સન્માન 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ તથા મંચસ્થ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ હતું. બપોરે સૌએ સાથે મળીને જ્ઞાતિ પ્રસાદ ગ્રહણ કરેલ હતો. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા નાટ્યકારો દ્વારા હાસ્ય પ્રહસન રજુ કરવામાં આવેલ હતા. મનોરંજક શૈલીમાં લકી ડ્રો તથા બેસ્ટ ફેમિલી ડ્રો પણ કરવામાં આવેલ હતા. આ પ્રસંગે સમાજના આર્થિક રીતે નબળા છાત્રોની શિક્ષણ સહાય માટે સેવા આપતી મહાસભાની અભિલાષા સમિતિ માટે ટીપે ટીપે સરોવર ભરાય...ની

ભાવનાથી ઉપસ્થિત સમાજબંધવો દ્વારા રૂા. ૨૧,૦૦૦ નું ફંડ એકત્ર કરવામાં આવેલ હતું. પ્રાસંગિક પ્રવચનમાં સમાજરત્ન શ્રી વિનોદભાઇ સોલંકીએ ભુજ ઘટકના સામાજીક ઉત્સાહની પ્રશંસા કરી સમાજમાં બંધુત્વ અને સંગઠન ભાવના વધારે તેવા આયોજનો પર ભાર મુકેલ હતો. ડૉ. મનોજભાઇ સોલંકીએ પ્રકૃતિના નિયમો સાથે તાલ-મેલ કરી સામાજીક ઉત્સવોની ઉજવણીનું મહત્વ સમજાવેલ હતું. અધ્યક્ષ સ્થાનેથી ડૉ. દેવેન્દ્રભાઇ પરમારે ભુજ ઘટક દ્વારા થતી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ અને આગામી આયોજનોની જાણકારી આપી બ્લડ ડોનેશન, અંગદાન જાગૃતિ તેમજ સાંસ્કૃતિક પરંપરાઓના જતન જેવા કાર્યક્રમોની માહિતી આપેલ હતી. સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ચૈતાલીબેન પાર્થભાઇ ચૌહાણ, સરસ્વતી સન્માનનું સંચાલન શ્રીમતી ગીતાબેન ચૌહાણે કરેલ હતું. સરસ્વતી સન્માનના આયોજનની વ્યવસ્થા યુવા મંડળના પ્રમુખ શ્રી સ્નેહલભાઇ પરમાર તથા તેમની ટીમે સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ઝીલ ચૌહાણે તથા આભારવિધી મંત્રી વિજયભાઇ સોલંકીએ કરેલ હતી. સમાજની વિવિધ સંસ્થાના અગ્રણીઓ અનિલભાઇ ચૌહાણ, જયસિંહ પરમાર, ઉમંગભાઇ પરમાર, મીનાબેન વેગડ, ઇલાબેન ચાવડા હાજર રહ્યા હતા. ધીરેનભાઇ ટાંક, હરીલાલ યાદવ, નૌતમભાઇ રાઠોડ, હિતેશ વેગડ, અનિલ ચૌહાણ, ભાવેશ રાઠોડ, જયેશ ટાંક તથા દેવેન વેગડએ આયોજનમાં સહકાર આપેલ હતો.

## હાજાપર ઘટક



તા. ૧૫-૧૧-૨૦૨૪ના રોજ હાજાપર સમાજ ભવનની મુલાકાતે મહાસભાના વરીષ્ઠ ઉપપ્રમુખ ડૉ. શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી અને મહાસભાના ઉપપ્રમુખ શ્રી બ્ર.કુ. બાબુભાઇ પરમાર અને હાજાપર સમાજ ભવન માટે હંમેશા માર્ગદર્શક અને મદદરૂપ થયેલ પૂર્વ ટી.ડી.ઓ. શ્રી શૈલેષભાઇ રાઠોડ હાજાપરના સ્નેહમય આમંત્રણથી પધાર્યા હતા.

હાજાપર સમાજ ભવનની આ શુભેચ્છા મુલાકાત દ્વારા શ્રી મનોજભાઇ સોલંકીએ હાજાપરસમાજ ભવનના બાંધકામ અને આર.સી.સી. અને અન્ય કાર્યની વિગતવાર જાણકારી મેળવી હતી. વિશેષમાં હાલ નવનિર્મિત હાજાપર સમાજ ભવનમાં બંને 'સમાજરત્ન'ના ફોટા અને સંપૂર્ણ ભારતવર્ષના અત્યાર સુધી આવેલા તમામ દાન-દાતાશ્રીઓની નામાવલી, ઘટકના ત્રણ વર્ષના વિકાસના કાર્યોની યાદી ફ્લેક્સ બેનર કાયમ માટે રાખવામાં આવેલ છે જેની સર્વે દાનદાતાશ્રીઓ અથવા અન્ય હાજાપરવાસીઓ આ સમાજ ભવનમાં પધારે ત્યારે સ્વયંનું અને પોતાના સગાસંબંધીનું નામ જાણી શકે. પધારેલ સર્વે મહેમાનો તથા ગ્રામજનો આવી સરસ માહિતીથી પ્રભાવિત થયેલ હતા અને કમીટીના સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

વિશેષમાં શ્રી મનોજભાઇ સોલંકીએ સમાજ ભવનની સાથે સાથે મૂળ હાજાપરવાસીઓ જે કચ્છ અને કચ્છથી બહાર રહે છે તે સર્વે પોતાની તથા પૂર્વજો-વડીલોની જન્મભૂમી પ્રત્યે વધુને વધુ લાગણી ઉત્પન્ન થાય તે પ્રમાણેની યોજના-આયોજન કરવાનું માર્ગદર્શન આપેલ હતું.

બ્ર.કુ. શ્રી બાબુભાઇ પરમારે હાજાપર સમાજ ભવનના કાર્યની પ્રશંસા કરી હતી અને સમાજભવન પૂર્ણ થતા હાજાપર ઘટકને એક વિશેષ પ્રકારની ઉર્જા પ્રાપ્ત થશે તેવું ઉપયોગી માર્ગદર્શન આપેલ હતું. શ્રી શૈલેષભાઇ રાઠોડે હાજાપર સમાજ ભવનનો વધુ વિસ્તાર વિષે ઉપયોગી માહિતી આપી સર્વે કમીટી મેમ્બરોને સંપૂર્ણ સહયોગ આપવા જણાવ્યું હતું.

ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવે ટુંક સમયમાં હાજાપર યુવા મંડળના પ્રમુખ દિપેશભાઇ જગદીશભાઇ પરમારના નેતૃત્વમાં આ જ સ્થળે હાજાપર, રેહા, હરૂડી, વડવા, કોટડાના સર્વે જ્ઞાતીઓ માટે મેડીકલ કેમ્પના આયોજન વિષે જાણકારી આપી હતી. હાજાપર ઘટકના મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર, ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ

પરમાર, અશ્વીનભાઇ પરમાર, હાજાપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી કોકીલાબેન પરમાર, કલ્પનાબેન વાઘેલા, અવનીબેન યાદવ એ પધારેલ સર્વે મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરેલ હતું.

વિશેષ રૂપે સનાતન ધર્મના ચુસ્ત બજરંગદળના નવયુવાન દર્પણ યાદવ પધારેલ હતા. અંતમાં સમાજ ભવનના મુખ્ય દાતાશ્રી વલમજીભાઇ વાઘેલાએ પધારેલ સર્વે મહેમાનોનો આભાર વ્યક્ત કરેલ હતો.

## આબુરોડ ઘટક





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ આબુરોડ ઘટક દ્વારા દિવાળી સ્નેહમિલન તા. ૧૨-૧૧-૨૦૨૪, મંગળવારના રોજ હોટલ બંસી કાઠીયાવાડીમાં કરવામાં આવ્યું હતું. જેમાં ઘટક તથા મહિલા મંડળના મોટા ભાગના સર્વે મહાનુભાવો સભ્યોની ઉપસ્થિતિ દર્જ થઇ હતી. સર્વે મહાનુભાવો સભ્યોએ સાથે મળીને રાત્રી ભોજનનો આનંદ માણ્યો હતો. ત્યાર બાદ આબુરોડ ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ પરમારે સર્વે મહાનુભાવોનો આભાર માન્યો હતો અને નવાવર્ષની શુભકામના પાઠવી બધાએ વિદાય લીધી હતી.

## વરૂ ગોઠી પરિવાર કુળદેવી શ્રી ચામુંડા માતાજી મંદિર - દેવળીયા



નવરાત્રિના આપણે સહુ માતાજીનાસ્થાનકમાં હોમ હવન માટે સહુ ગોઠી ભાઈઓ અને બહેનો સાથે મળી અને આપને પવિત્ર કાર્ય પૂર્ણ કર્યું. આપણાં માતાજીના સ્થાનકમાં ૮ દિવસ ચંડી પાઠ અને અષ્ટમીના હવન આપણા અંજારના શ્રી ધર્મેન્દ્ર પંડ્યા દ્વારા પુજા વિધિ પૂર્ણ કરવામાં આવે. મંદિરના પૂજારી પરષોત્તમભાઈ દ્વારા મંદિરનો કાર્યભાર સંભાળેલ હતો.

ત્યાર બાદ હવનના યજમાન શ્રી પ્રદીપભાઈ ગાંધીધામ અને સલાહકાર સમિતિ દ્વારા શાસ્ત્રીજી ને સાલ થી સન્માન કરવા માં આવ્યું અને તેમને ભેટ આપવામાં આવી. ત્યાર બાદ હવનની આહુતિ આપવામાં આવી અને સહુ કુંવરિકાને આવેલ ગોઠી ભાઈઓ દ્વારા ભેટ પણ આપવામાં આવી હતી.

ત્યારબાદ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું અને તેમાં બાંધકામનો ખર્ચ ખજાનચી પિયુષ ભાઈ દ્વારા રજુ કરવા માં આવ્યો અને ઉપપ્રમુખ ચેતનભાઈ દ્વારા થયેલ કામનો ખ્યાલ આપવામાં આવ્યો હતો અને આપણાં વડીલો દ્વાર ઈશ્વરભાઈ,ભાસ્કરભાઈ અને અલ્પેશભાઈ દ્વારા થયેલ બાંધકામનું ખ્યાલ આપ્યો અને યુવાનાનો ઉત્સાહ વધાર્યો. મંત્રી કિન્નર ભાઈ દ્વાર આભાર વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ માં ની આરાધનામાં સહુ ગોઠી ભાઈઓ રાસગરબાનું આયોજન કર્યું અને મન મૂકી અને રાસ ગરબા લીધા. સહુ આવેલ ગોઠી ભાઈઓ અને બહેનો ના ચહેરા પર નવા મંદિર નો અલગ જ ખુશી અને મોઢા પર સ્મિત જોવા મળ્યા હતા. માતાજીના સ્થાનક પર સહુના સાથ સહકાર થી આયોજનો થતા રહે તેવી અપેક્ષા સાથે દેવળીયા ગોઠી પરિવાર કારોબારી દ્વાર સહુ નો ખુબ ખુબ આભાર માનવામાં આવ્યો હતો.

# શ્રી વરૂ ગોઠી પરિવાર કુળદેવી શ્રી ચામુંડા માતાજી મંદિર - દેવળિયા


## નવનિયુક્ત કારોબારી


જતિનભાઈ વી. વરૂ – પ્રમુખ
૯૯૦૪૫૫૯૧૦૨


ચેતન જે. વરૂ – ઉપપ્રમુખ
૯૮૭૯૩૧૨૭૯૮



કિન્નરભાઈ એન. વરૂ – મંત્રી
૯૭૨૭૫૧૯૩૦૩


પિયુષભાઈ સી. વરૂ – ખજાનચી
૯૮૭૯૧૧૪૧૦૫


જીગ્નેશભાઈ આર. વરૂ – સહમંત્રી
૯૮૭૯૩૨૧૧૦૭


પરેશભાઈ ડી. વરૂ – સહખજાનચી
૯૭૧૪૬૭૯૦૩૬


ધર્મેશભાઈ એમ. વરૂ – કા.સભ્ય
૯૯૭૯૬૧૭૪૧૯


જયંતિલાલ વી. વરૂ – કા.સભ્ય
૯૯૭૪૬૮૭૯૩૮


પરસોત્તમભાઈ પી. વરૂ
૯૯૦૯૧૨૦૨૬૫


અશ્વિનભાઈ બી. વરૂ – કા.સભ્ય
૯૭૩૭૨૯૯૪૧૮


અલ્પેશભાઈ જે. વરૂ – કા.સભ્ય
૯૭૭૩૪૬૯૮૩૩


:: સૌજન્ય ::

**રૂદ્રા સોલર**

ઈવા આર્કેડ, ફર્સ્ટ ફ્લોર, શોપ નં. ૨, ગાયત્રી મંદિર રોડ, માધાપર (ભુજ–કચ્છ)

શિવમ કે. વરૂ
૬૩૫૩૫૧૨૭૦૩,
૮૩૨૦૧૦૨૭૨૮

સોલાર એનર્જી પ્રોડક્ટ   હોમ । સ્કુલ/હોસ્ટેલ । હોટલ । ઈન્ડસ્ટ્રીઝ

# યુવા મંચ



પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ
**શ્રી ગૌરવ જગદીશભાઈ ટાંક**
250, સી.એ. રોડ, આંબેડકર સ્કવેર,
પો. નાગપુર (મહારાષ્ટ્ર) ૪૪૦૦૦૮
મો. 8007161696

વરીષ્ઠ મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ
**શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંક**
૮૦, બિલેશ્વરનગર, અંજાર (કચ્છ)
મો. 8128948884,
E-mail : pdtank@gmail.com



**યુવા મંચમાં અહેવાલ પ્રકાશીત કરવા માટે અ.ભા.યુવા મહામંડળના વરીષ્ઠ મહામંત્રી શ્રી પ્રતિક દિનેશભાઈ ટાંકનો સંપર્ક કરવો.**

## અંજાર યુવા મંડળ



તારીખ ૨૮-૯-૨૪ ના રોજ યુવા મંડળ અંજાર દ્વારા સરસ્વતી સન્માન સમારોહ તેમજ સાંસ્કૃતિક સંધ્યા નું આયોજન સમાજ ભવનના બહારના પ્રાંગણમાં યોજવામાં આવેલ હતો. વરસો થી અંજાર યુવા મંડળ દ્વારા આ આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમની શરૂઆતમાં ઘટક પ્રમુખ શ્રી વિનોદભાઈ મોહનલાલ ખોડિયાર, યુવા મંડળ પ્રમુખ શ્રી પ્રતિકભાઈ



દિનેશભાઈ ટાંક અને મહિલા મંડળ પ્રમુખ સવિતાબેન જયંતિલાલ ચૌહાણ અને સમાજના વડીલોના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને શરૂઆત કરવામાં આવેલ હતી. ઘટકના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ કે જેઓ તેમના અભ્યાસ ક્ષેત્રમાં સારા ક્રમાંકે ઉતીર્ણ થયેલ હતા તેમને સન્માનવામાં આવેલ હતા.

સમાજ બાળકો તેમજ યુવાઓ દ્વારા ૩૨થી વધુ અલગ-અલગ સાંસ્કૃતિક પ્રસ્તુતિ, સોલો સોંગ, દેશભક્તિ ગીત, કરાટે કૃતિ જેવી વિવિધ પ્રસ્તુતિઓ રજૂ કરેલ હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઘટકના સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા અને નાના ભૂલકાં તેમજ સારા ક્રમાંકે ઉતીર્ણ થયેલ બાળકો અને સંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરનારનો સૌનો ઉત્સાહ વધારેલ હતો.

આ સાથે ખર્ચને પહોંચી વળવા માટે ઇનામી કુપન ડ્રોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ટીકીટના સ્પોન્સર તરીકે શ્રી વિનોદભાઇ શાંતિલાલભાઇ જેઠવા, શ્રી આશિષભાઇ દિનેશભાઇ ટાંક તેમજ શ્રી પ્રતિકભાઇ દિનેશભાઇ ટાંકનું યોગદાન મળેલ હતું. આ ઉપરાંત સર્વે સાંસ્કૃતિક પ્રસ્તુતી રજુ કરનાર પ્રતિયોગીઓને અલ્પાહારની વ્યવસ્થા ગં.સ્વ. શાન્તાબેન સુર્યકાન્તભાઇ વેગડના સૌજન્યથી આપવામાં આવેલ હતું.

આયોજનની તૈયારી માટે શ્રી પ્રતિકભાઈ ટાંક તેમજ ગિરીશભાઈ પરમાર સાથે મૂકેશભાઈ ખોડિયાર, વિજયભાઈ પઢીયાર, મહેશભાઈ જેઠવા, હીનેષ રાઠોડ, પૂજન ચાવડા, ધર્મેશ ચૌહાણ, દીપ પરમાર, પ્રતિક ખોડિયાર, મિત ચૌહાણ, વિરેન જેઠવા, રામચંદ્ર ટાંક, કિરણ વરુ, સંદીપ ટાંક, શીલાબેન સોલંકી, રાધિકાબેન ટાંક, કૃતિકાબેન જેઠવાએ સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ હતી.

## નાગપુર યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નાગપુર યુવા મંડળ દ્વારા શરદ પૂર્ણિમાનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ તો બધીજ પૂનમ સુંદર હોય છે પરંતુ શરદ પૂર્ણિમાના ચંદ્રની વાત જ કંઇક જુદી છે. પુરાણોમાં એવું કેહવાયે છે કે આ રાતની સુંદરતા માણવા તો દેવતા પણ ધરતી પર આવે છે આ રાતે ચાંદની માંથી અમૃતની બુંદો પણ ધરતી પર પડે છે.

આ દિવસે યુવા મંડળ દ્વારા મંદિરમાં દિપ પ્રજ્વલન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૫૧ દિવા કરવામાં આવ્યા હતા. એની જોડે બધા મળીને ગરબા રમ્યા હતા. ત્યાર બાદ હાઉસી રમાડવામાં આવી હતી જેમાં બધા મળીને ખૂબજ આનંદ કર્યો હતો. ત્યા પછી દૂધ ને અલ્પાહારનું આનંદ લેવામાં આવ્યું. છેલ્લે યુવા મંડળ દ્વારા ગરીબોને નાસ્તો વિતરણ કરવામાં આવ્યો. આ રીતે શરદપૂનમના કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમાની સામાન્ય સભા અને વિદ્યાર્થીની પુરસ્કાર વિતરણ સમારોહમાં સંસ્થાના પ્રમુખ અને શિક્ષણ પ્રેમી દાતા 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકી દ્વારા છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી સમાજની કન્યાઓના ખર્ચની આજીવન જવાબદારી પોતાનો પરિવાર






ઉપાડશે તેવી ઐતિહાસિક જાહેરાત કરેલ હતી. તેમની સાથે છાત્રાલયના ઉપપ્રમુખો વિનોદભાઇ ચૌહાણ, વિનોદભાઇ પઢિઆર, પ્રભુલાલ પરમાર, ચેરમેન જેઠાલાલ પરમાર, માનદ્ વ્યવસ્થાપક મોહનભાઇ ચૌહાણ, મહાસભાના ઉપપ્રમુખ બ્ર.કુ. બાબુભાઇ પરમાર, વરીષ્ઠ મહામંત્રી વિનોદભાઇ ખોડિયાર, પ્રાદેશિક પ્રમુખ બાબુભાઇ ચૌહાણ, મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા અનસુયાબેન પરમારે દીપ પ્રાગટ્ય કરેલ હતું.

ત્યાર બાદ દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર તેમજ કચ્છ પ્રાદેશિક અંતર્ગતની ધોરણ ૧૦ પછીના વિવિધ અભ્યાસક્રમોમાં ઉચ્ચ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીનીઓને દાતાશ્રીઓ અને મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવેલ હતી.

દાતાશ્રી કનકસિંહભાઇ પઢિઆર તરફથી ધોરણ ૧૦ની છાત્રાઓને રોકડ ઇનામો તથા જેઠાલાલભાઇ પરમાર તથા દામજીભાઇ વરૂ તરફથી તમામ વિદ્યાર્થીનીઓને ઇનામો આપવામાં આવેલ હતા. ત્યાર બાદ યોજાયેલ સામાન્ય સભામાં કોષાધ્યક્ષ અનિલભાઇ ચૌહાણે ઓડીટેડ હિસાબો અને વાર્ષિક બજેટ રજુ કરેલ હતા. મંત્રી રમેશભાઇ ચૌહાણ તથા માનદ્ વ્યવસ્થાપક મોહનભાઇ ચૌહાણે વહીવટી અહેવાલ રજુ કરેલ હતો. આગામી આયોજનોમાં સંસ્થાની સ્થાપનાને ૩૦ વર્ષ પુરા થતાં મભોતી મહોત્સવ ઉજવવાની સાથે ભારતભરમાં વસતી સમાજની દીકરીઓ આ છાત્રાલયનો લાભ લે તેવા પ્રયાસો મજબુત બનાવવાનો નિર્ણય કરવામાં આવેલ હતો. આ પ્રસંગે 'કચ્છમિત્ર' અને ફોકિયા દ્વારા યુવા સાહસી ઉદ્યોગપતિ તરીકે

મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે સન્માનિત યુવા અગ્રણી મોહિતભાઇ વિનોદભાઇ સોલંકીનું વિશેષ સન્માન કરવામાં આવેલ હતું. સભામાં ઉપસ્થિત સભ્યોએ તેમને મળેલ આ ગૌરવશાળી સન્માનને તાડીઓથી વધાવી અભિનંદન આપેલ હતા.

સમાજની રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ તરીકે સેવા આપવાની સાથે વરાયેલા અને છાત્રાલયની વિદ્યાર્થીનીઓનો આજીવન ખર્ચ ઉપાડવાની સાથે ધાર્મિક કાર્યો, સમાજ સેવા અને જાહેર સેવાના ક્ષેત્રે પોતાની સેવાઓ આપતા ઉદારદિલ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીનું સેવા સન્માન કરી નવા સત્રના પ્રમુખ તરીકે તેમની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

સત્ર ૨૦૨૪ થી ૨૦૨૭ના સત્ર માટે નીચે પ્રમાણેના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ હતી. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી - પ્રમુખ, શ્રી જેઠાલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર - ચેરમેન, શ્રી પ્રફુલચંદ્ર કર્મસિંહભાઇ ટાંક - સલાહકાર પ્રમુખ, શ્રી વિનોદભાઇ લીલાધરભાઇ ચૌહાણ - ઉપપ્રમુખ, શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર - ઉપપ્રમુખ, શ્રી વિનોદભાઇ કેશવજીભાઇ પઢિઆર - ઉપપ્રમુખ, શ્રી રમેશચંદ્ર રણછોડભાઇ ચૌહાણ - મંત્રી, શ્રી મોહનલાલભાઇ કુંવરજીભાઇ ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક, શ્રી રસીકલાલભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ - સહમંત્રી, શ્રી ઉમંગભાઇ મુકુન્દભાઇ પરમાર - સહમંત્રી, અનસુયાબેન જેરામભાઇ પરમાર - સહ વ્યવસ્થાપક. પ્રાસંગિક પ્રવચનમાં જેઠાલાલભાઇ પરમારે સંચાલકોને અભિનંદન આપી ભારતભરના વિવિધ પ્રાંતોમાં વસતી કન્યાઓ છાત્રાલયનો લાભ લે તેવી લાગણી વ્યક્ત કરેલ હતી. અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન આપતાં શ્રી વિનોદભાઇ સોલંકીએ વર્તમાન સમયમા દરેક ક્ષેત્રમાં ઉપયોગી બને તેવા ઉચ્ચ શિક્ષણ પર ભાર મુકી સંસ્થાની દિકરીઓને પોતાની દિકરી ગણી સેવા કરવાની નેમ વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન મંત્રી રમેશભાઇ ચૌહાણે કરેલ હતું. રસિકભાઇ ચૌહાણ, યોગેશભાઇ ટાંક, ઉષાબેન ચૌહાણ, ભાનુબેન પરમાર, શોભનાબેન ટાંક તથા ગૃહમાતા ઇન્દુબેન વ્યાસે વ્યવસ્થા સંભાળી હતી.

## સમાજ ગૌરવ



રાંચી (ચંદિયા) નિવાસી પૂજાબેન તથા શ્રી જતીનભાઇ ચાવડાની સુપુત્રી કુ. દિવ્યાએ અખિલ ભારતીય સી.આઇ.એસ.સી. નેશનલ યોગ ચેમ્પીયનશીપમાં ફર્સ્ટ રનર્સઅપ આવેલ છે અને રાંચી જિલ્લા યોગ પ્રતિયોગીતામાં બીજું સ્થાન ટ્રેડીશનલ ચેમ્પીયનશીપમાં મળેલ છે. દિવ્યા હાલ ધો. ૮મી કક્ષામાં અભ્યાસ કરે છે. ઉપરોક્ત સિદ્ધી બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...

## અનંતની યાત્રાએ...

રાંચી (દેવળીયા) નિવાસી ધીરજભાઇ લાલજીભાઇ રાઠોડ (પૂર્વ પ્રમુખ રાંચી ઘટક) (ઉ.વ.૭૭)નું તા. ૫-૧૦-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

રાંચી (દેવળીયા) નિવાસી ગીતાબેન જયંતીભાઇ રાઠોડ (ઉ.વ.૮૨)નું તા. ૨-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર નિવાસી શ્રી હરિલાલભાઇ માંડણભાઇ રાઠોડ (ઉ.વ.૭૧)નું તા. ૧૬-૧૧-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર નિવાસી જીગીશા હિતેશભાઇ સોલંકી (ઉ.વ.૩૨)નું તા. ૧૫-૧૧-૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (કુકમા) નિવાસી શ્રી મોહિતભાઇ દિલીપભાઇ પરમાર (ઉ.વ.૩૩)નું તા. ૦૬-૧૧-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

માધાપર (કુકમા) નિવાસી આરતીબેન અરૂણભાઇ ચૌહાણ (ઉ.વ.૫૯)નું તા. ૩૦-૧૦-૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (નાગલપર) નિવાસી મંજુલાબેન અનિલભાઇ ટાંક (ઉ.વ.૭૨)નું તા. ૧૨-૯-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (કુંભારીયા) નિવાસી શૈલેષભાઇ મોહનભાઇ રાઠોડ (ઉ.વ.૫૫)નું તા. ૧૭-૯-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

દુર્ગ (હાજાપર) નિવાસી સ્વ. ચેતનાબેન મનોજભાઇ પરમાર (ઉ.વ.૬૦)નું તા. ૨૨-૦૯-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

વડોદરા (કુંભારીયા) નિવાસી ગં.સ્વ. શારદાબેન શિવલાલભાઇ રાઠોડ (ઉ.વ.૮૨)નું તા. ૯-૧૦-૨૦૨૪ના રોજે અવસાન થયેલ છે.

ભિલાઇ નિવાસી જ્યોતિબેન બાબુલાલભાઇ ટાંક (ઉ.વ.૭૪)નું તા. ૧૫-૧૦-૨૪ના રોજે અવસાન થયેલ છે.

ભિલાઇ નિવાસી શ્રી બાબુલાલભાઇ મેઘજીભાઇ ટાંક (ઉ.વ.૮૫)નું તા. ૧૦-૧૦-૨૪ના રોજે અવસાન થયેલ છે.




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

## Rathod Chambers

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750
Rajen A. Rathod - 9898 907744
Ashok A. Rathod - 9898 907740
Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# ભાવાંજલી



જન્મ
16.12.1941

રામશરણ
03.11.2024

## સ્વ. રંજનબાલા મોહનલાલભાઈ વેગડ

મૂળ વતન - કુંભારિયા | કર્મભૂમિ - સંબલપુર

ભક્તિ કરતા ભોલેનાથની, હમેંશ જપતા – ૐ નમઃ શિવાય... ૐ નમઃ શિવાય...
અમારા **માં** જીવન એવું જીવી ગયા...
હર ઘડીએ હંસતા હંસાવતા રહ્યાં – સહુના મનમાં વસી ગયા...
પરિશ્રમ એમનું કર્તવ્ય, સ્નેહ એમની શક્તિ, પરમાર્થ એમની ભક્તિ અને સ્વભાવ એમનો નિખાલસ
ઉચ્ચ વિચારો તમારા – સદૈવ રહેશે માર્ગદર્શન અમારા...
ૐ નમઃ શિવાય... ૐ નમઃ શિવાય... ૐ નમઃ શિવાય...

**સ્વ. મોહનલાલભાઈ દેવજીભાઈ વેગડ** (પતિ)

### - શ્રદ્ધાનવત શોકાકુલ -

| | |
|---|---|
| ગં.સ્વ. પિંકીબેન-સ્વ. અશોકભાઇ વેગડ | (પુત્રવધુ-પુત્ર) |
| અ.સૌ. હિનાબેન-હિતેશભાઇ વેગડ | (પુત્રવધુ-પુત્ર) |
| અ.સૌ. અવની-યશરાજ અશોકભાઇ વેગડ | (પૌત્રવધુ-પૌત્ર) |
| અ.સૌ. રિદ્ધિ-સની અશોકભાઇ વેગડ | (પૌત્રવધુ-પૌત્ર) |
| ચી. સમરિદ્ધ યશરાજભાઇ વેગડ | (પ્રપૌત્ર) |
| ચી. શિવાંશ સનીભાઇ વેગડ | (પ્રપૌત્ર) |
| અ.સૌ. વર્ષાબેન-રાજેનભાઇ રાઠોડ઼, જબલપુર | (દિકરી-જમાઇ) |
| કુ. વૈશાલી રાજેનભાઇ રાઠોડ઼, પુના | (દોહિત્રી) |
| અ.સૌ. નૂપુર-સત્યમકુમાર, લુધિયાના | (દોહિત્રી-જમાઇ) |
| કુ. પાયલ હિતેશભાઇ વેગડ, બૈંગલુરૂ | (પૌત્રી) |
| અ.સૌ.પ્રિયંકા -વિદ્યાશેખર, હૈદ્રાબાદ | (પૌત્રી-જમાઇ) |

**Res. Address**, A N Guha Lane, Sambalpur (Orissa)
Mobile : Hitesh Vegad 88956 28197, Yashraj Vegad 77188 51364

# પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ. રૂકમણીબેન રતિલાલભાઈ ટાંક

**સ્વ. તા. ૧૫/૧૨/૨૦૨૩, દેશમાં ગામ : સિનુગ્રા, હાલ મુકામ : જયપુર (રાજસ્થાન)**

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે.
તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાનેઅમો દિપાવીશું.
પરમકુપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્‌ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| સ્વ. ઓધવજીભાઈ માધવજીભાઈ રાઠોડ | પિતા | સ્વ. ગોદાવરીબેન ઓધવજીભાઈ રાઠોડ | માતા |
| સ્વ. ચૌંડાભાઈ પરબતભાઈ ટાંક | સસરા | સ્વ. વાલીબેન ચૌંડાભાઈ ટાંક | સાસુ |
| રાજેન્દ્રભાઈ રતિલાલભાઈ ટાંક | પુત્ર | મીતાબેન રાજેન્દ્રભાઈ ટાંક | પુત્રવધુ |
| સંજયભાઈ રતિલાલભાઈ ટાંક | પુત્ર | ભાવનાબેન સંજયભાઈ ટાંક | પુત્રવધુ |
| શ્રેય સંજયભાઈ ટાંક | પૌત્ર | તિથિ સંજયભાઈ ટાંક | પૌત્રી |
| ગં.સ્વ. નીતાબેન નરેન્દ્રભાઈ જેઠવા (અનુબેન) | પુત્રી | સ્વાતી ગિરીશભાઈ ચૌહાણ | પુત્રી-જમાઈ |
| ખુશીકાન્તભાઈ નરેન્દ્રભાઈ જેઠવા | દોહિત્ર | ગૌરવ ગિરીશભાઈ ચૌહાણ | દોહિત્ર |
| અનિશા ખુશીકાન્તભાઈ જેઠવા | દોહિત્રવધુ | નિકિતા ગિરીશભાઈ ચૌહાણ | દોહિત્રી |
| ખિલેશ નરેન્દ્રભાઈ જેઠવા | દોહિત્ર | | |

**સમસ્ત ટાંક પરિવાર**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. દમયંતીબેન દિપકભાઇ સોલંકી

| જન્મ | સ્વર્ગવાસ |
|---|---|
| ૨૦-૩-૧૯૬૪ | ૨૧-૧૧-૨૦૨૩ |

**મુળ ગામ : જાંબુડી, હાલ મુકામ : કુકમા (તા. ભુજ-કચ્છ)**

પરિવાર જેનું મંદીર હતું, સ્નેહ જેની શક્તિ હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી... ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, જીવન એવું જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા... આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા, સદેહે આપ અમારી સાથે નથી પણ અમારા હૃદયમાં અને ચિત્તમાં સદાય છો અને રહેશે...

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

**:: આપના પરિવારજનો ::**

સ્વ. કસ્તુરીબેન રણછોડભાઇ વરૂ (મોટી નાગલપર) (માતા-પિતા)

સ્વ. ચંપાબેન ધનજીભાઇ સોલંકી (સાસુ-સસરા)

દિપકભાઇ ધનજીભાઇ સોલંકી (પતિ)

કપિલભાઇ દિપકભાઇ સોલંકી (પુત્ર)

દિસીબેન કપિલભાઇ સોલંકી (પુત્રવધુ)

સ્વ. મોહીત દિપકભાઇ સોલંકી (પુત્ર)

નવ્યા (પૌત્રી), પ્રિત (પૌત્ર)

**તથા સમસ્ત સોલંકી પરિવાર (જાંબુડી) કુકમા**


FINANCIAL PEACE PRODUCER
TRANSFORMING STRESS IN TO PEACE

LIC INDIA
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION O

MDRT®




*आत्मिय प्रियजन,*

मैं आपका किमती समय लेना चाहता हु मेरा परिचय देने हेतु, मेरा नाम *मितेष जे. खोडियार* है। मैं अल.आई.सी., मेडीक्लेम एवं जनरल बीमा पोलीसी के माध्यम द्वारा बचत करना, बच्चो की उच्च शिक्षा हेतु बचत, रीटार्यमेन्ट पेन्सन का आयोजन एवं इनकम टेक्समे लाभ हेतु लोगो की और उनके परिवारजनोकी मदद करता हु। मैं पिछले 15 वर्षो से लगभग 1800 जीतने लोगो की और उनके परिवारजनोकी मदद करता आया हु। जिसकी S.A.U.M 48 Cr. से अधीक है। मैं मेरे अनुभव द्वारा अपने समाजके लोगो का भविष्य सुरक्षीत करना चाहता हु। कृप्या मुजे आपकी सेवा का अवसर प्रदान करने का मोका दे।

*भविष्य सुरक्षा हेतु सुझाव*

- संपूर्ण परिवार सुरक्षा बीमा
- स्वास्थ बीमा केशलेश सुविधा के साथ
- जिवनभर आय की बचत योजना
- बच्चो की उच्च शिक्षा और विवाह कि बचत योजना
- स्पेश्यल कन्यादान बीमा योजना
- पेन्शन बीमा बचत योजना
- वाहन, मकान एवं दुकान का बीमा
- करोड़पति योजना
- विदेश यात्रा बीमा

**Insurance for NRI & FNIO***

*घर बेठे आनलाईन, पेपरलेश, टाईमलेश बीमा पोलीसी की सेवा अपलब्ध है।**

STAR Health Insurance — The Health Insurance Specialist
HDFC ERGO — Take it easy!
IFFCO-TOKIO GENERAL INSURANCE — Muskurate Raho
Subscribe to my

Plot No. 104/1, Chitrakut Society, Anjar (Kutch) 370110.
+91 94298 15099 mitesh.khodiar@gmail.com
Facebook.com/insurancebimapolicy
insurance_bima_policy @InsuranceBimaPolicy
Jd Mitesh J. Khodiar Gandhidham

# ચતુર્થ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. તરૂણાબેન ભરતભાઈ પરમાર**

જન્મ તા. ૧૦-૧૦-૧૯૬૬, સ્વ. તા. ૧૩-૧૨-૨૦૨૦

દેશમાં ગામ : ચંદિઆ,

હાલ મુકામ : કોલકાતા (પ.બંગાલ)

આપનો સરળ સ્વભાવ, કુટુંબ સાથે પ્રેમ
આ સંસ્કારોની સુવાસ સૌના હૃદમાં જીવિત રહેશે.
અંજલિ માટે શબ્દો ઓછા પડે છે. આપનું દિવ્ય, દિર્ઘ અને યશસ્વી
જીવન અમોને કર્તવ્ય પરાયણતા અને સહનશક્તિ આપતું રહેશે. સદૈવ
આપના આશીર્વાદ અમારા પર વરસતા રહેશે. પ્રભુ આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**:: શોકમગ્ન પરિવારજનો ::**

| | |
|---|---|
| ભરતભાઈ હેમરાજભાઈ પરમાર | – પતિ |
| ચંદ્રકાન્તભાઈ ભરતભાઈ પરમાર | – પુત્ર |
| તનુશ્રી ચંદ્રકાન્તભાઈ પરમાર | – પુત્રવધુ |
| રેયાંશ ચંદ્રકાન્તભાઈ પરમાર | – પૌત્ર |
| વંદનાબેન શિવકુમાર રાઠોડ | – પુત્રી |
| શિવકુમાર શિવજીભાઈ રાઠોડ | – જમાઈ |
| લીજા શિવકુમાર રાઠોડ | – દોહિત્રી |
| પરમ શિવકુમાર રાઠોડ | – દોહિત્ર |

**સમસ્ત પરમાર પરિવાર**

મો. ૯૪૭૪૮૩૧૮૨૩, ૮૧૪૫૬૩૭૫૪૭


|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

**લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ**

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**

(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)



LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
Director :
Mrs. Chetna Raju Tank
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- Installation of DP Structure.
- Installation of Cables and connecting them, etc.
- Supply of Transformers and Vaccume Circuit Breaker
- Rewinding Of all types of Motors and Generators.
- Filtration and supply of Transformer Oil.
- Supply of All types of Switchgears.
- All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric · AVOCAB WIRES & CABLES · HPL The Power of Technology · connectwell THE RIGHT CONNECTION

**Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.**
**Ph. (0) +91 2836 233791 • Fax : +91 2836 233761**
**E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com**
**Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com**




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.









**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on December-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.

|| જય સીયારામ ||



# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવાર
# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. 30/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

PAN NO. AABTS 4600 B

**દાન માટે અપિલ :-**

રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી
રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી
રૂા. ૫,૦૦૦/- કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી
રૂા. ૪,૦૦૦/- નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી
રૂા. ૨,૦૦૦/- નું દાન આપનાર આજીવન સભ્યશ્રી

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

શ્રી ક.ગુ.ક્ષ. કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરવા આવનાર તમામ કન્યાઓને કન્યા છાત્રાલય તથા મહાસભાના આદ. પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી પરિવારના સૌજન્યથી નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી ઉમંગભાઈ એમ. પરમાર - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

માલિક અને પ્રકાશક : પ્રમુખ શ્રી વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, જુનાવાસ, મેઈન બજાર, પો. માધાપર, તા. ભુજ (કચ્છ), માનદ્ તંત્રી શ્રી ડૉ. મનોજભાઈ પુરૂષોત્તમભાઈ સોલંકી, ચિંતન ફાર્મ, પો. કુકમા, તા. ભુજ (કચ્છ) મો. ૯૮૭૯૯૨૮૧૦૦ વતીથી, ગાયત્રી ગ્રાફીક્સ – અંજાર ખાતે તૈયાર કરાવી, મુદ્રક : શ્રી હરિ ઓફસેટ – ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.